
॥હરિ:ૐ॥

# મોટા-મારી મા



પૂજ્ય શ્રીમોટા

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત



લેખક : શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય

॥ હરિઃ ૐ ॥

# મોટા – મારી મા

: લેખક :

પ્રતાપભાઈ ઉપાધ્યાય

: સંપાદક :

કાંતિલાલ નાવડિયા

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિ:ૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિ:ૐ આશ્રમ, સુરત, નડિયાદ.

| ❑ **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | જુલાઈ,૨૦૦૩ | ૧૦૦૦ |
| પુન:મુદ્રણ | જાન્યુઆરી, ૨૦૦૪ | ૧૦૦૦ |
| પુન:મુદ્રણ | એપ્રિલ, ૨૦૦૯ | ૫૦૦૦ |
| પુન:મુદ્રણ | એપ્રિલ, ૨૦૧૯ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૦+૧૫૧=૧૬૧

❑ કિંમત : **રૂ.** ૨૦/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિ:ૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિ:ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ટાઇટલ : **મયૂર જાની, મો. ૯૪૨૮૪૦૪૪૪૩**

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. ૯૩૨૭૦૩૬૪૧૪

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

# સમર્પણાંજલિ

જેઓ અનંત જન્મોથી પૂ. શ્રીમોટાના સાથી રહ્યા હશે અને તે જ નિમિત્તયોગે આ જન્મે પૂ.શ્રીના અંતરંગ વર્તુળમાં સ્થાન પામ્યા. પૂ.શ્રીની તમામ પ્રવૃત્તિઓમાં તન, મન અને ધનથી જોડાયા એટલું જ નહિ પણ તમામ કાર્યોમાં મોખરે રહીને પ્રેરકબળ બની રહ્યા. પૂ.શ્રીનાં પુસ્તકોનો અંગ્રેજી અનુવાદ અને પ્રકાશન કરાવી આશ્રમને ભેટ આપ્યાં, જેમને પૂ. શ્રીમોટાની પદ્ય રચનાઓ કંઠસ્થ છે અને વાતે વાતે તેનું ઉદ્‌બોધન છે અને સૌથી વિશેષ તો એકમાત્ર પૂ. શ્રીમોટાનું જ જેમને સતત સ્મરણ છે, એવા આદરણીય

**શ્રી ઈંદ્રવદનભાઈ શૅરદલાલ**

**અને**

**શ્રીમતી જયશ્રીબહેન ઈંદ્રવદનભાઈ શૅરદલાલને**

'મોટા - મારી મા' પુસ્તકની ચોથી આવૃત્તિનું પ્રકાશન પ્રેમ અને આદરપૂર્વક સમર્પણ કરતાં આનંદ અને આભાર વ્યક્ત કરીએ છીએ.

ગુરુપૂર્ણિમા સં. ૨૦૭૫ — **-ટ્રસ્ટીમંડળ,**

તા. ૧૬-૭-૨૦૧૯ — હરિઃૐ આશ્રમ, સુરત

# સંપાદકીય

થોડા વખત પહેલાં હરિઃૐ આશ્રમ, નડિયાદ જવાનું બન્યું ત્યારે યોગાનુયોગે પૂ. મોટાના અત્યંત નિકટના આત્મીયજન શ્રી ઇંદ્રવદનભાઈ શૅરદલાલ (શ્રી ઇંદુકાકા)ને મળવાનું બન્યું. સામાન્ય પરિચય થતાં તેમણે સ્વયં સ્ફુરણાથી પોતાના શ્વસુર અને પૂ. મોટાના નિકટવર્તી અનુયાયી સ્વ. પ્રતાપભાઈ ઉપાધ્યાય દ્વારા પૂ. મોટા સાથેના તેમના અનુભવો તથા કેટલીક ચિંતનકંડિકાઓનાં લખાણને સંપાદિત કરવા પ્રસ્તાવ મૂક્યો, જેનો મેં સહર્ષ સ્વીકાર કર્યો અને તેના પરિણામ સ્વરૂપ આ પુસ્તક તૈયાર કરાયું છે.

સ્વ. પ્રતાપભાઈની જે હસ્તપ્રત હતી, તેમાં તેમણે પોતાનાં લખાણનો આશય બહુ સ્પષ્ટ રીતે જણાવ્યો છે. તેઓ કહે છે, **'આ લખવા પાછળનો મારો હેતુ, સંતના સંપર્કથી વ્યક્તિના જીવનમાં અંદર બહાર કેવા કેવા વાસ્તવિક ફેરફારો થાય છે, તે રજૂ કરવાનો.'**

'...આ લખવાનો હેતુ પૂ. મોટા સાથેના મારા અંગત સંબંધનું જ વર્ણન કરવાનો નથી, પરંતુ પૂ. મોટાએ તેમની પરમ કૃપાથી મારી બુદ્ધિમાં જેટલાં સમજ અને પ્રકાશ મૂક્યાં છે તેના વડે તેમના જીવનની મહાનતાના - તેમની કૃપાથી ગુણગાન કરવાનો છે. પૂ. મોટાના જીવનને યથાયોગ્ય રીતે મૂલવવાની મારી શક્તિ નથી જ નથી, એવા સંપૂર્ણ ભાન સાથે અને કાળે કાળે જે જાણવા મળ્યું છે, તેનું જ બયાન યથાશક્તિ કરવાનો આ લખાણનો હેતુ છે.'

આ લખાણ જુદે જુદે સમયે લખાયેલું હોવાથી પ્રસંગો અને વિચારોનું પુનરાવર્તન થયેલું હતું, પરંતુ તે પુનરાવૃત્તિને દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે.

પૂ. મોટાને આપણે આ યુગના એક મહાન યોગી તથા સંતપુરુષ તરીકે ઓળખીએ છીએ. આ પુસ્તકમાં પૂ. મોટાના વ્યક્તિત્વનું એક નવું દર્શન થાય છે. પૂ. મોટા આધ્યાત્મિકતાના ઉપાસક તો હતા જ, પરંતુ અહીં આપણે જોઈ શકીએ છીએ કે તેઓ કેટલા

નિર્લેપ છતાં વાત્સલ્યસભર, કઠણ છતાં કોમળ, ત્યાગી છતાં આત્મીયજનો પ્રત્યે અત્યંત રાગી એવા એક હિતચિંતક વડીલ તરીકે તેમણે કેવી ભૂમિકા ભજવી હતી. નિરાડંબર વાણી, અકૃત્રિમ વ્યવહાર તથા ઊર્ધ્વગામી જીવનદૃષ્ટિ ધરાવતાં પૂ. મોટાએ સમાજને બેઠો કરવા ક્રાંતિકારી સંત તરીકે કેવી અનન્ય સેવા બજાવી છે, તેનો પણ ખ્યાલ આવે છે.

બીજી મહત્ત્વની બાબત છે લેખક સ્વ. પ્રતાપભાઈ ઉપાધ્યાયનું મોટા પ્રત્યેનું સમર્પણ. પૂ. મોટાના સંપર્કમાં આવ્યા ત્યાર પહેલાં પણ લેખકને આધ્યાત્મિકતાની કેડી તો તેમના ગુરુ શ્રીકૃષ્ણાત્મજ મહારાજ પાસેથી પ્રાપ્ત થઈ ચૂકી હતી, પણ પૂ. મોટાના સંપર્કનો પારસમણિ પ્રાપ્ત થતાં તેમને સાધનાપથનો રાજમાર્ગ મળી ગયો અને જીવનના અંત સુધી પૂ. મોટા તેમના માર્ગદર્શક અને હિતચિંતક બની રહ્યા. તેથી જ લેખકના પોતાના પૂ. મોટા સાથેના પ્રત્યક્ષ અને પરોક્ષ અનુભવો અને તેમાંથી નીપજતું ચિંતન તથા પોતાના ચિત્તમાંથી ઉદ્ભવતા વિચારો સાધનાપંથના યાત્રીઓને સારું એવું ભાથું પૂરું પાડશે.

લેખકનો પૂ. મોટા પ્રત્યેનો અહોભાવ અને પૂજ્યભાવ તેમને જ સમર્પિત બની રહેવામાં પરિણમે છે અને તેને જ તેઓ ‘ગોકુલવાસ’ ગણીને જીવનનો ધન્ય સમય માને છે. પૂ. મોટાના વચનમાં તેમને જે શ્રદ્ધા હતી એ ‘સંદેશ’ના તંત્રીપદના સવિનય અસ્વીકારમાં જોઈ શકાય છે. લેખકને નાનપણથી જ આખ્યાનમાં રસ હતો અને આખ્યાનકાર* તરીકે પણ તેમણે સારી હથોટી પ્રાપ્ત કરી લીધી હતી. (તે તેમણે લખેલા આખ્યાન **‘મોટા આખ્યાન’** તથા તેની ધ્વનિમુદ્રિત કેસેટના કર્ણપ્રિય ગાન તથા વિવરણ પરથી ખ્યાલ આવે છે).

પૂ. મોટાના સહવાસ દરમિયાન તેમની સાથે થયેલી ગોષ્ઠિ, વાર્તાલાપો, ચર્ચાઓ, સંવાદો તથા વિચારોને કારણે લેખક સાધકની ભૂમિકા સુધી પહોંચી શક્યા હતા અને એમણે પોતે પણ સ્વતંત્ર

* લેખકે ગાયેલું ‘મોટા આખ્યાન’ આશ્રમમાં ઉપલબ્ધ છે.

રીતે આધ્યાત્મિક બાબતો પર વિચારો રજૂ કર્યા છે, જે એ કેડી પર જવા ઈચ્છનારને અવશ્ય યોગ્ય ભૂમિકા પૂરી પાડશે. લેખક પૂ. મોટાને કારણે પૂ. મા આનંદમયી, શ્રી ગુરુદયાળ મલ્લિકજી, ડૉ. વિક્રમભાઈ સારાભાઈ, શ્રીમતી મૃણાલિનીબહેન, સંત ગુલાબસિંહ, લાહેરભાઈ વગેરેના સંપર્કમાં પણ આવ્યા હતા, તે વાતની પ્રતીતિ થાય છે.

સ્વ. પ્રતાપભાઈનાં સમગ્ર લખાણને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યું છે. આ વિભાગો નીચે પ્રમાણે છે.

વિભાગ - ૧ : **અનુભવોની એરણ પર**<br>(પૂ. મોટા સાથેના લેખકના અનુભવો)

વિભાગ - ૨ : **ચિંતનની અટારીએથી**<br>(આધ્યાત્મિકતા અંગે પૂ. મોટાના તથા લેખકના વિચારો)

વિભાગ - ૩ : **પૂ. મોટાની મહત્તા**<br>(એક વિશિષ્ટ સંત તરીકે મોટાનાં કાર્યોનો ગુણાનુવાદ)

લેખક પોતે 'સંદેશ'માં 'શ્રીકૃષ્ણ ચરણે'નું કૉલમ સંભાળતા હતા. તેથી તેમને લખવાનો મહાવરો તો હતો જ. ઉપરાંત, તેઓ આજન્મ શિક્ષક હતા. એટલે આ સમગ્ર પુસ્તકમાં લેખકની સંસ્કાર, સંયમ અને સરળતાથી સભર એવી ભાષાશૈલી કોઈપણ સહૃદયીને સ્પર્શી જાય તેવી છે.

સંપાદન કાર્ય નિમિત્તે પૂ. મોટાના પરોક્ષ સંપર્કમાં આવવાનું બન્યું તે માટે ધન્યતા અનુભવું છું અને આ તક પૂરી પાડવા માટે શ્રી ઇંદ્રવદનભાઈ શૅરદલાલનો હૃદયપૂર્વક આભાર માનું છું.

શ્રીમતી સોનલ હરિ તથા શ્રીમતી સ્નેહા ભગીરથ, સ્વ. યોગેશભાઈની સ્મૃતિમાં આ પુસ્તક પ્રસિદ્ધ કરી રહ્યા છે, જે સ્વ. પ્રતાપભાઈના જીવનકાર્યને અનુરૂપ સાચી શ્રદ્ધાંજલિ બની રહેશે.

(પ્રથમ આ.) **– કાંતિલાલ નાવડિયા**

## બીજી આવૃત્તિ વેળાએ....

**'મોટા - મારી મા'** પુસ્તકની બીજી આવૃત્તિ ખૂબ જ ટૂંકા ગાળામાં પ્રસિદ્ધ થઈ રહી છે, એ આનંદની વાત છે.

સ્વ. પ્રતાપભાઈ ઉપાધ્યાય દ્વારા પૂ. મોટાની મહત્તા તથા આધ્યાત્મિક બાબતો અંગેની રજૂઆત અત્યંત સ્વાભાવિક અને રોચક છે. તેથી, આ પુસ્તકને ચોમેરથી સારો આવકાર મળ્યો છે. વર્તમાનપત્રો અને ટપાલ દ્વારા તેની પ્રશંસા પણ થઈ છે. વળી, દેશમાં અને અમેરિકામાં વસતા ભાવિકો તરફથી પણ આ પુસ્તકની માગણી થયા કરતી હતી. તેથી, આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ રહી છે. આ આવૃત્તિમાં થોડાક આવશ્યક ફેરફાર કરેલા છે. અન્યથા અક્ષરશઃ તેનું પુનઃમુદ્રણ છે.

આ આવૃત્તિના પુનઃમુદ્રણમાં પણ શ્રી ઈંદ્રવદનભાઈ શૅરદલાલના પરિવારજનોએ નાણાકીય જવાબદારી ઉપાડી છે, તે બદલ તેમનો આભાર માનું છું.

જાન્યુઆરી, ૨૦૦૪ — **કાંતિલાલ નાવડિયા**

**... પૂ. મોટાએ એક પત્રમાં મને લખ્યું, 'પ્રતાપભાઈ તમે પડી રહેવા માટે જન્મ લીધો નથી.' આ શબ્દોએ મારા જીવનમાં જે રસ અને ઉત્સાહ પૂર્યા છે, તેવા બીજા કશાએ પૂર્યા નથી. આ શબ્દો મારા અંતરંગમાં - ભીતરમાં ઘેરા અવાજે ગુંજે છે.**

**— પ્રતાપભાઈ ઉપાધ્યાય**

# નિવેદન - ત્રીજી આવૃત્તિ વેળાએ....

સંતપુરુષના સંપર્કથી માનવીના જીવનનું વહેણ કઈ રીતે બદલાય છે, નિમિત્તયોગે વિવિધ અનુભવોની એરણ પર માનવી કઈ રીતે ઘડાય છે અને શ્રીસદ્‌ગુરુની કૃપા થકી જીવનમાં કેટકેટલું પામી શકાય છે, એ હકીકતે શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય આ પુસ્તકમાં વ્યક્ત થયા છે. પૂ. શ્રીમોટા સાથે સંપર્કમાં આવ્યા બાદ તેમણે પોતાના ગુણદોષને નિર્દોષ ભાવે જાહેર કર્યા છે. જીવનમાં શ્રીસદ્‌ગુરુ પ્રત્યે સમર્પણ અને શરણાગત કેળવી શકાય અને થોડો સરખોયે પુરુષાર્થ કરી શકીએ તો 'गुरु कृपा ही केवलम्'નો સાક્ષાત્ જીવંત અનુભવ થાય. શ્રીસદ્‌ગુરુ આપણાં પ્રાણ અને પ્રકૃતિને મઠારીને ઉચ્ચ સાત્ત્વિક ભૂમિકામાં અને ત્યાંથીયે ઊર્ધ્વ માર્ગે આંગળી પકડીને દોરી જાય છે, તેનું સ્પષ્ટ દર્શન આ પુસ્તકમાં થાય છે.

જીવનના નાજુક પ્રસંગોએ 'મન' સંપૂર્ણપણે આંતરિક શાંતિ, સંતોષ અને આનંદની ભૂમિકામાં ટકી શકે એ જ સાચો જીવનવિકાસ છે. જીવનમાં ભક્તિ અને વ્યાવહારિકતાનો સમન્વય, ફરજપાલન સાથે નિર્લેપપણે જીવવાનો મહાવરો, સચોટ નિર્ણય શક્તિ - આ સર્વ પૂ. શ્રીમોટાના સંગ થકી જ તેઓ પામ્યા. પૂ. શ્રીમોટાએ 'શ્રીસદ્‌ગુરુ' પુસ્તકમાં શ્રીહરિની કલમે, શ્રીહરિના ગુણગાન ગાયાં છે. આખાયે વિશ્વમાં 'શ્રીસદ્‌ગુરુ' ઉપર આવી ઉત્તમોત્તમ ભાવોર્મિ ભાગ્યે જ વ્યક્ત થઈ હશે. તે પુસ્તક પણ શ્રી પ્રતાપભાઈના નિમિત્તે લખાયું એટલું જ નહિ પૂ. શ્રીમોટાએ પુસ્તકની પ્રસ્તાવના પણ તેમની પાસે જ લખાવડાવી. સુજ્ઞ વાચકોને 'શ્રીસદ્‌ગુરુ' પુસ્તકનો અભ્યાસ કરવા નમ્ર વિનંતી છે.

'મોટા - મારી મા' સંપૂર્ણપણે અનુભવોની વર્ણન કથા છે. જે જે વાચક પોતાની રીતે સરળ અને અત્યંત ગૂઢ એવું મૂલ્યાંકન કરશે તે તે સ્પષ્ટતાથી સમજીને ઘણું ઘણું પામી શકશે એવી અમારી નમ્ર ભાવના છે.

શ્રી ઈંદ્રવદનભાઈ શૅરદલાલ તથા શ્રીમતી જયશ્રીબહેન શૅરદલાલે પ્રેમપૂર્વક અમોને આ પુસ્તકના પુનઃમુદ્રણની મંજૂરી આપી છે, તે બદલ અમો તેમનો અને તેમના સમગ્ર પરિવારનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

ગુરુપૂર્ણિમા સં. ૨૦૭૫ **-ટ્રસ્ટીમંડળ,**
તા. ૧૬-૭-૨૦૧૯ હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમણિકા

**વિભાગ - ૧ : અનુભવોની એરણ પર ............................ ૧**
(પૂ. મોટા સાથેના લેખકના અનુભવો)
**વિભાગ - ૨ : ચિંતનની અટારીએથી ............................ ૬૮**
(આધ્યાત્મિકતા અંગે પૂ. મોટાના તથા લેખકના વિચારો)
**વિભાગ - ૩ : પૂ. મોટાની મહત્તા ........................... ૧૨૧**
(એક વિશિષ્ટ સંત તરીકે પૂ. મોટાનાં કાર્યોનો ગુણાનુવાદ)

●

## એક અનુભૂતિ

મારા જીવનમાં જ્યારે કોઈપણ મુશ્કેલી ઊભી થાય - અભ્યાસ અંગેની યા અન્ય કોઈ જેવી કે જાહેર સંસ્થાઓની અથવા શાળાઓની જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લેતી હોઉં અને આત્મવિશ્વાસ ડગુંમગું થતો હોય તેવા સમયે પૂ. મોટાએ પ્રચલિત કરેલ મહામંત્ર 'હરિઃૐ'નું રટણ કરું અને પૂ. મોટાનું સ્મરણ કરું કે તરત જ પૂ. મોટાની હાજરીની અનુભૂતિ થાય અને મારી મુશ્કેલીનું નિવારણ થાય છે. પૂ. કાકાશ્રી ભગીરથભાઈ વગેરે કે જેઓએ પૂ. મોટાનું સાંનિધ્ય ખૂબ જ નજીકથી માણ્યું છે, તે બધાંના જીવનમાં પૂ. મોટાના સાંનિધ્યમાં ગાળેલ પ્રત્યેક ક્ષણની કેવી સુખદ સ્મૃતિઓ કંડારાયેલી હશે, તે વિચાર માત્રથી આનંદવિભોર થઈ જાઉં છું !

મારા જેવી જેને પૂ. મોટાનું પ્રત્યક્ષ સાંનિધ્ય નસીબવંતું થયું નથી તેને પણ આ વડીલોના આશીર્વાદથી પૂ. મોટાની અનુભૂતિઓનો વારંવાર અનુભવ થયો છે, તો આ વડીલોના જીવનભાથામાં સંઘરાયેલ અનુભૂતિઓના મહાસાગરનું તો પૂછવું જ શું ?

**— પારિજા હરિ**

(ગુરુકૃપા, ટાઉન હૉલ, પાછળ, અમદાવાદ-૬)

# વિભાગ-૧ : અનુભવોની એરણ પર...

## પૂ. મોટા સાથેના લેખકના અનુભવો

### આશ્રમનિવાસ

૧૯૪૨ના જૂનમાં હું સત્યાગ્રહ આશ્રમમાં શિક્ષક તરીકે જોડાયો. અમારા શિક્ષક મંડળમાં શ્રી વજુભાઈ જાની નામના એક શિક્ષક હતા. તેઓ સંસ્કૃત વિષય સાથે એમ.એ. થયેલા હતા. થોડા જ દિવસોમાં મારે તેમની સાથે દોસ્તી થઈ ગઈ. વાતવાતમાં એમની પાસેથી પૂ. મોટા - શ્રી ચૂનીલાલ ભગતનું નામ સાંભળ્યું. તેમની પાસેથી મેં પ્રથમવાર સાંભળ્યું કે પૂ. મોટા ઊંઘતા હોય તોપણ તેમનું નામસ્મરણ ચાલુ હોય છે. કર્મ કરતાં કરતાં, તેમાં પૂર્ણ એકાગ્ર રહેવા છતાં નામસ્મરણ પણ સાથે ચાલ્યા જ કરી શકે તેવું તેમની પાસેથી સાંભળ્યું.

મને પણ આધ્યાત્મિક જીવનમાં રસ હતો. અમારી દોસ્તી જામી ગઈ. અમે શનિવારે રાતે મોડે સુધી નામસ્મરણ, ભજનાદિ કરતા. જાણવા મળેલું કે પૂ. મોટા મોટે ભાગે કરાંચીમાં રહેતા હતા અને વર્ષમાં એકાદવાર અમદાવાદ ખાતે સાબરમતી આશ્રમમાં તેમના ભક્ત શ્રી નંદુભાઈ શાહને ઘેર આવતા અને રહેતા.

### પૂ. મોટાનું પ્રથમદર્શન

એક દિવસ સાંભળ્યું કે પૂ. મોટા, શ્રી નંદુભાઈને ત્યાં પધાર્યા છે. હું તરત જ તેમને મળ્યો. નમસ્કાર કર્યા. તેઓ નિખાલસપણે મારી સાથે વાતો કરવા લાગ્યા. તેમણે મારા ગુરુ સ્વામીજી સાથેના મારા સંબંધની વાતો પૂછવા માંડી. મેં પણ નિખાલસતાથી શરૂથી અંત સુધીની વાત તેમને જણાવી.

તેઓ મારી વાતો ખૂબ રસપૂર્વક, ગંભીરતાથી સાંભળતા હતા. જ્યારે મેં કહ્યું કે મારા ગુરુએ મને કહ્યું છે કે **‘હું તારી સાથે જ છું’** ત્યારે પૂ. મોટાએ મારા હાથ પકડી લીધા અને આંખમાં આંસુ સાથે ગદ્‌ગદ અવાજે કહ્યું, **‘ભઈલા ! આ ખાલી શબ્દો નથી. સો ટકા વાસ્તવિકતા છે.’**

પૂ. મોટાએ પોતે પણ પોતાના ગુરુ સાથેની પ્રથમ મુલાકાતની વાત કરી. પૂ. મોટાએ તેમના ઊંડા પ્રેમથી મને સંપૂર્ણ જીતી લીધો.

તે વખતે પૂ. સ્વામીજી શરીરમાં વિદ્યમાન હતા. ‘ગીતાદોહન’ના ઉદ્‌ઘાટન પ્રસંગે પૂ. મોટા સુરતમાં હતા અને સાંજની સભામાં પણ તેઓએ હાજરી આપી હતી.

## પૂ. મોટા સાથે હૃદયનો સંબંધ

પૂ. મોટા સાથે હૃદયનો સંબંધ જોડાયા પછી મને પૂ. મોટામાં અને મારા શ્રીસદ્‌ગુરુમાં ભેદ કદી લાગ્યો નથી. પૂ. મોટા મને ખૂબ ભાવથી પણ માનથી સાચવતા. મને હંમેશાં પોતાની પાસે બેસાડતા. તેઓ સારી પેઠે જાણતા હતા કે મારા શ્રીસદ્‌ગુરુ શ્રીકૃષ્ણાત્મજ મહારાજ છે. આ અરસામાં એકવાર મને એક વિશિષ્ટ પ્રકારનું સ્વપ્ન આવ્યું. હું એક ઓટલા પર બેઠો છું. પૂ. મોટા ખૂબ માન અને ભાવપૂર્વક મારું પૂજન કરે છે. આ સ્વપ્નમાં જ હું ચોંકી ઊઠ્યો અને પૂ. મોટાને ગદ્‌ગદ સ્વરે મેં કહ્યું, ‘મોટા ! મારે આ માન અને આદર ન જોઈએ. હું તો આપનાં ચરણની રજ છું. મને માન નહિ, વૈરાગ આપો.’ હું તે સ્વપ્નથી સમજી ગયો કે પૂ. મોટા મારી માન-આદરની ભૂખ પૂરી પાડી મને ચેતાવે છે.

ત્યાર પછી પૂ. મોટા મને ભલે ગમે તેવા માન-આદરથી રાખે પણ મેં તો તેમની સાથે શ્રીસદ્‌ગુરુ સાથે હોય તેવો નમ્ર, દીનભાવ જ છેક સુધી જાળવી રાખ્યો. આમ છતાં તેમની હાજરીમાં જે વાતચીત થાય તેમાં તેઓશ્રીની વાત સંપૂર્ણ આદરભાવે સાંભળું, પણ મને તેમાં જે કંઈ સૂઝે તે હું કહ્યા વિના રહેતો નહિ.

પૂ. મોટા પાસેથી મેં સાંભળેલું કે તેમને તેમના ગુરુદેવનાં પ્રત્યક્ષ દર્શન થયેલાં. પૂ. મોટાને એક દિવસ મેં કહ્યું, 'મોટા ! હું જ્યારે મારા ગુરુદેવની વિશિષ્ટ હાજરી માટે પ્રાર્થું છું ત્યારે તે જ દિવસે જીવનમાં ભારે ઝંઝાવાત શરૂ થાય છે. નજીકનાં સ્વજનો મારાથી ઉન્મુખ થઈ જાય છે. મારા સ્વભાવમાં ભારે ઉગ્રતા જાગી ઊઠે છે. જ્યારે આખરે મને ભાન થાય કે 'માત્ર બ્રહ્મ જ ભગવાન સત્ય છે' ત્યારે પાછું વાતાવરણ શાંત થાય.'

પૂ. મોટા મને સાવ સ્વાભાવિક રીતે જ કહે, 'હવે એવી પ્રાર્થના ન કરતો.'

આ પછી હું જ્યારે મારા શ્રીસદ્‌ગુરુનું સ્મરણ વિશેષ રીતે કરું ત્યારે અને તે દિવસે મને સ્વપ્નમાં પૂ. મોટાનાં જ દર્શન થતાં. મેં પૂ. મોટાને આ વાત કરેલી. ત્યારે તેઓ કહે, 'સાચી વાત છે.'

એક વખત પૂ. મોટા સાથે સાંજે બેઠો હતો. તે વખતે કંઈક નિમિત્ત ઊભું થતાં પૂ. મોટા ત્યાં તે વેળા બેઠેલા એક ભાઈના ઉપર અતિ ઉગ્રપણે ઊતરી પડ્યા. વાતાવરણ ભારે થઈ ગયું. થોડીવાર ત્યાં બેસી રહી પછી હું, પૂ. મોટાને નમસ્કાર કરી ઘેર ગયો.

ઘેર ગયાને થોડીવાર થઈ એટલામાં પૂ. મોટા સાઈકલ પર બેસી ઉતાવળે મારે ઘેર આવ્યા અને મને લઈને સાબરમતીના ઓવારા નીચે એક ઓટલા પર લઈ ગયા.

તેમણે મને કહ્યું, 'મેં પેલા ભાઈ પર ઉગ્રતા બતાવી તેની તારા પર અસર થઈ હશે. તને થતું હશે મોટાએ શા માટે આવો ક્રોધ કર્યો હશે ? પણ આવો કોઈ ખ્યાલ કરવો નહિ.' આમ કહી પૂ. મોટાએ પોતાના ગુરુનો એક પ્રસંગ મને કહી સંભળાવ્યો. પૂ. મોટાના જીવનના ઘણા ઘણા મહત્ત્વના પ્રસંગો હવે તો જગજાહેર છે એટલે હું તે પ્રસંગના લંબાણમાં નહિ પડું. આ એ પ્રસંગ છે કે જ્યારે પૂ. મોટાને તેમના ગુરુ શ્રીઅવિનાશ બાલયોગીએ દૂર ચાલ્યા જતા એક માણસ તરફ પથરો ફેંકવા આજ્ઞા આપી હતી. પછી એ માણસે નજીક આવી પૂ. બાલયોગીજીને જોઈને એકરાર કર્યો કે તે, તે વખતે ખૂન કરવા જઈ રહ્યો હતો.

આ પ્રસંગ કહી પૂ. મોટાએ કહ્યું, **'સંત, શ્રીસદ્‌ગુરુ કયે વખતે, કોને, કયા હેતુ માટે કંઈ કહે છે તેની આપણને ખબર નથી હોતી. આથી, આપણે શ્રીસદ્‌ગુરુના વચનના અને વર્તનના કાજી થવું ન જોઈએ.'**

## કસોટી

એક વખત પૂ. મોટા એક સરકારી ઑફિસરને ઘેર ઊતર્યા હતા. હું ત્યાં તેમને મળવા ગયો હતો. પૂ. મોટાએ મને ભજનો ગાવાનું કહ્યું. તે દિવસે મેં પૂ. મોટાને કેટલીક ગઝલો સંભળાવી. આમાંની એક ગઝલ સાંભળીને પૂ. મોટા ખૂબ ખુશ થયા અને મને આ ગઝલો છપાવી નાખવા માટે

પૂ. નંદુભાઈને મને એક હજાર રૂપિયાનો ચેક આપવા સૂચના આપી. આ ગઝલ આવી હતી-

*કભી ના કિસી સે, ટકરાના અચ્છા,*
*સભી કો ગલે સે હી લગા લેના અચ્છા.*
*કિસી કો બૂરા તૂ કૌન કહનેવાલા*
*આયને મેં ખુદ કો હી દેખ લેના અચ્છા,*
*દેખ કોને કોને મેં ખુદા હી ખુદા હૈ,*
*નજર કી બીમારી કો સમજ લેના અચ્છા,*
*અગર સાફ હો જાયે, ગંદકી ખુદ કી,*
*ખુદા નાખુદા* હૈ, જાન લેના અચ્છા.*

આ ગઝલમાં પાછળનો પ્રસંગ મેં પૂ. મોટાને કહી સંભળાવ્યો. એપ્રિલ માસ હતો. ૧૪મી એપ્રિલે સવારે શાળાએ જતાં પહેલાં આ ગઝલ લખાઈ. તે દિવસે શાળાની પ્રાર્થનામાં આ ગઝલ મેં ગાઈ.

તે સાંજે કસોટી થઈ. આશ્રમના મારા એક ત્રીસ વર્ષના પુરાણા સ્નેહી સાથીના પુત્રને મારા પુત્ર સાથે કોઈ કારણસર વઢવાડ થઈ હશે. એટલે મારો પુત્ર સાંજે સાઈકલ પર ઘેર આવતો હતો ત્યારે ચાર પાંચ જણે ઘેરીને સખત માર માર્યો. તે જેમ તેમ ઘેર આવ્યો. તપાસ કરતાં ખબર પડી કે તેને કિડ્ની ઉપર જ માર પડ્યો હતો. તે પોતે અસહાય હાલતમાં માર ખાઈને આવ્યો હતો એટલે ખૂબ ઝનૂની જુસ્સામાં હતો. મેં તેને પ્રથમ તો દવાખાને મોકલી દવા કરાવી. આ વખતે સૌ પડોશી, મિત્રો, મારા પુત્રો વગેરે મને તત્કાળ પોલીસમાં ફરિયાદ

---

* રાહબર, સુકાની, વહાણ ચલાવનાર

નોંધાવવા આગ્રહ કરી રહ્યા હતા. મારા મિત્રનો આ પુત્ર આવાં તોફાનો માટે નામીચો બની ગયો હતો એટલે સૌ પોતાના ઝનૂનને માર્ગ આપવા મારા આ કિસ્સાનો ઉપયોગ કરી લેવા માગતા હતા.

મને વિચાર થયો, 'આ તોફાની છોકરાના પિતા સજ્જન છે અને મારા શરૂઆતથી મિત્ર છે. બન્યું તે ખોટું થયું, પણ મારે મિત્રને મુશ્કેલીમાં મૂકવાનું બીજું ખોટું કામ શા માટે કરવું ? આ છોકરાઓ ગઈ કાલ સુધી સાથે રમતા હતા. કંઈ કારણથી ઝઘડી પડ્યા છે. કાલે પાછા રમશે.' મેં કંઈ જ કર્યું નહિ. ઘણા દિવસો સુધી મારા પુત્રો મારા પર નાખુશ રહ્યા.

મને સમજાયું કે સવારે લખાયેલી ગઝલે સાંજ સુધીમાં મારી કસોટી પણ કરી લીધી. નજીક કે દૂરના ભાવિમાં બનતા બનાવોમાં કેવું વલણ રાખી વર્તવું જોઈએ તેનાં આગાહી અને સૂચનો મને મારાં ઘણાં ગીતો દ્વારા મળ્યાં છે.

પૂ. મોટા આ ગઝલ સાંભળી પોતાની બેઠક પર કેવા ભાવથી, કેટલા ઉલ્લાસથી ઊછળ્યા હતા અને તાલીઓ પાડી મોટે મોટેથી બોલતા હતા, 'કભી ના કિસી સે ટકરાના અચ્છા' આ દૃશ્ય કદીએ ન ભુલાય તેવું હતું.

આ ગઝલનો પ્રસંગ મેં એટલા માટે અહીં રજૂ કર્યો છે કે પૂ. મોટા સૌ સાથે – સગાંવહાલાં, પડોશીઓ, સાથી કાર્યકરો સાથે સુમેળથી વર્તવું એને પણ જીવંત જીવન સાધનાનો જ ભાગ ગણતા હતા.

## ગુરુદયાળ મલ્લિકજી

પૂ. મોટા આશ્રમમાં હતા, તે અરસામાં પૂ. ગુરુદયાળ મલ્લિકજી, જેમને અમે સૌ 'ચાચાજી' તરીકે બોલાવતા તે પૂ.

મોટાના મહેમાન તરીકે શ્રી નંદુભાઈને ઘેર પધાર્યા. પૂ. મોટાએ મને સંદેશો મોકલ્યો. હું સાંજે શાળા છૂટી એટલે તરત ત્યાં ગયો. પૂ. મોટાની સાથે હીંચકા પર પૂ. ચાચાજી બેઠા હતા. ખાદીનો ઝભ્ભો અને પાયજામો પહેરેલાં. સફેદ દાઢી ફરફરતી હતી. રતૂમડો શ્વેતવર્ણ, તેમની અસાધારણ પ્રતિભા વર્તાતી હતી.

પૂ. મોટાએ મને પૂ. ચાચાજીની ઓળખાણ કરાવી. એકાંતમાં મને તેમની આધ્યાત્મિક પ્રતિભાનો પણ ખ્યાલ આપ્યો. તેઓ સાચવવા અને સેવવા યોગ્ય વ્યક્તિ છે તેવી ચોક્કસ સૂચના પણ મને આપી.

વહેલી સવારે તેમની પાસે આવી બેસવા મને સૂચના આપી. બીજે દિવસે સવારે હું તેમની પાસે ગયો. નદી કિનારે લૉબીમાં અમે મૌન બેઠા. ઠીક ઠીક સમય સુધી અમે બેસી રહ્યા.

આખરે શાળાની પ્રાર્થનામાં પધારવા તેમને મેં આમંત્રણ આપ્યું. તેમણે શાળામાં આવવાનું આમંત્રણ સહર્ષ સ્વીકારી લીધું.

શાળાની પ્રાર્થનામાં ભાગ લઈ હું તેમને પૂ. મોટા પાસે પાછા મૂકવા જતો હતો ત્યારે રસ્તામાં ઊભા રહી, મારો હાથ પકડી તેઓ બોલ્યા, 'હું તમને દર બુધવારે યાદ કરું છું.' આ શબ્દો સાંભળી હું અંદરખાને સ્તબ્ધ બની ગયો. હું તેમને જિંદગીમાં પ્રથમવાર જ મળતો હતો. તેઓ મને ઓળખતા ન હતા. છતાં દર બુધવારે મને યાદ કરતા, તે વાતમાં મને ઘણું ગૂઢ રહસ્ય લાગ્યું. મારા પરમ સૌભાગ્ય માટે મને આનંદ થયો.

તે વખતે તો તેઓ બે ત્રણ દિવસ રહી પાછા ગયા. પણ ત્યાર પછી તો તેઓ દર વર્ષે અમારા શિક્ષક નિવાસમાં પધારવા લાગ્યા. એક વખત તેઓ સદ્‌ગત શ્રી વિમળાબહેન પટેલને ઘરે ઊતર્યા. તેઓ શાંતિનિકેતનનાં વિદ્યાર્થિની હતાં. પછી તેમને ઘરની અગવડ હતી એટલે અમારી સાથે અમારે ઘેર રહેવા લાગ્યા.

પૂ. મોટાએ મને કહ્યું, ‘પૂ. ચાચાજીની સેવા એ મારી જ સેવા છે. તેમને બરાબર સાચવજો અને તેમનો પૂરતો લાભ લેજો.’

આ રીતે પૂ. ચાચાજી એ પૂ. મોટાની જ ભેટ હતી. સંતોને સાચી રીતે ઓળખાવનાર સંત જ જોઈએ. એમ ને એમ આપણે ઓળખી શકતાં નથી. પૂ. મોટા તેમની પાસે આવનારાંઓને પુરુષાર્થ ઉપર જ વધારે ઝોક દેવાનું સૂચવતા. ઘણાએ સમકાલીન સંતો કૃપા ઉપર વધારે ઝોક આપતા હતા. દાખલા તરીકે પૂ. સ્વામી રામદાસજીએ કહ્યું છે, **‘પુરુષાર્થની જરૂર એટલા પૂરતી છે કે તેથી માણસ જાણી શકે કે પુરુષાર્થમાત્રથી કંઈ જ બની શકતું નથી.’**

## ભક્તિભાવની ચરમસીમા

પૂ. મોટા આત્મનિવેદનની ભક્તિનું બહુ જ મૂલ્ય કરતા. એક એવો ગાળો આવ્યો હતો, જ્યારે પૂ. મોટા તરફ ભાવભક્તિનું પૂર ઊમટ્યું હતું. એક વખત પૂ. મોટા મારે ઘેર આવી બેઠા હતા. એ વખતે મારા સંસ્કૃતના ગુરુ પૂ. અનંતકૃષ્ણ દવે મહેમાન હતા અને બેઠા હતા. પૂ. મોટા માટે મારાં પત્ની ચા લાવ્યાં. પૂ. મોટાએ ચા પી લીધી અને પછી

તે ખાલી પ્યાલામાં પૂ. મોટાએ પાણી મંગાવી કૉગળા કર્યા. આ બધું બની રહ્યું હતું તે વખતે મારી ભીતરમાં ભાવની ભરતી ઊભરાતી હતી. આ બધી અંદરની લીલા હતી. જેવા પૂ. મોટાએ કૉગળા પૂરા કર્યા કે તરત તે પ્યાલો ઉપાડી જરાપણ સૂગ વિના હું પી ગયો. આ વેળા પૂ. મોટા એવા પ્રચંડ ભાવમાં આવી ગયા અને સ્થિર અનિમેષ નયને ભાવસમાધિમાં ઊતરી ગયા. ઠીક ઠીક સમય પછી તેઓ તેમાંથી બહાર આવ્યા. હું તેમને નમસ્કાર કરવા ગયો અને તેઓ પ્રચંડ ભાવથી ભેટી પડ્યા.

**એક કરુણ ઘટના**

સન ૧૯૫૨માં એક ઘટના બની ગઈ. રવિવારનો દિવસ હતો. મારો સૌથી મોટો પુત્ર સી.એન. વિદ્યાલયમાં ભણતો હતો. તે દિવસોમાં વાહનોની બહુ સગવડ ન હતી. મારો આ પુત્ર બીજા મિત્રો સાથે આશ્રમથી છેક સી.એન.વિદ્યાલય સુધી ચાલતો ચાલતો ભણવા જતો. એક રવિવારે તેને પહેલાં કંઈક કબજિયાત જેવું લાગ્યું તેથી વિલાયતી મીઠાનો રેચ લીધો. સાંજ સુધીમાં પેટ સાફ થયું અને તે રાતે સાદું ભોજન લઈ સૂઈ ગયો. હું મોડે સુધી ‘સંદેશ’નું કામ કરતો રહ્યો અને પછી સૂવા માટે લાઇટ બંધ કરવા સ્વિચ બંધ કરવા ગયો. તે વખતે સ્વિચ બોર્ડ પાસે એક અલમારી હતી. તેમાં મેં વિક્સ બામની બાટલી જોઈ. આ બાટલી જોઈ એટલે મેં માનસિક નોંધ લીધી કે બામ અહીં છે. જરૂર પડે તો કામ લાગશે.

હું ત્યાર પછી સૂઈ ગયો. સવારે લગભગ પાંચના સુમારે મેં સ્વપ્નમાં મારા ગુરુનાં દર્શન કર્યાં. હું તેમને પગે લાગવા

ગયો એટલે તેઓ બોલ્યા, ‘વહ ઠીક હૈ, ઉસકો કૈસા હૈ ?’ મેં પૂ. સ્વામીજીને પૂછ્યું, ‘આપ કોના વિશે પૂછો છો ? કોઈ માંદું તો નથી.’ તેઓ ફરી બોલ્યા, ‘ઉસકો કૈસા હૈ ?’ આમ વાતચીત થઈ એટલે હું જાગી ગયો. મારાથી થોડે દૂર મારો પુત્ર સૂતો હતો. તેનો શ્વાસ ભારે જોરથી અવાજ સાથે ચાલતો મેં સાંભળ્યો. હું એકદમ ઊઠી તેની પાસે ગયો અને તેને ઢંઢોળીને પૂછ્યું, ‘નીતિન ! તને કેમ છે ?’ નાડી જોરથી ચાલતી હતી. હૃદય ઊછળતું હતું. તે સફાળો જાગ્યો અને બોલ્યો, ‘મને કંઈ નથી. સારું છે.’ તે બેહોશી (stupor) માંથી જાગતો હોય તેવું મને લાગ્યું. તેના અવાજ ઉપરથી લાગ્યું કે તેનાં નસકોરાં શરદીથી બંધ થઈ ગયાં હતાં. મેં એકદમ અંધારામાં જ ઊભા થઈ સૂતી વખતે જોયેલી અલમારીમાં પડેલી વિક્સની બાટલી લીધી. બામ તેનાં બન્ને નસકોરાંમાં ભરી દીધો. થોડીવારમાં તેનું નાક સાફ થઈ ગયું. શ્વાસ સ્વાભાવિક થઈ ગયો અને તે નિરાંતે સૂઈ ગયો.

પણ તેણે મારી તો ઊંઘ ઉડાડી દીધી. મને થયું કે આને હૃદયની કોઈક ગંભીર બીમારી લાગે છે. વળી, સ્વપ્નમાં મારા ગુરુએ મને આ ભાન કરાવ્યું. હું પછીનો વખત ઊંડા સ્મરણમાં બેસી રહ્યો. મને થયું, ‘જેણે મને ભાન કરાવ્યું છે તે જ ઉપાય પણ સુઝાડશે.’

સવાર થયું. પૂ મોટા ત્યારે આશ્રમમાં જ હતા. હું તેમને મળવા ગયો. મેં તેમને સવારે બનેલી વાત વિગતવાર કહી સંભળાવી. પૂ. મોટા ગંભીરભાવે બોલ્યા, ‘ભઈલા ! એને આપણે ભગવાનનો ભાવ આપવો. ભગવાને આપણને

ચેતવણી આપી છે તો રસ્તો પણ તે જ બતાવશે.' હું પૂ. મોટાના શબ્દોનો મર્મ અંદર પામી ગયો.

૧૫-૧૬ વર્ષનો છોકરો, ભણવાનો ઉત્સાહી. મારી ઊંઘ ઊડી ગઈ. થાકીને રાતે આંખ મળી જાય, પણ થોડીવાર ફરી ઝબકીને જાગી ઊઠું. ભગવાનનું ધ્યાન અને સ્મરણ કર્યા કરું.

એકાદ દિવસ પછી સી.એન. વિદ્યાલયનાં મારા પુત્રનાં શિક્ષિકા પૂ. મોટાને મળવા આવ્યાં. વાતવાતમાં તેમણે પૂ. મોટાને કહ્યું હશે કે આશ્રમનો એક નીતિન નામનો છોકરો મારા વર્ગમાં ભણે છે, પણ હમણાં તે આવતો નથી. પૂ. મોટાએ તરત મને તેડાવ્યો. શ્રી કુસુમબહેન દર પંદર દિવસે ખંભાતથી આવતાં. એક હોમિયોપથીના ડૉક્ટરની વાત કરી. હૃદયરોગની બીમારીમાંથી હોમિયોપથીની દવાઓ ઘણી કામયાબ નીવડે છે.

શિક્ષિકાબહેન શ્રી કુસુમબહેનના ગયા પછી પૂ. મોટાએ મને કહ્યું, 'નીતિનને આ હોમિયોપથી ડૉક્ટર પાસે લઈ જાઓ અને તેની દવા કરો.'

આ સૂચના અનુસાર ૨૯મી માર્ચે હોમિયોપથી ડૉક્ટર પાસે ગયા. મારી સાથે શ્રી નંદુભાઈનાં પત્ની કાંતાબહેન પણ આવ્યાં હતાં.

ડૉક્ટરે નીતિનને તપાસ્યો. દવા આપી. પછી મને એકલાને કહ્યું, 'આ કેસ બગડી ગયેલો છે. આશા જેવું નથી. પણ હું દવા બરાબર કરીશ.'

પૂ. મોટાના શબ્દોથી મને જ ઊંડું સમજાઈ ગયું હતું તે પાકું થઈ ગયું.

તેને નિશાળ બંધ કરાવી. આનું તેને ઘણું દુઃખ લાગ્યું.

હોમિયોપથી દવાની અસર ઘણી સારી થઈ. તેને ફરી શ્વાસ કે એવી કોઈ તકલીફ જણાઈ નહિ.

પૂ. મલ્લિકજી - ચાચાજી - દર વર્ષની જેમ અમારે ત્યાં પધાર્યા. તેમણે બધી વિગત સાંભળી. એક દિવસ મારો પુત્ર બાથરૂમમાં સ્નાન કરતાં કરતાં ગાતો હતો, 'મારો હંસલો નાનો ને દેવળ જૂનું થયું.' હું, પૂ. ચાચાજી બાસે બેઠો હતો. તેઓ પણ આ ગીત આંખો મીંચી સાંભળતા હતા. હું આ ગીત સાંભળી રડી પડ્યો. પૂ. ચાચાજીએ મને ઘણું આશ્વાસન આપ્યું.

મારો પુત્ર થોડા વખત માટે છે અને જવાનો જ છે એવા ભાન સાથે લગભગ મેં પોણા બે વર્ષ પસાર કર્યાં. નિયમિત દવા અને પૌષ્ટિક ખોરાક સાથે ઉપચાર ચાલતો.

અમે પૂ. ચાચાજીને સ્ટેશન મૂકવા ગયા. તેઓ મુંબઈ જતા હતા. મારી સાથે મારો પુત્ર હતો. મારી નજર એકાએક તેના પેટ પર પડી. પેટ કંઈક મોટું લાગ્યું. હું ચોંકી ગયો. અમે ઘેર આવ્યાં. થોડા દિવસથી તે પેટમાં કંઈક ભરાવો થઈ રહ્યો છે એવી ફરિયાદ કરતો હતો. રેચ લેવાની ઇચ્છા કરતો હતો, પણ હોમિયોપથી દવામાં રેચ અપાય નહિ, આથી, મૂંઝવણ થઈ.

એક દિવસ સવારમાં મારા ઘરના ઓટલા પર બેસી લખતો હતો. એ વખતે એક મોટર આવી મારા આંગણામાં ઊભી રહી. તેમાંથી શ્રી વલ્લભરામ વૈદ્ય ઊતર્યા. મારે તેમની સાથે ઘણો હૃદયનો સંબંધ હતો. પૂ. મોટાને પણ તેવો જ સંબંધ.

તેઓ આવ્યા ત્યારે પહેલો વિચાર મેં એ કર્યો કે તેમને ઘરની અંદર લઈ ન જવા પણ ઓટલે બેસી વાતો કરી વિદાય કરવા. ઘરમાં જાય તો મારા દીકરાને જુએ અને જુએ તો ચિકિત્સામાં દ્વિધા ઊભી થાય.

ઘણીવાર સુધી તેઓ બેઠા. વાતો કરી. ચા-પાણી પીધાં. ઊઠતી વખતે તેઓ ઘરમાં પ્રવેશ્યા અને બોલ્યા, ‘ચાલો બધાંને મળીએ તો ખરા !’

હવે મારે તેમને નીતિન સંબંધમાં બધી વાત વિગતવાર કહેવી પડી. તેમણે તેને તપાસ્યો અને બોલ્યા, ‘હોમિયોપથીના ડૉક્ટરે તો દવા બરાબર કરી છે. તેનાથી બન્યું તે કર્યું છે, પણ આ છોકરાને જલોદરનો વ્યાધિ શરૂ થયો છે. તેની દવા કરવી પડે.’

મને થયું કે આ ભગવાનની મોકલેલી મદદ છે. તેમણે ઉપચાર કરવાનું માથે લીધું. હવે ખોરાક સાવ બંધ કરવાનું કહ્યું. કડિયાતું, ગોખરું વગેરેની દવા કરવાની હતી. પેશાબની છૂટી થાય તેમ કરવાનું હતું. પેટ ખાલી થવા લાગ્યું. પેશાબ બહુ ઓછો થતો હતો.

એક દિવસ પૂ. ચાચાજીનો પત્ર આવ્યો. તેમાં તેઓએ લખ્યું હતું કે પોતે ખૂબ જ બીમાર પડી ગયા હતા. બેભાન જેવી અવસ્થામાં રહ્યા હતા. હવે સારું છે. આ પત્ર ચિ. નીતિને વાંચ્યો અને રડી પડ્યો. સામાન્ય રીતે મારો આ પુત્ર લાગણીપ્રધાન હતો. તે બોલ્યો, ‘ચાચાજીને બદલે મને તાવ આવ્યો હોત તો કેવું સારું થાત !’ પૂ. ચાચાજી માટે તેને ઊંડી લાગણી હતી. તેમણે તેને વચન આપેલું, ‘હું તને ભણાવીશ.’

નિશાળ છૂટ્યાનું તેનું દુઃખ, પૂ. ચાચાજીના આ શબ્દોથી ઓછું થયું હતું.

મેં આ વાત પૂ. ચાચાજીને લખી. તેમણે મને લખ્યું, 'હું માંદો બેભાન જેવી અવસ્થામાં પડ્યો હતો. છ ડિગ્રી તાવ હતો. ત્યારે મેં એક અવાજ સાંભળ્યો, 'તું બચી જાય છે પણ તારે બદલે કોઈ બીજું જઈ રહ્યું છે.''

જૂનની બીજી તારીખે નીતિનનો જન્મ દિવસ હતો. અમે ચોવીસ કલાક અખંડ હરિનામસ્મરણ રાખ્યું હતું.

મારે માટે આ દિવસો કસોટીના હતા. મૃત્યુ સૌ માટે અનિવાર્ય છે. તેનું દુઃખ બહુ મોટું નથી, પરંતુ જીવતું સ્વજન પીડાતું હોય અને આપણને તેના અંતકાળનું ભાન હોય ત્યારે તેની પીડા પારાવાર હોય છે. ભગવાન એવો અનુભવ કટ્ટરમાં કટ્ટર દુશ્મનને પણ ન કરાવે ! ખાતાં ખાતાં ખ્યાલ આવી જાય તો ડૂમો ભરાઈ આવે અને ગળે ન ઊતરે, રાતે ઝબકીને જાગી જવાય અને લાગે કે જેટલો વખત હું ઊંઘું છું તેટલો વખતે તેનાથી હું દૂર પડું છું તે ખ્યાલ મને પીડતો. સતત પ્રાર્થનામય રીતે જીવવાનું કર્યા કરતો હતો, કારણ કે પૂ. મોટાએ સૂચવ્યું હતું. 'ભઈલા ! તેને આપણે ભગવાનની ભાવના આપવી તે સાચી સેવા છે.'

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે, 'ભગવાનની ભાવના કરાવે તે જ સાચું સ્વજન છે.'

અઢારમી જૂન આવી. તે દિવસે સાંજે નામસ્મરણ કર્યું. શ્રી કાંતાબહેન એ વખતે આવ્યાં હતાં. તેઓ ગયાં પછી હું એકલો પડ્યો. વિચાર આવ્યો. 'મોટામાં મોટો દ્રોહ ગુરુદ્રોહ

છે. હે ગુરુદેવ ! મારો અપરાધ થયો હોય તો ક્ષમા કરજો. હું આપની પાસે કંઈ માગતો નથી. મારા પુત્રને માટે ભગવાને જે ધાર્યું હશે તે મને મંજૂર છે, પણ હું માત્ર એટલું જ જાણવા માગું છું કે આનું પરિણામ શું છે ?'

આવા વિચારમાં હું આડો પડ્યો. ઊંઘ આવી ગઈ. એક ઘણું જ સુસંગત (Coherent) સ્વપ્ન જોયું. એક ટેબલ હતું. તેના પર ઘીનો દીવો બળતો હતો. ટેબલ નીચે એક પાટિયું હતું. તેના પર કોઈનું શરીર પડ્યું હોય તેવું મેં જોયું. હું નજીક ગયો. જોયું તો પૂ. મોટાનું શરીર શબવત્ પડ્યું હતું. તે જોઈ હું રડી પડ્યો અને બોલ્યો, 'મોટા ! તમારા જેવાની પણ આ સ્થિતિ !' તરત જ પૂ. મોટા સળવળ્યા. અડધા બેઠા થઈ ગયા. ફરી પાછું શરીર હતું તેમ થઈ ગયું. હું જાગી ગયો. સ્વપ્ન એવી ઘેરી અસર ઉપજાવનારું હતું કે તે મને ઘણું વાસ્તવિક લાગ્યું. એક પ્રકારનું આ dream vision (ભવિષ્યનું સ્વપ્નદર્શન) હતું.

મેં પૂ. મોટાને બીજે દિવસે આ લખી જણાવ્યું. તે દિવસોમાં હું તેમને લગભગ રોજ પત્ર લખતો હતો. પૂ. મોટા ત્યારે કુંભકોણમ્ હતા.

તે દિવસોમાં મારું પોતાનું પેટ ચડેલું રહેતું હોય તેવો અનુભવ રહ્યા કરતો હતો. ઘણા પ્રયત્નો છતાં તે ઊતરે જ નહિ.

આમ કરતાં કરતાં ૨૨મી જૂનની સવાર પડી. હું શાળાએ ગયો. પ્રાર્થના પછી ઘેર આવ્યો ત્યારે નીતિન સ્નાન કરીને પથારીમાં બેઠો હતો. આંખોમાં અલૌકિક ચળકાટ હતો.

તેને આજે ઘણું સારું લાગતું હતું. પેટ બિલકુલ ખાલી થયું હતું. ડૉક્ટરે હવે તેને પ્રવાહી ખોરાક આપવાની સૂચના આપી હતી. હું ગયો ત્યારે દૂધ પીતો હતો.

તે બોલ્યો, 'મારે શીરડી જવું છે.' મેં કહ્યું, 'હવે ખોરાક લેવાથી થોડા દિવસ પછી શક્તિ આવે એટલે આપણે જરૂર જઈશું.' 'મારે વીરપુર તો સાંજે જ જવું છે.' તે બોલ્યો. વીરપુરના જલારામ બાપામાં તેને અપૂર્વ શ્રદ્ધા અને ભક્તિ હતી.

મેં પૂછ્યું, 'ગંભીર માંદગીમાંથી બાળક ઊઠે ત્યારે આપણે તેના પરથી દાવો છોડી દેવો જોઈએ. પછી તે ભગવાનનું જ બાળક બની જાય છે. નીતિન, તને કોની પાસે જવાનું ગમે ?' તે તરત જ બોલ્યો, 'મા આનંદમયી પાસે.'

ઘરમાં સૌને આજે એક જાતની હળવાશ લાગી. સાંજે સાડાચાર વાગ્યે હું ઘેર ચા પીવા આવ્યો. એ વખતે તેને દૂધ પાયું. તેણે કમોડ ઉપર બેસવાની ઇચ્છા કરી. મેં બેસાડ્યો. વાયુ ખૂબ છૂટ્યો. મેં પથારીમાં લીધો. તેણે મોટેથી એક કરુણ ચિત્કાર કર્યો. મેં તેનું માથું ખોળામાં લીધું. બીજો ચિત્કાર કર્યો અને તેણે દેહ છોડી દીધો !

મેં તેને પથારીમાં મૂક્યો. પેટમાં વાયુ ભરાયો છે એટલે અકળાય છે એમ માની તેની માતા રસોડામાં ગંઠોડા લેવા ગઈ હતી. ઘરમાં તેના ખાટલા પાસે અમારી નાની દીકરી ઊભી હતી. એ ક્ષણોમાં જ તેનું શરીર આત્માથી છૂટી ગયું. આખરી ક્ષણોમાં તેની આંખોમાં સંપૂર્ણ તેજ દેખાતું હતું અને તેણે મારી સામે નજર સ્થિર કરી હતી. આ બધું બે ત્રણ મિનિટમાં બની ગયું.

સોળ વર્ષના એક આશાસ્પદ કિશોરની શારીરિક યાતનાનો અંત આવ્યો.

શાળા બંધ થવાનો સમય થઈ ગયો હતો. ઘેર જતાં બાળકો, શિક્ષકો, પડોશીઓથી ઘર ભરાઈ ગયું. આશ્રમના ઢાળે સૌ સ્વજનો દબાયેલે કંઠે, વરસતી આંખોએ રડી રહ્યાં હતાં.

મારી સ્થિતિની વાત સાંભળવી છે ? મને અંદરથી ઊંડી શાંતિ અને આનંદનાં ઓઘ ઊછળતાં હતાં. મારા એ પુત્રને શરીર છોડવાનો અધિકાર હતો. તેનું હૃદય મોટું થઈ ગયું હતું. લાંબું રહ્યો હોત તો અશક્ત સ્થિતિમાં જીવવું પડત. તેને Rheumatic heart (હૃદયમાં સંધિવાનું દર્દ) થઈ ગયું હતું. આવી સ્થિતિમાં તે લાંબું જીવન તો કેટલું વસમું લાગત ? તે શરીરમાં હતો, ત્યાં સુધી જે પીડા થતી તેનો ખ્યાલ આપવો શક્ય નથી. તેને આજે શીરડી જવું હતું, વીરપુર જવું હતું. મા આનંદમયી પાસે જઈને રહેવું હતું.

પોણા બે વર્ષ તે માંદો રહ્યો. દિવસ અને રાત હું તેને ભગવાનનો ભાવ આપવા પ્રાર્થનાશીલ રહેતો હતો, પણ મેં એકેય દિવસ એવી પ્રાર્થના નથી કરી કે હે ભગવાન ! તું એને સાજો કરી દેજે ! લાંબું જીવન આપજે. મારી પ્રાર્થના હંમેશાં રહેતી. 'હે મા ! તારી ઇચ્છાનો વિજય થાઓ !'

જીવનું સાચું ભલું શામાં છે તે તેના વિધાતા પરમાત્મા સિવાય કોણ જાણી શકે ? તેનું વહેલું જવાનું પ્રભુએ નિયત કર્યું હોય તેમાં આપણને વચ્ચે આવવાનો શો અધિકાર ? આપણને આપણા સ્વજન તરફ ખરેખર સાચો પ્રેમ હોય તો તેના વાસ્તવિક ભલામાં આપણને આનંદ થવો જોઈએ. સૌનું

સતત કલ્યાણ કરવા માટે અહર્નિશ, સતત જાગતા વહાલા ભગવાનને દોષ દેવાનું આપણને શોભે ?

**'ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે.'**

તે સાંજે મૃત્યુને ઉત્સવ માની તેની અંતિમ ક્રિયા કરી. ભગવાનનું હતું તે ભગવાનને સમર્પિત કર્યું. સ્મશાનમાં સાડા ત્રણ-ચાર કલાક 'હરિનામસ્મરણ' મોટે મોટેથી કર્યું. ચિતાનો અગ્નિ યજ્ઞના અગ્નિ જેવો લાગતો હતો.

સ્મશાનમાં સાથે આવેલાઓ સૌ મૂગા જ બેસી રહ્યા. સામાન્ય રીતે સ્મશાનમાં ચાલતાં ગપ્પાં અને ટોળટપ્પાંને અવકાશ જ ન રહ્યો. સામાન્ય રીતે સ્વજનો, સંબંધીઓ, મિત્રો આપણને આશ્વાસન આપવા પ્રયત્ન કરે, પણ મારી સ્થિતિ તે વખતે આશ્વાસનપાત્ર હતી જ નહિ. તે દિવસની મારી સ્થિતિ અસામાન્ય હતી. મને ક્યારેક ખ્યાલ ફરકી જતો હતો કે અત્યારે કોઈ સમર્થ શક્તિ મારો સંપૂર્ણપણે કબજો લઈને બેઠી છે અને મારી પાસે અસામાન્ય રીતે વર્તન કરાવે છે.

આ બે વર્ષના ગાળામાં મારા પુત્રને, મારી પત્નીને કે મને એક ક્ષણ માટેય કદી ફાંફાં મારવાનું મન થયું નથી. એ સમયમાં મારા પિતા તો મને લગભગ રોજ ગુસ્સે થઈને કહેતા, 'છોકરાને દવાખાને લઈ જવો જોઈએ.' તેઓએ કેટલાંક વર્ષો ગોંડલ હૉસ્પિટલમાં કંપાઉંડર તરીકે કામ કરેલું હતું અને ઔષધશાસ્ત્રનાં એક બે નાનાં મોટાં પુસ્તકો લખ્યાં હતાં.

હકીકતમાં અમે ત્રણેય કોઈ ગૂઢ શક્તિના દોર્યા દોરવાતાં હતાં. સ્મશાનેથી પાછાં ફર્યાં ત્યારે સ્ત્રીઓ મારી પત્નીની આસપાસ બેઠી હતી. તે વખેત મારી સૌથી નાની પુત્રી

અનુરાધા તેની માના ખોળામાંથી નીકળી નાચવા લાગી. તેનું આવું બાલસહજ કાલું કાલું નાચવું જોઈ સૌ ભીની આંખે પણ મલકી ઊઠ્યાં.

બીજે દિવસે સવારે પૂ. મોટાનો પત્ર આવ્યો. તે પત્ર મારા ૧૮મી જૂનના પત્રના જવાબમાં હતો. તેમણે લખ્યું હતું, 'તમને થયેલ સ્વપ્નાનુભવ ઘણો સૂચક છે. મારું શરીર શબવત્ પડ્યું હતું. તે સળવળ્યું તે સૂચવે છે કે ભાઈ નીતિન બીજા દેહમાં આગળ વધે છે, ચેતનાત્મક હશે.' પૂ. આનંદમયી માતાનો પત્ર આવ્યો. તેમણે લખાવ્યું હતું, 'જિસકી ઈનાયત મેં સબ કોઈ હૈ ઉન્હોનેં ઉસકો બુલા લિયા, ઉત્સવ કા ખયાલ આયા વહ બડે સદ્ભાગ્ય કી બાત હૈ.' પૂ. ચાચાજીએ લખ્યું, 'મારો વહાલો નીતિન મારી પાસે જ આવી ગયો છે.'

પૂ. મોટાને આ પછી મેં લખ્યું, 'જે બનવાનું હતું તે બની ગયું. સ્મશાનમાં સતત નામસ્મરણ થતું રહ્યું. કોઈક અલૌકિક શક્તિ મને નિમિત્ત બનાવી પ્રવર્તી રહી હતી, પણ મને આખા આ પ્રસંગથી સમજવા મળ્યું છે કે સૂત (પુત્ર), વિત (ધન), દારા (પત્ની), શીશ (માથું) સમર્પવું અઘરું નથી, પણ અહંને સમર્પવો મુશ્કેલ છે. કારમા પ્રસંગો પણ વ્યક્તિના અહંને સૂક્ષ્મપણે વકરાવનારા બની શકે છે. વ્યક્તિને ખરેખર પોતાના અહંથી કંઈએ વધારે વહાલું હોતું નથી. સોળ વર્ષના વહાલા પુત્રની ચિતા પાસે પણ કોઈ કોઈ ક્ષણે મને થતું હતું, 'હું કંઈક કરું. મારામાં કંઈક એવું છે કે જેથી ગૂઢ, અલૌકિક શક્તિ મારો કબજો લઈ આમ અસામાન્યપણે વર્તી રહી છે.'

પૂ. મોટાએ આના જવાબમાં મને જીવન સાધનામાં ખૂબ જ સહાય અને સહારારૂપ બનેલી સમજણ આપી. **'આપણું મન સતત એકધારી રીતે ભગવાનમાં ડૂબેલું રહે ત્યારે સમજવું કે અહં નિર્મૂળ થયો છે. ઈચ્છા છે ત્યાં સુધી અહં છે. અહં છે ત્યાં સુધી મન છે.'**

આ સમજણે મને જીવન સાધનામાં પ્રબળ વેગ આપ્યો. તેની કેવી આકરી કિંમત ચૂકવવી પડી હતી તે તો માત્ર એક અંતર્યામી જ જાણે છે.

## પૂ. મોટાનું વાત્સલ્ય

મારા પુત્રના અવસાન પછી મારા શરીરની હાલત બગડી. પેટમાં કંઈ જ રહે નહિ. જીવન સાધનામાં ઘણી જ ગંભીરતા આવી. અત્યાર સુધી તો કોઈ નવો પ્રદેશ શોધ્યો હતો અને તેના આપણે માલિક બની બેઠાં હોઈએ તેનો જે વિસ્મય અને આનંદ હોય તે અનુભવમાં આવતો હતો. હવે આ નવા પ્રદેશમાં સ્થિરપણે રહી, જીવનને તે નવા પ્રદેશના સંજોગો માટે અનુકૂળ બનાવવું કેટલું કપરું અને દોહ્યલું કામ છે તેની ખબર પડી. સંપૂર્ણપણે જીવનને આધ્યાત્મિક બનાવવું અઘરું છે એટલું જ નહિ પણ તે આપણી પાસે આકરામાં આકરી કિંમત પણ માગે છે.

હવે જીવન સાધનામાં ઊંડી ગંભીરતા આવી. મારી શારીરિક અવસ્થાના ગાળામાં પૂ. મોટાએ માતાપિતા પણ જે સંભાળ ન રાખી શકે તેવી સંભાળ લીધી. તેમણે પોતે જ મારે માટે આયુર્વેદિક દવા સુવર્ણવસંતમાલતી મંગાવી અને મને લેવા સૂચના આપી. ખોરાક પણ અમુક રીતે રાંધીને

ખવરાવવાની મારાં પત્નીને સૂચના આપી. આવી સ્થિતિ લગભગ આઠ મહિના ચાલી. ત્યાર પછી પુનઃ પૂર્વવત્ શારીરિક સ્થિતિ થઈ.

## પૂ. મોટાની ટકોર

એકવાર ગોંડલમાં મારા પૂ. પિતાશ્રી બીમાર પડ્યા. ત્યાં તેઓ એકલા જ હતા. મારાથી આશ્રમનું કામ છોડીને તત્કાળ જવાય તેવા સંજોગો જ ન હતા. શાળાના વિદ્યાર્થીઓની જાહેર પરીક્ષા નજીકમાં હતી. તે વખતે તેમને એકલા છોડવા એ પણ યોગ્ય ન હતું. આથી, રજા આવા સંજોગોમાં માગું તો મળે પણ ખરી. હું જ શાળાનો આચાર્ય હતો, પણ મને તે વખતે કામ છોડી જવું યોગ્ય ન લાગ્યું. આથી, ગોંડલ નજીક રાજકોટમાં રહેતી મારી બહેન મારા પિતાને રાજકોટ પોતાને ઘેર લઈ ગઈ. પરીક્ષા પૂરી થઈ તે દિવસે હું ગોંડલ જવા નીકળ્યો. 'અમુક દિવસે આવી જઈશ' એમ કહીને ગયો હતો. મારા પિતા સારા થઈ ગયા હતા. મેં કહેલા દિવસ કરતાં એક બે દિવસ મોડો આશ્રમ પહોંચ્યો. પૂ. પરીક્ષિતભાઈ એવું બોલ્યા, 'પ્રતાપભાઈ કહેલ દિવસે આવે જ નહિ.' પૂ. મોટાએ આ સાંભળ્યું. હું જ્યારે આશ્રમ પાછો આવ્યો ત્યારે તેમણે મને આ બાબતમાં ગંભીર રીતે સૂચના આપી. તેમણે કહ્યું, 'તમારી બધી વાત હું સમજી શકું છું. તમે તમારા પિતાની બીમારીને વખતે પણ કામને વળગી રહ્યા તેની હું કદર કરું છું, પણ તમારા વિશે લોકોમાં, સહકાર્યકરોમાં, વડીલોમાં એવી છાપ હોય કે તમે વખતસર કહ્યા પ્રમાણે નથી આવતા, તે મને યોગ્ય લાગતું નથી. **આપણે**

**આપણા ભગવાન અર્થે જીવીએ છીએ. આપણા વિશે અયોગ્ય છાપ પડે તેમાં આપણા ભગવાનની નાલેશી છે. આપણા જીવનનાં વ્યવહાર વર્તનથી આપણો ભગવાન જાહેર થવો જોઈએ.'**

હું, પૂ. મોટાનો ભાવ સમજી ગયો. મને શીખવા મળ્યું કે સાચા સાધકે પોતાનાં વ્યવહાર વર્તનમાં પ્રભુને જ પ્રકટાવવો જોઈએ. આપણાં ધ્યાન, ધારણા, સમાધિ, ભજન, કીર્તન વગેરે સાચી કસોટી આપણો વ્યવહાર છે. અંદર એક અને બહારથી અન્યથા જીવવું તે ખોટું છે.

પ્રસંગે પ્રસંગે, દરેક મુલાકાત વખતે પૂ. મોટા મને અંદર બહારથી ઘડી રહ્યા હતા, મઠારી રહ્યા હતા, તે મને સમજાઈ ગયું.

**જીવન પોકાર**

પૂ. મોટાનું **'જીવન પોકાર'** નામનું એક પુસ્તક 'સંદેશ'માં છપાતું હતું. આ પુસ્તકનું પ્રૂફ રીડિંગનું કામ મુ. હેમંતભાઈ સાથે રહીને હું કરતો હતો. તેઓ રોજ સવારે પાંચ વાગ્યે મારે ઘેર આવતા અને અમે પ્રૂફો તપાસતા. આ કામ અમે એવું ચીવટથી અને એકાગ્રતાથી કર્યું કે આખા પુસ્તકમાં આખરે બે જ ભૂલો રહી ગઈ અને બેમાંથી એક ભૂલ ટાઈપ તૂટી જવાથી થઈ હતી.

આ અરસામાં પૂ. મોટાએ પોતાના સાધનાકાળમાં છંદમાં અને ઢાળમાં લખેલી પ્રાર્થનાઓ મારી સાથે વાંચવા માંડી. હું આ પ્રાર્થનાઓ મુક્ત કંઠે ગાતો. ક્યારેક પૂ. મોટા સાધનાકાળમાં ઊભી થયેલી મુશ્કેલીઓ અને તે માટે કરેલી

પ્રાર્થનાનો ખ્યાલ મને આપતા હતા. તેઓ પોતે જ મારે ઘેર આવતા અને અમે આ પ્રાર્થનાઓ વાંચતા.

મારા હૃદયની સ્થિતિ અંદરખાને ખૂબ આર્દ્ર રહે. પ્રાર્થનામાં રહેલી આર્દ્રતા મને ઊંડી અસર પહોંચાડતી અને પ્રાર્થનાઓ વાંચવા-ગાવામાં હંમેશાં ગદ્‌ગદિત બની જવાતું.

**પૂ. મોટાની નમ્રતા**

તે કાળે પૂ. મોટા પોતાનાં લખાણોનાં પ્રકાશનોમાં ક્યાંયે પોતાનું નામ જાહેર થવા દેતાં નહિ. પ્રકાશનોમાં સંપાદક તરીકે શ્રી નંદુભાઈ અને શ્રી હેમંતભાઈનાં નામો જ મુકાતાં.

એક વખત મેં પૂ. મોટા વિશે એક લેખ તૈયાર કર્યો અને **'અખંડાનંદ'**માં મોકલ્યો. 'અખંડાનંદ'માં મારા લેખો સામાન્ય રીતે સરળતાથી છપાતા. આનું કારણ એ હતું કે મારા શ્રીસદ્‌ગુરુ શ્રીકૃષ્ણાત્મજ મહારાજને અને શ્રી મનુ સૂબેદારને ઘણો સારો સંબંધ હતો. પૂ. મોટાએ મને કહ્યું, 'તારો આ લેખ 'અખંડાનંદ' નહિ છાપે' અને બન્યું પણ એમ જ. મારો આશય પૂ. મોટાનું નામ જાહેર કરવાનો હતો. પૂ. મોટા મારા આ પ્રયત્નનો સામનો કરતા હતા.

આ અરસામાં પૂ. રામદાસ સ્વામીએ તેમના 'Vision' (દર્શન) નામના અંગ્રેજી સામયિકમાં પૂ. મોટાના નામ (ચૂનીલાલ ભગત) સાથે તેમના વિશે લખાણ લખ્યું અને છાપ્યું. મને ઘણો આનંદ થયો. મેં પૂજ્ય મોટાને કહ્યું, 'મોટા ! રામદાસ સ્વામીએ આપના નામ સાથે આપની જાહેરાત કરી દીધી છે.' પૂ. મોટા હસતાં હસતાં કહે, 'આ બધું તારી ભાવનાનું કારસ્તાન છે.'

'સત્સંદેશ'ના સંપાદનનું કાર્ય ત્યારે મારા હાથમાં હતું.

પૂ. મોટા તેમાં પોતાના અપ્રકાશિત સંગ્રહમાંથી કંઈ કંઈ આપતા. એક વખત પૂ. મોટાએ મને કહ્યું, 'લેખક તરીકે 'મૂર્ખાનંદ' એવું ઉપનામ લખજે.' મેં તો તે પ્રમાણે જ છાપ્યું, પણ 'મૂર્ખાનંદ' શબ્દ પર સંપાદકીય નોંધમાં મને યોગ્ય લાગ્યું તે રીતે છણાવટ કરી.

## ગુરુપૂર્ણિમાનો અનુભવ

એકવાર પૂ. મોટા કુંભકોણમ્ હતા. ગુરુપૂર્ણિમા ઉપર તેઓ દક્ષિણમાં જ જતા. મુ. હેમંતભાઈ આશ્રમમાં હતા. ગુરુપૂર્ણિમાનો દિવસ હતો. હું રાતે લગભગ આઠ વાગ્યે તેમની પાસે ગયો. ઘણીવાર સુધી વાતો કરી. વાતોનો વિષય 'પૂ. મોટા અને સાધના' હતો.

છૂટા પડતી વખતે મેં હસતાં હસતાં કહ્યું, 'હેમંતભાઈ ! ભગવાન કરે અને આજે તમને શ્રીસદ્‌ગુરુની કૃપાનાં દર્શન થાય !' બન્યું એવું કે તે જ રાતે અગિયાર વાગ્યે કુંભકોણમ્‌થી પૂ. મોટાનો ટેલિફોન કૉલ હેમંતભાઈ ઉપર આવ્યો અને પૂ. મોટાએ હેમંતભાઈ સાથે વાતો કરી. હેમંતભાઈ સવારમાં મળ્યા ત્યારે ખુશખુશ હતા. આ વાત સાંભળી પૂ. મોટાના વિરલ અંતર્યામીત્વ શક્તિનો પરિચય થયો. હું પણ આ સાંભળી ખૂબ ખુશ થયો.

પૂ. મોટા ઘણીવાર મને કહેતા કે પોતે સાધનાકાળમાં દયારામનું એક પદ ગાયા કરતા, **'હું જુઠ્ઠો જગદીશ, લજ્જા મારી રાખ્યેથી રહેશે.'** એકવાર મારો રેડિયો પર પ્રોગ્રામ હતો. મેં તે તારીખ તેમને પત્ર દ્વારા જણાવી હતી. આ પ્રોગ્રામમાં મેં પૂ. મોટાનું ઉપરનું પ્રિય ભજન ગાવાનું નક્કી કર્યું હતું.

પ્રોગ્રામ પછી બે ત્રણ દિવસે પૂ. મોટાનો પત્ર આવ્યો, 'તમારો રેડિયો કાર્યક્રમ સાંભળવા પ્રયત્ન કર્યો હતો. હવામાનની ગરબડને કારણે સ્પષ્ટ સાંભળી નથી શકાયો, પણ મને પેલી પંક્તિ, **'હું જુદ્દો જગદીશ, લજ્જા મારી રાખ્યેથી રહેશે'** સ્પષ્ટ સાંભળી શકાઈ છે.'

## કામવિજય - એક અનુભવ

સાધનામાં આ ગાળો ઘણો જ વિકટ છે. એક વર્ષના એપ્રિલ માસમાં સતત પાંચ રાત સુધી મારી ભયંકર કસોટી થઈ હતી. પૂ. મોટા સાથે કામ પરના વિજય સંબંધે ઘણી ઘણી વાતો કરી હતી. આવો પાંચ રાત સુધી સળંગ કામનો હુમલો અને તેમાં પરાજય જિંદગીનો કારમો અનુભવ હતો. આખો દિવસ ખૂબ સાવધ રહું, રાતે મોડે સુધી ધ્યાન, ભજન વગેરે કરીને પથારીમાં પડું. થોડીવારમાં જ ઊંઘમાં કોઈ અજાણ્યા ખૂણેથી હુમલો આવે અને મને હરાવે. દેખીતા કોઈ કારણ વિના આમ બન્યું. હું ભારે નિરાશ થયો. જાણે કે કોઈ ગૂઢ શક્તિ હેતુપૂર્વક મારી કસોટી કે મશ્કરી કરી રહી હોય તેમ મને લાગ્યું.

પૂ. મોટાને મેં આ વાત નિવેદિત કરી. તેમણે પણ સાધનાકાળમાં આ બાબતમાં કેવા પીડાયા હતા અને ગુરુને મળવા હરિદ્વાર કુંભમેળામાં ગયા હતા. તે વખતે ધૂણીવાળા દાદા પાસે જવા સૂચવ્યું હતું, તે બધું કહ્યું. તેમણે ધૂણીવાળા દાદા સાથેની મુલાકાતનો પ્રસંગ કહી સંભળાવ્યો.

પૂ. મોટાએ મને કહ્યું, 'નાભિની નીચે જમણી બાજુએ, બે આંગળ દૂર એક કેંદ્ર છે, આ કેંદ્ર ઉપર ધ્યાન

ફેરવતાં આવડે અને સંપૂર્ણ નિરહંકાર ભાવે ધ્યાન કેંદ્રિત કરવામાં આવે તો આ કામના હુમલામાંથી બચી શકાય તેવી સ્થિતિ પ્રકટે.'

મેં નમ્રપણે પૂ. મોટાને પૂછ્યું, 'મોટા ! અત્યાર સુધી જે કંઈ થોડા અનુભવો થયા છે, તે બધા કેવળ શ્રીસદ્‌ગુરુની કૃપાથી જ થયા છે. તે માટે મેં જાતે કોઈ પ્રયત્ન કર્યો હોય કે યાંત્રિક ક્રિયા કરી હોય તેવું બન્યું નથી. તો પછી હવે આ સંજોગોમાં મારે માટે જે જરૂરનું હશે તે શ્રીસદ્‌ગુરુ નહિ સંભાળે ?' પૂ. મોટાએ તરત જ જવાબ આપ્યો, 'જરૂર સંભાળશે.'

તે દિવસોમાં હું શ્રીઅરવિંદનું એક પુસ્તક વાંચતો હતો. તેમાં શ્રીઅરવિંદે કોઈ સાધકને superior willનો ઉપયોગ કરવાનું સૂચવ્યું છે. પ્રબળ ઇચ્છાશક્તિથી આવા ગૂઢ હુમલાઓ ખાળી શકાય. મને આ વાતમાં રસ પડ્યો. પૂ. મોટાને મેં આ વાત કરી. તેમણે કહ્યું, '...' વધારે કંઈ સ્પષ્ટતા ન કરી.

મેં વિચાર કરતાં આ superior will નો પ્રયોગ કરવાનું મનથી ઠરાવ્યું. હું એટલું જાણતો હતો કે ઇચ્છા - will - નું કેંદ્ર ભ્રૂરન્ધ્રમાં છે. મને ધ્યાનનું કેંદ્ર તાળવામાં સાધ્ય હતું. હું ભ્રૂરન્ધ્રમાં કેંદ્ર ઉપર ધ્યાન કરવા - ખસેડવા પ્રયત્ન કરવા લાગ્યો.

રાતે નવ દશના અરસામાં મારી આંખ મળી ગઈ. આ વખતે મને એક સ્વપ્નદર્શન થયું. પૂ. મોટા મારા કપાળમાં ભ્રમરો વચ્ચે કંઈક અણીદાર વસ્તુ ઘોંચી રહ્યા છે એવું દર્શન થયું. મારી આંખો ખૂલી ગઈ. તે વખતે મેં અનુભવ્યું કે ભ્રૂરન્ધ્રનું

કેંદ્ર ખૂબ સબળ રીતે કામ કરી રહ્યું હતું. આ કેંદ્રમાં ધ્યાન એકાગ્ર થયું હતું.

હું ઘર બહાર નીકળી ગયો. નિશાળને ઓટલે જઈને એકલો બેઠો. ખૂબ પ્રબળ રીતે ધ્યાન થવા લાગ્યું. મને આનંદ થયો. એવું પણ સમજાયું કે તે પૂ. મોટાની કૃપાનું જ પરિણામ છે. ખૂબ ઊંડા ભાવ સાથે હું પૂ. મોટા પાસે ગયો. તેઓ નદી બાજુના ઓટલે સૂતા હતા. મેં જઈને પૂ. મોટાની છાતીમાં માથું મૂકી દીધું. પૂ. મોટા એકદમ જાગી ઊઠ્યા અને બોલ્યા, 'કોણ ?' મેં કહ્યું, 'મોટા ! હું છું.' તેમને લાગ્યું કે હું કોઈ કારણવશ તેમની પાસે ગયો હોઈશ. તેમણે પૂછ્યું, 'ભઈલા ! કેમ આવ્યો ? કંઈ મુશ્કેલી છે ?' મેં તેમને નમ્રપણે મારા અનુભવની વાત કહી.

તાળવાને બદલે ભ્રૂરન્ધ્રમાં સમગ્ર ધ્યાન એકત્રિત - કેંદ્રિત થવાનો આ પ્રથમ અનુભવ હતો.

## પૂ. મા આનંદમયી

એક સમયે પૂ. મોટા અમદાવાદ આશ્રમમાં હતા. તે વખતે પૂ. મા આનંદમયી, પૂ. હરિબાબાને લઈને દક્ષિણમાં પ્રવાસે નીકળ્યાં હતાં. દક્ષિણમાં પૂ. માએ પૂ. મોટાના કુંભકોણમ્ આશ્રમમાં નિવાસ કર્યો હતો અને આશ્રમના મૌનમંદિરમાં રહ્યાં હતાં. ત્યાંથી પૂ. મા ફરતાં ફરતાં અમદાવાદ પધાર્યાં. પૂ. માને આમંત્રણ આપી મેં આશ્રમમાં તેડાવ્યાં. પૂ. મા સહર્ષ આશ્રમમાં પધાર્યાં. સાથે પૂ. હરિબાબા પણ હતા.

પૂ. મા આશ્રમની શાળાની પ્રાર્થનામાં આવ્યાં. ત્યાંથી ફરતાં ફરતાં હૃદયકુંજમાં આવ્યાં. ત્યાં બેઠાં. કલાકથીયે વધારે

વખત ભજનકીર્તન ચાલ્યાં. પૂ. માને પૂ. મોટાને મળવું હતું. પૂ. મોટા એ જ વખતે બહાર ગયા હતા. ડૉ. ગોવિંદભાઈ પટેલને ત્યાં આંખ સંબંધે દવા કરાવવા ગયા હતા. ત્યાં દવાખાને પૂ. મોટા ગોવિંદભાઈની સાથે વાતોમાં વ્યસ્ત હતા. અહીં પૂ. મા પૂ. મોટાની રાહ જોતાં બેસી રહેલાં હતાં.

સમય પસાર થઈ રહેલો હતો. આખરે પૂ. મોટા આવ્યા. પૂ. માને મળ્યા. પૂ. મા બસ એક જ વાક્ય વારંવાર બોલ્યાં કરતાં હતાં, 'મૈં પિતાજી કે ઘર મેં ઘૂસ ગઈ.'

આખરે પૂ. મા જવા તૈયાર થયાં. રસ્તામાં આશ્રમની મીરાંકુટિર બતાવી. તે ઓરડી મૌનમંદિર તરીકે ત્યારે વપરાતી હતી. પૂ. મોટાએ પૂ. માને મૌનમંદિરની સાધના વિશે વાત કરી. પૂ. મોટાએ કહ્યું કે, **'એકવીસ મૌન (દરેક એકવીસ દિવસનું) પૂરા કરે તો સાધક માર્ગે ચડી જાય.'** પૂ. માએ હસતાં હસતાં કહ્યું, **'અગર ભગવાન કી મરજી હો.'**

પૂ. મોટા અને પૂ. મા વચ્ચેના આ સવાલ જવાબમાં કૃપા અને પુરુષાર્થની સમજની ચાવી છે. પૂ. મોટા કૃપાનું મહત્ત્વ બરાબર જાણવા છતાં તેઓ હેતુપૂર્વક પુરુષાર્થ ઉપર ભાર મૂકતા હતા.

## પૂ. મોટાની વાત્સલ્યપૂર્ણ વ્યવહારદૃષ્ટિ

પૂ. મોટા નડિયાદવાળા શ્રી રાવજીભાઈના વેવાઈને ત્યાં પધારવાના હતા. મેં આ સ્થાન જોયું ન હતું. ગુરુકૃપા ગેસ્ટ હાઉસવાળા ઇંદ્રવદનભાઈ આશ્રમમાં અવારનવાર મારે ત્યાં અને મારા પડોશીને ત્યાં આવતા. મેં તેમને કહ્યું કે મારે પૂ. મોટાને મળવું છે પણ મને તેમના ઊતરવાના સ્થાનની

ખબર નથી. તેમણે મને કહ્યું, 'તમે બપોરે મારે ઘેર આવો. હું પૂ. મોટા પાસે લઈ જઈશ.'

હું, મારાં પત્ની અને મારી પુત્રી જયશ્રી બપોરે ટાઉનહૉલ પાસે ઇંદુભાઈને ઘેર ગયાં. તેમના મુખ્ય ખંડમાં અમે બેઠાં. એક સોફા પર મારી પુત્રી ચિ. જયશ્રી અને ઇંદુભાઈને બેઠેલાં જોઈ મને અંદર ઊંડાણમાં સવાલ થયો, 'આ બે છોકરાંઓનું ગોઠવાય તો કેવું !' અમે પૂ. મોટાનાં દર્શન કરી ઘેર આવ્યાં. રાત પસાર કરી સવારમાં રસોડામાં હું ચા પીવા બેઠો. ચિ. જયશ્રી પણ ત્યાં ચા પીવા આવી. તેનાં બા જ માત્ર ત્યાં હાજર હતાં. મેં આગલે દિવસે મારા મનમાં થયેલો સવાર ચિ. જયશ્રીને જણાવ્યો. જો તેની ઇચ્છા હોય તો આગળ ચાલી શકાય.

મારો સવાલ એકદમ આકસ્મિક આવી પડતાં તે જરા ડઘાઈ ગઈ, પણ આખરે મને જાણવા મળ્યું કે તે સંમત છે.

થોડા વખત પછી આ વાત પત્ર દ્વારા મેં પૂ. મોટાને કહી. પૂ. મોટાએ મને લખ્યું, 'જો આ સંબંધ બંધાય તો મારા જેવો કોઈ સુખિયો નહિ.'

પૂ. મોટા નડિયાદ (દક્ષિણમાંથી) આવ્યા. હું નડિયાદ તેમને મળવા ગયો. અડધીએક કલાક વાતચીત કરી. પૂ. મોટાએ તાત્કાલિક નિર્ણય કર્યો અને અમદાવાદ આશ્રમમાં પધાર્યા. મેં સૌ પ્રથમ મારાં પત્નીને કહ્યું, 'આવતી કાલે શ્રાદ્ધપક્ષની અમાસ છે, પણ જો પૂ. મોટા આવતીકાલે સગપણ ગોઠવે તો કોઈ ઇન્કાર કરશો નહિ.'

પૂ. મોટાએ મારા ઘરમાં અને મારાં નિકટનાં સ્વજનોને

પૂછવા જેવું હતું તે પૂછી લીધું. તેઓએ કહ્યું, 'અમે કાલે સવારે ૭-૩૦ વાગ્યે આવીશું.' તેઓ આમ કહીને ગયા.

શ્રાદ્ધપક્ષની અમાસને દિવસે પૂ. મોટાની હાજરીમાં, તેમને જ હસ્તે મારી દીકરીનું શ્રી ઈંદ્રવદનભાઈ સાથે સગપણ થયું.

હું તો ગરીબ હતો, પણ પૂ. મોટાએ ચિ. જયશ્રીના પિતા બની તેની ઝીણી ઝીણી જરૂરિયાતોનો ખ્યાલ કરી તેની સંભાળ રાખી. તેને એક traditional પટેલ કુટુંબમાં પ્રતિષ્ઠિત કરી દીધી.

## પૂ. મોટાની આત્મીયતા

૧૯૬૨ના અરસામાં લગભગ રોજ સવારે ૧૦ થી ૧૦-૩૦ના ગાળામાં મારાથી એક ભજન લખાઈ જતું અને તે હું શાળાની પ્રાર્થનામાં ગાતો. તેમાંનાં કેટલાંક ભજનો જ્યારે તક મળે ત્યારે પૂ. મોટાને મેં સંભળાવ્યાં. પૂ. મોટાએ મને આ ભજનો છપાવી નાખવા લખ્યું. સાથે એક હજાર રૂપિયાનો ચેક પણ મોકલ્યો.

મેં પૂ. મોટાને નમ્રપણે લખ્યું, 'હજી આ ભજનો પ્રકાશિત કરવાનો કાળ આવ્યો હોય તેમ મને લાગતું નથી, કારણ કે છપાવીને પ્રસિદ્ધ કરવાની વૃત્તિ જ જાગતી નથી.'

પૂ. મોટાએ જવાબમાં લખ્યું, 'તે કાળ આવી જ ગયો છે. તમે છપાવી નાખો, પણ મેં છપાવવામાં તમને મદદ કરી છે, તેનો જરા સરખો ઉલ્લેખ પણ ક્યાંય કરશો નહિ.'

આખરે આ ભજનો અને બીજાં કેટલાંક ભજનો સાથે **'દૂરસુદૂરનાં ગીતો'** શીર્ષક હેઠળ મેં આ ગીતોનું પ્રકાશન કર્યું.

મારાં લખાયેલાં ઘણાં ગીતો જુદી રીતે ગુજરાતમાં ગવાતાં થયાં છે, કારણ કે સાબરમતી આશ્રમમાં ગુજરાતના લગભગ બધા જિલ્લાઓમાંથી કન્યાઓ ભણવા આવે છે. આ કન્યાઓ રોજ પ્રાર્થનામાં મારાં ગીતો સાંભળતી. તેથી, આ ગીતો ઢાળ સાથે સર્વત્ર ગવાતાં થયાં છે. પૂ. ચાચાજીએ આ પુસ્તકમાં આશીર્વચન લખ્યાં છે. આજે તો આ પુસ્તક Out of print (અપ્રાપ્ય) છે.

આ ગીતોમાંથી પૂજ્ય મોટાને કેટલાંક ગીતો બહુ જ ગમેલાં. તેમાંનું એક ગીત અહીં રજૂ કરવાનો લોભ છોડી શકતો નથી.

*હરિ ! હું તવ ચરણોની ધૂલી,*
*પતિતોમાં હું પતિત વડેરો,*
*કેમ શકું એ ભૂલી - તવ૰*
*આજ લગી જીવ્યો હું તારી કરુણાના આધારે,*
*બાકીનું એમ જ જીવીને આવીશ તારે દ્વારે;*
*જઈશ ચરણમાં ડૂલી - તવ૰*
*પ્રબળ પવનથી હલકી વસ્તુ, ગગને જઈને બેસે,*
*પવન પડી જતાં પટકાયે, ચડતી સૌની ઠેસે;*
*ફરવું શીદ જઈ ફૂલી - તવ૰*
*થાવું ના મસ્તકમણિ મારે કે હૈયાનો હાર,*
*કરનો સ્પર્શ ભલે ના પામું ચરણે ઢોળું પ્યાર;*
*ચરણ મૂડી મહામૂલી - તવ૰*

## પૂ. મોટાની ભજનપ્રીતિ

પૂ. મોટાને મારાં ભજનોમાં રસ હતો. તેઓ આશ્રમમાં

આવતા ત્યારે શાળાની પ્રાર્થનામાં પધારતા. આ નિમિત્તે એક વાત મન પર આવે છે, તે કહી દેવી યોગ્ય લાગે છે. ભજન સુંદર સંગીતમય હોઈ શકે, પણ ભજન એ સંગીતનો કાર્યક્રમ નથી જ. આપણા વહાલા અંતર્યામી સાથે વાતચીત કરવાની હોય, અરજ કરવાની હોય, કાલાવાલા કે કદીક રોષ કરવાનો હોય એવે વખતે આપણી વાણીમાં સીધાપણું, સચોટ વેધકપણું હોય છે, ઓછામાં ઓછો અંતરપટ હોય છે. વચ્ચે પડદો હોય એ સહી ન શકાય. ભજન એ સંગીત કલાના અલંકારો પ્રદર્શિત કરવાનો અવસર નથી, સંગીત કલાની ખૂબીઓ દેખાડવાનો નથી. ભજનનો મુખ્ય હેતુ અંતર્યામી ભગવાન સાથે મુલાકાતનો હોય છે. તેને માટેનો અવસર જુદો હોવો ઘટે. તમારો કંઠ ખેડાયેલો હોય તો તમારા ભજનમાં તે એક વિશેષ બળ બનશે, પણ સંગીતકળાનું પ્રદર્શન એ ભજન નથી.

એક પ્રસંગ યાદ આવે છે. અમદાવાદની એક સોસાયટીમાં પૂ. મોટાનો ઉત્સવ ઊજવાઈ રહ્યો હતો. મને ભજન માટે યજમાન તરફથી આમંત્રણ હતું. યજમાને સાથે સાથે એક જાણીતા સંગીતકારને પણ આમંત્રણ આપ્યું હતું. ભજનનો કાર્યક્રમ સમય અડધો, પોણો કલાક નિયત કરેલો હતો. પ્રખ્યાત સંગીતકારથી ભજનની શરૂઆત થઈ. ગાનાર કલાકારનો સુંદર અવાજ હતો અને સુંદર સંગીત રજૂ કરી શકતા હતા. તેમણે લગભગ બધો સમય લઈ લીધો. છેલ્લી દશેક મિનિટ રહી ત્યારે મને ભજન ગાવાનું કહેવામાં આવ્યું. મેં એક ભજન રજૂ કર્યું અને સમય પૂરો થયો. પૂ. મોટાએ

પોતાની બેઠક ઉપરથી એક વધારે ભજન ગાવાનું મને સૂચવ્યું. મેં એક ભજન વધારે ગાયું. આ વખતે પૂ. મોટાએ પોતાના આસન પરથી લાક્ષણિક રીતે ટહુકો કરીને કહ્યું, 'પ્રતાપભાઈને વધારે વખત આપવો હતોને !'

## અનુરાધાનું આરંગેત્રમ્

દર વર્ષે જૂન માસમાં બધાં બાળકોનાં શાળાનાં પરિણામો આવી જાય, તે પછી પૂ. મોટાને એક પત્ર લખવાનો મારો રિવાજ હતો. દરેક બાળકનું પરિણામ જણાવું. પૂ. મોટાને આવું જાણવું ઘણું ગમતું. એક વર્ષે ૧૯૬૮માં જૂન માસમાં મેં સૌનાં ખબર આપ્યાં. તેમાં જણાવ્યું કે મારી સૌથી નાની પુત્રી ચિ. અનુરાધાએ તેનો નૃત્યનો અભ્યાસ પૂરો કર્યો છે અને ઑગસ્ટમાં તેનું 'આરંગેત્રમ્' થવાનું છે. પૂરાં સાત વર્ષ નિયમિત નૃત્યનો અભ્યાસ કર્યો છે. પૂ. મોટાનો તરત જવાબ આવ્યો. દક્ષિણમાં તેમણે જોયેલા નૃત્યના પ્રયોગો અને તે માટે તેમના હૃદયમાં પ્રકટેલા ભાવો તેમણે વ્યક્ત કર્યા હતા અને ઘણી ખુશી તથા પ્રસન્નતા બતાવી હતી.

આ પત્ર આવતાં મને તરત સૂઝ્યું કે ચિ. અનુરાધાએ 'આરંગેત્રમ્નું અતિથિવિશેષનું સ્થાન લેવાનું પૂ. મોટાને જ કહેવું. મેં તરત જ પત્ર દ્વારા મારી વિનંતી પેશ કરી. પૂ. મોટાએ લખ્યું કે પોતે હવે સમાજ માટેના તેમના કામ માટે પૈસા મળે ત્યાં જ પોતે જાય છે. આ પ્રસંગે તમે પૂ. ચાચાજીને જ વિનંતી કરશો.

મેં તેના જવાબમાં એક બીજો પત્ર લખ્યો. તેમાં જણાવ્યું કે, 'તમારી શરત પ્રમાણે હું મારી શક્તિ પ્રમાણે આપીશ,

પણ મારા મનમાં એક બીજો હેતુ છે. ચિ. અનુરાધાનું આરંગેત્રમ્ તો માત્ર એક નિમિત્ત છે, આ હેતુ છે કે શ્રીમતી મૃણાલિનીબહેને ગુજરાતમાં દક્ષિણની આ નૃત્યકલાને પ્રતિષ્ઠિત કરી છે. છેલ્લાં વીસ વર્ષમાં પચાસેકથી વધારે બહેનોને નૃત્યની સાંગોપાંગ તાલીમ આપી તૈયાર કરી છે. તેથી, આ દક્ષિણની બહેનની ગુજરાતના સાંસ્કૃતિક વિકાસમાં આવી મહત્ત્વની દેણગીની કોઈ પ્રતિષ્ઠિત ગુજરાતીએ કદર કરવી જોઈએ, પૂ. ચાચાજી ઘણી વખત આરંગેત્રમ્માં પધાર્યા છે અને બોલ્યા છે, પણ પૂ. ચાચાજી તો શ્રીમતી મૃણાલિનીબહેનના શાંતિનિકેતનના વિદ્યાભ્યાસકાળના ગુરુ છે. આથી, પૂ. ચાચાજી તો પોતાના જ માણસ કહેવાય. મારી ઇચ્છા તો એવી છે કે કોઈ ગુજરાતી આ કદર કરે.'

પૂ. મોટાએ મારી વિનંતી સ્વીકારી લીધી. તેઓ પધાર્યા. તેમનું શરીર સ્વસ્થ તો ન હતું. તેમને ઉઠાવીને લાવવા પડતા. છતાં તેઓ પધાર્યા. તે વેળા પૂ. ચાચાજી તો હાજર હતા જ. આ પ્રસંગે પૂ. લાહેરદાદા પણ હારતોરા લઈ પધાર્યા હતા. આ સ્થળે પ્રથમવાર પૂ. લાહેરદાદા અને પૂ. મોટાની મુલાકાત થઈ.

પૂ. મોટાએ શ્રીમતી મૃણાલિનીબહેનની સાંસ્કૃતિક સેવાની ખૂબ જ કદર કરી. નૃત્ય અને નૃત્યની મુદ્રાઓ જીવન વિકાસમાં અંદરનાં કેટલાંક કેંદ્રો ખોલી આપવામાં કેવાં સહાયભૂત થાય છે તેની ગૂઢ વાત કરી. પૂ. મોટાએ આ અવસરે દક્ષિણ દેશ પરત્વેનું પોતાનું આગવું વિશેષ આકર્ષણ રહ્યું છે, તેની વાત કરી.

શ્રીમતી મૃણાલિનીબહેને મને કહ્યું, 'આજે દક્ષિણ દેશની શૈલી પ્રમાણેનું સાચું આરંગેત્રમ્ થયું છે. શાસ્ત્રમાં કહ્યું છે કે વિદ્વાનોની સભામાં આ વિધિ થવી જોઈએ. આજે પૂ. મોટા, પૂ. ચાચાજી અને પૂ. લાહેરદાદા એમ ત્રણ ત્રણ સંતોની સંનિધિમાં આ પ્રસંગ ઊજવાઈ રહ્યો છે.'

આજે યાદ કરું છું ત્યારે હૃદય આર્દ્ર બને છે. પૂ. મોટાએ મારા અને મારાં બાળકોના વિકાસમાં કેવો ઊંડો રસ બતાવી મને ખરેખર ન્યાલ કરી દીધો છે ! તેનું ઋણ ક્યારેય ચૂકવવાની મારી શક્તિ નથી. **હું, પૂ. મોટા પાસેથી શીખ્યો છું કે ઋણ ચૂકવવાની સાચી રીત છે આપણા વહાલા ભગવાનના જ સોએ સો ટકા બની જીવવું તે.**

## પૂ. મોટાની નેમ

અમદાવાદના પૂ. મોટાનાં સ્વજનભક્તોએ પૂ. મોટાનાં સમાજસેવાનાં કાર્ય માટે નાખેલી એક મોટી ટહેલને પહોંચી વળવા ટાઉનહૉલમાં એક કાર્યક્રમ નક્કી કર્યો હતો. આ કાર્યક્રમમાંથી લાખ ઉપર રૂપિયા એકઠા કરી શકાયા હતા.

આ પ્રસંગે મુંબઈના સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રી જગમોહન અને મારી પુત્રી ચિ. અનુરાધાના નૃત્યનો કાર્યક્રમ રાખ્યો હતો. 'દર્પણ'ના સંગીતકારો ઉનાળાની રજામાં દક્ષિણ ગયા હતા. આથી, અગાઉ અનુરાધાની તૈયારી કરેલી એક ટૅપ ઉપર આ કાર્યક્રમ કરવાનો હતો. મેં શ્રીમતી મૃણાલિનીબહેનને મળી આ કાર્યક્રમ 'દર્પણ' તરફથી થાય એવું સૂચવ્યું. શ્રીમતી મૃણાલિનીબહેને આ વાત સ્વીકારી લીધી અને 'દર્પણ'ની ત્રણ ચાર બીજી બહેનોએ પણ આ પ્રસંગે નૃત્ય રજૂ કર્યું. ચિ.

મલ્લિકા (મૃણાલિનીબહેનની દીકરી)એ પણ 'મેરે તો ગિરિધર ગોપાલ'એ ભજન પર નૃત્ય કર્યું હતું.

આ રીતે પૂ. મોટા, શ્રીમતી મૃણાલિનીબહેનના નજીકના સંપર્કમાં આવ્યા. શ્રીમતી મૃણાલિનીબહેને મને પૂછ્યું કે પૂ. મોટા તેમને ઘેર પધારે કે નહિ ? મેં કહ્યું કે પૂ. મોટા હાલમાં કેવળ સમાજના કામ માટે પૈસા એકત્ર કરવા ફરે છે. શ્રીમતી મૃણાલિનીબહેને તે શરત સ્વીકારી. દિવસ નક્કી થયો. પૂ. મોટાએ મને લખ્યું, 'મૃણાલિનીબહેન પાસેથી પૈસા લેવાય નહિ. તેઓ આપણાં સ્વજન છે. મારા કામ માટે તેમણે જે સાથ આપ્યો, તે બહુ મોટી વાત છે.'

## કદરદાની

પૂ. મોટા, મૃણાલિનીબહેનને ઘરે 'ચિદંબરમ્'માં પધાર્યા. સદ્ગત શ્રી વિક્રમભાઈ* પણ પાછળથી આવી પહોંચેલા. શ્રીમતી મૃણાલિનીબહેન જતી વખતે પૂ. મોટાને એક કવર આપવા લાગ્યાં, પણ પૂ. મોટાએ પ્રેમથી ઇન્કાર કર્યો. શ્રી વિક્રમભાઈને પૂ. મોટા કહે, 'સાહેબ, તમને તો હું લૂંટી લઈશ હોં ! દક્ષિણમાં એક લૂંટારા સંત થઈ ગયા છે. સમાજના કામ માટે તમે લોકો સાથ નહિ આપો તો તમને લૂંટી લેતાં પણ મને સંકોચ નહિ થાય.' શ્રી વિક્રમભાઈએ 'જ્ઞાનગંગોત્રી' ગ્રંથમાળામાં વિજ્ઞાનના વિષયના સલાહકાર તરીકે સેવા આપી હતી.

ત્યાર પછી પૂ. મોટાએ વડોદરા યુનિવર્સિટીને સંગીત,

---

* ભારતના પ્રખ્યાત અણુવૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈ, મૃણાલિનીબહેનના પતિ

ચિત્ર, નૃત્ય, વાદ્ય એમ ચારે ક્ષેત્રમાં હરીફાઈમાં યોગ્ય ઠરે તેને સુવર્ણચંદ્રક આપવાનું કામ સોંપ્યું. તે માટે સવા લાખ રૂપિયાનું દાન આપ્યું. આમાં નૃત્યના વિષયના ચંદ્રકને 'શ્રીમતી મૃણાલિની સારાભાઈ સુવર્ણચંદ્રક' નામ આપવાનું ઠરાવ્યું. આ દાનની એક શરત એ છે કે દાનનો વહીવટ કરનાર સંસ્થાએ બે વર્ષમાં આ હરીફાઈ યોજના અમલમાં મૂકી દેવી પડે અને જો તેમ ન કરી શકે તો પૈસા દાન આપનારને પાછા આપી દેવા પડે. દુર્ભાગ્યે વડોદરા યુનિવર્સિટી ગમે તે કારણે આ દાનની રકમની શરત પાળી ન શકી અને પૈસા પરત થયા.

ત્યાર પછી ૧૯૭૦ના ડિસેમ્બરની ૩૦મી તારીખે શ્રી વિક્રમભાઈનું અકાળે કરુણ અવસાન થયું. આખા દેશ ઉપર વીજળી પડી હોય તેવો આઘાત થયો. પૂ. મોટાનો મારા પર પત્ર આવ્યો, 'અમે નડિયાદથી સીધા શ્રીમતી મૃણાલિનીબહેનને ઘેર તેમને મળવા આવીશું. તમે ત્યાં ખબર આપજો અને હાજર રહેશો.'

પૂ. મોટા દસમે દિવસે 'ચિદંબરમ્'માં પધાર્યા. પૂ. મોટાએ આ અવસરે કહ્યું, 'તેર દિવસ સુધી ગતાત્મા પોતાના રાગના વાતાવરણમાં જ રહે છે. તે આપણને દેખે છે, સાંભળે છે, પણ આપણે તેને દેખી શકતાં નથી. માટે, પાછળ રહેનારાં સ્વજનોએ કલ્પાંત કરવાને બદલે હરિનામસ્મરણ કરવું જોઈએ. સ્વજનોને કલ્પાંત કરતાં દેખી, સાંભળી મૃતાત્મા પીડાય છે.'

આવી પ્રાસ્તાવિક વાત કર્યા પછી પૂ. મોટાએ ચિ. કાર્તિકેયને કહ્યું, 'અહીંથી ફોન થઈ શકશે ?' ફોન લાવવામાં

આવ્યો. પૂ. મોટાએ શ્રી નંદુભાઈને કહ્યું, 'ઈશ્વરભાઈ પટેલને જોડો. વિક્રમભાઈના સ્મારક માટે મારે અઢી લાખ રૂપિયા આપવા છે. વિજ્ઞાનમાં વર્ષ દરમિયાન જે કોઈ વ્યક્તિ ઉત્તમ શોધ કરે તેને આ પૈસાના વ્યાજમાંથી બે ઇનામ આપવાં તેવી વ્યવસ્થા કરો. જેમને પુછાવવું હોય તેમને પુછાવો.'

ફોન થઈ ચૂક્યો. એક અઠવાડિયામાં જ પૂ. મોટાએ રૂપિયા અઢી લાખની રકમ એકઠી કરી પી.આર.એલ. (ફિઝિકલ રીસર્ચ લૅબોરેટરી, અમદાવાદ) સંસ્થાને આપી દીધી. આ રકમમાંથી દર બે વર્ષે તેજસ્વી વૈજ્ઞાનિકોને ઇનામ અપાય છે.

## સૂક્ષ્મ સહારો

સન ૧૯૭૩માં અમારા કુટુંબના એક નિકટનાં સ્વજન શ્રી લલિતાબહેનનો ભત્રીજો લગભગ ૨૫ વર્ષનો, એમ.કોમ.; એલએલ.બી; થયેલો, દેખાવડો, હૃષ્ટપુષ્ટ યુવાન માંદો પડ્યો અને ધોળકાથી લાવી સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. આ યુવાન ભાઈ કાંતિ અમારી સાથે બે ત્રણ વર્ષ આશ્રમમાં રહી ગયેલો હતો. તેણે મારી અંગત સેવા ઘણી કરી હતી. વ્યવહારમાં અતિશય પ્રામાણિક, સહજ રીતે આદતોમાં સંયમી એવા આ યુવાનને માંદગીનો ગંભીર પ્રસંગ આવી પડ્યો. છેલ્લા કેટલાક સમયથી તેને તેની ફોઈ લલિતાબહેન સાથે નજીવા કારણસર મનદુઃખ થયું હતું, પણ હૉસ્પિટલમાં આવ્યા પછી તે લલિતાબહેનની હાજરી ઝંખવા લાગ્યો. ભણવામાં અતિશય તેજસ્વી યુવાન સેન્ટ્રલ બૅંકમાં સારી નોકરી કરતો હતો.

નિદાન કરતાં માંદગી ગંભીર નીકળી. કિડ્ની પોતાનું કામ જ કરી શકતી ન હતી. પેશાબમાં યૂરિયા ભળતાં શરીર સૂઝી જતું હતું. ડૉક્ટરે તેને ડાયાલિસિસ પર રાખ્યો. ડાયાલિસિસની ચિકિત્સા ખૂબ ખર્ચાળ, છતાં યુવાન સંતાનના આરોગ્ય માટે માબાપ બધું કરવા તૈયાર હતાં. તેનો મોટો ભાઈ કિડ્નીનું દાન આપવા પણ તૈયાર હતો.

કુદરતી સંજોગો કંઈ એવા હતા કે તેની પત્ની સુવાવડમાં થોડા વખત પહેલાં જ અવસાન પામી હતી. તેનું નાનું બાળક ત્યાર પછી થોડા વખતે વિદાય થયું હતું અને હવે પોતે ગંભીર માંદગીમાં પડ્યો હતો.

આ અવસરે અમારામાં રસ ધરાવનાર સંતજનોને અમે પત્ર દ્વારા લખ્યું અને મદદ માગી. આ સમયે પૂ. મોટાને પણ અમે ઘા નાખી. પૂ. મોટા ત્યારે શ્રી કાંટાવાળાને (સ્વ. શ્રી કે. એમ. કાંટાવાળા, તે વખતના ગુજરાત રાજ્યના ચીફ ઇજનેર) ત્યાં પધાર્યા હતા. લલિતાબહેને પૂ. મોટાને આ પ્રસંગની વાત કરી. પૂ. મોટા બોલ્યા, 'બહેન ! પરિણામ તો ભગવાનના હાથમાં છે, પણ તેને હરિસ્મરણની ભાવના રહે તેવી હું પ્રાર્થના જરૂર કરીશ.'

જુવાન દીકરાને જીવતો રાખવા સૂઝે તે ઉપાયો સૌ સૂચવતા હતા અને આ યુવાનના પિતા તે ઉપાયો અજમાવતા હતા. ભાઈ કાંતિના બીજા ડાયાલિસિસ પછી ડૉક્ટરોએ તેને ઘેર લઈ જવાની સલાહ આપી. તેનું ઘર તો ધોળકામાં. કાંતિએ આગ્રહ કર્યો બલકે હઠ લીધી કે પોતાને આશ્રમમાં ફોઈને ઘેર જવું છે. તેને આશ્રમમાં લાવવામાં આવ્યો. તેની પાસે ભજન,

નામસ્મરણ કરવામાં આવતું. એક દિવસ તો તેણે આવેશથી મારી સાથે **'હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે'ગાયું.'**

પણ તેની સ્થિતિમાં સુધારો થતો ન હતો. આખરે તેને ફરીથી વાડીલાલ હૉસ્પિટલમાં દાખલ કર્યો. ડૉક્ટરે ફરીથી ડાયાલિસિસ પર રાખ્યો. ડાયાલિસિસ પછી તેની સ્થિતિ બગડી અને ૭ એપ્રિલ, ૧૯૭૩ની સાંજે ભગવાનનું નામ લેતાં લેતાં - હરિઃૐ - તેણે દેહ છોડી દીધો.

પૂ. મોટાના સૂક્ષ્મ ભાવનાત્મક સહારાથી તેનામાં હરિ નામસ્મરણ માટે જે ભાવ અને ઇચ્છા પ્રકટેલાં તે છેક દેહ છોડતાં સુધી ચાલુ રહેલાં, તે અમારા પ્રત્યક્ષ અનુભવનો પ્રસંગ છે.

પૂ. મોટાની આ દરમિયાનગીરી લલિતાબહેનના કારણે જ હતી. લલિતાબહેન આશ્રમનાં બહેન અને પૂ. મોટાના સંપર્કમાં આવેલાં. પૂ. મોટાને બહેનોના ઉત્કર્ષમાં ઊંડો અને આગવો રસ હતો. શ્રી લલિતાબહેન મ્યુનિસિપાલિટીની શાળામાં હેડમિસ્ટ્રેસ બન્યાં પછી એકવાર પૂ. મોટાએ કહેલું, 'બહેન ! હવે તું સુપરવાઇઝર ક્યારે થવાની છે ? કોઈને કહેવાની જરૂર હોય તો હું કહું.' પૂ. મોટા, સ્વજનોનાં હૃદય પર ખરેખર રાજ ભોગવતા.

### અમે બડભાગી

અમદાવાદમાં સ્ટેશન પર ભાઈ માનશંકરની એક લૉજ છે. તેનું નામ ગુજરાત લૉજ છે. માનશંકરભાઈ સત્સંગી જીવ છે. પૂ. મોટા પાસે એ કાળે અવારનવાર આવતા. આમ જોકે

તેમનો રસ વધારે તો શ્રીઅરવિંદ અને શ્રીમાતાજીના સાહિત્યમાં છે. શ્રી માનશંકરભાઈએ એકવાર પૂ. મોટાને પોતાને ત્યાં આવવા આમંત્રણ આપ્યું. પૂ. મોટાએ આમંત્રણ સ્વીકાર્યું અને મને સાથે ત્યાં લઈ ગયા. ત્યારે પૂ. મોટા હાલીચાલી શકતા અને રિક્ષામાં બેસી શકતા.

બપોરે ત્રણેક વાગ્યે અમે ત્યાં પહોંચ્યા. અમને એક રૂમમાં બેસાડી માનશંકરભાઈ પોતાના કામમાં પરોવાયા. અમે કંઈ કંઈ વાતો કરતા બેઠા.

મેં કહ્યું, 'મોટા ! મને રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદનો એક પ્રસંગ યાદ આવે છે. આ પ્રસંગ મને ઘણો જ પ્રિય છે.'

પૂ. મોટાએ આ પ્રસંગ કહેવા મને કહ્યું.

મેં કહ્યું, **'પરમહંસદેવને શરીર છોડવાને બે ચાર દિવસ બાકી હતા. પથારીમાં તેઓ એકલા પડ્યા હતા. એટલામાં નરેન (વિવેકાનંદજી) તે ઓરડામાં આવ્યા. રામકૃષ્ણદેવે તેને પોતાની નજીક બોલાવ્યા. પાસે બેસાડી રામકૃષ્ણદેવે પૂછ્યું, 'નરેન ! તારી કોઈ ખાસ ઈચ્છા છે ?' નરેને હાથ જોડી જવાબ આપ્યો, 'ભગવન્ ! ભગવાનના ખ્યાલમાં હું આપને ન ભૂલી જાઉં તેવી કૃપા કરજો.'**

**પૂ. મોટા આ સાંભળી ચોધાર આંસુએ રડી પડ્યા.** મારી પણ એ જ સ્થિતિ હતી. અમે લાંબો સમય સુધી આ પ્રસંગે પેદા કરેલ ધન્યતામાં ડૂબી બેસી રહ્યા.

પૂ. મોટા આશ્રમમાં હતા, તે વખતે એક દિવસ સાંજે એકસાથે ચાર ભજનો લખાયાં. આમાંનું એક ભજન પૂ. મોટાને ઘણું જ ગમ્યું.

*સામેથી હાલીને હરિ આવીઆ.*
*અમે બડભાગી નરનાર - સામેથી૦*
*અમે તો હરિ તમને શોધતાં, વન ને ગિરિની મોઝાર,*
*મોઢાં રે વકાસી જોતાં આભમાં,*
*આવી ઊભા દિલડાને દ્વાર - સામેથી૦*
*અમારાં અગોચર આંગણા, કઈ વિધ કરવો સત્કાર !*
*જાતે રે ઉઘાડી ઊભા ઓરડે,*
*અચરજ ઊપજે અપાર ! - સામેથી૦*
*ભોંઠપ કેમે ન ભાંગતી, મોટપ હરિની અપાર,*
*તમારાં અમે તમે પાળજો,*
*અમને બીજો ના આધાર - સામેથી૦*

આ ભજન સાંભળી બોલ્યા, 'મારે માટે પણ મારા ગુરુ સામેથી હાલીને જ આવ્યા હતા. હું તો એટલો બોથડ હતો કે ત્યારે મને ભોંઠપ પણ નહિ લાગેલી. આજે જરૂર લાગે છે.'

**પૂ. મોટાએ એક વખત મને કહ્યું, 'મારા ગુરુએ મને કહ્યું છે કે જો તું બહુ પ્રસિદ્ધ થઈ જાય અને લોકો તને માનવા લાગે તો કંઈક એવું કરજે કે લોકો તારાથી દૂર ભાગે અને તારી નિંદા કરે.'**

## પૂ. મોટાની સ્પષ્ટ વાણી

એકવાર પૂ. મોટા ગાંધી આશ્રમમાં પધાર્યા અને અતિથિ નિવાસમાં આવી થોડીવાર બેઠા. વયોવૃદ્ધ સંનિષ્ઠ લોકસેવક પૂ. મામા સાહેબ ફડકેએ પૂ. મોટાને કહ્યું, 'મોટા, તમે આટલું બધું સમાજ હિતનું કામ કરો છો તો રેલસંકટનાં કામને પણ તમારે સહાય કરવી જોઈએ.' પૂ. મોટા તત્કાળ નમ્રપણે બેધડક

રીતે બોલી ઊઠ્યા, 'માફ કરજો મામા સાહેબ, તમને સૂઝે છે તે કામ તમે કરો અને મને સૂઝે છે તે જ મને કરવા દો !' પૂ. મોટાનો આવો સ્પષ્ટ જવાબ સાંભળી સૌ લગભગ અવાક બની ગયાં. કોઈથી આગળ એકપણ શબ્દ બોલી શકાયો નહિ. વિનમ્રતા સાથે પણ સુસ્પષ્ટ જ બોલવું અને કોઈને પણ સારું લગાડવા માટે ન બોલવું એ પૂ. મોટાને માટે સહજ હતું.

હું ૧૯૭૩માં ગાંધી આશ્રમમાંથી નિવૃત્ત થઈ શ્રેયસ સંસ્થામાં જોડાયો. પૂ. મોટાએ ૨૬મી જૂને મારે ત્યાં પધારવા વિનંતી સ્વીકારી. તેઓશ્રી 'શ્રેયસ'માં આવી પહોંચ્યા. શ્રી ઇંદ્રવદનભાઈએ તેમને મોટરમાંથી ઉતાર્યા, પરંતુ પૂ. મોટામાં વિવેક તો એટલો બધો જાગ્રત કે તરત જ બોલ્યા, 'પહેલાં આપણે શ્રી લીનાબહેનને મળવા જવું જોઈએ.' મેં કહ્યું, 'મોટા, તેઓ જાણે છે કે આપ પધારવાના છો એટલે તેઓ પોતે જ થોડીવારમાં આવી પહોંચશે.' પૂ. મોટા કહે, 'ના, તે યોગ્ય ન કહેવાય. આપણે જ જવું જોઈએ. ગમે તેમ તોયે તે આપણું કામ કરી રહ્યાં છે.' પૂ. મોટા ફરીથી મોટરમાં બેઠા અને શ્રી લીનાબહેનને મળવા ટેકરી પરની ઑફિસે ગયા. ત્યાં તેઓ બેઠા. વાતો કરી. બાળકોને એકત્ર કર્યાં. પ્રાર્થનાનું ભજન ગવાયું. પૂ. મોટાએ ટૂંકું પ્રવચન પણ કર્યું. ત્યાર પછી જ વિદાય લઈ મારે ઘેર પધાર્યા. તે જ લીનાબહેન પૂ. મોટાના જવાના સમય પહેલાં થોડીવાર માટે મારે ઘેર પૂ. મોટાને મળવા આવ્યાં. તેઓ બોલ્યાં, 'માફ કરજો. બહુ કામમાં હતી એટલે આવતાં મોડું થયું છે.' આ શબ્દો સ્પષ્ટ રીતે માત્ર

શિષ્ટાચારના જ હતા. પૂ. મોટાએ તત્કાળ જવાબ આપ્યો, 'આપણે એવું રાખવું જ નહિ. ન આવી શકાય તોયે હરકત નહિ. આવવું જ જોઈએ એવું શા માટે ?' સાંભળનાર સૌ પૂ. મોટાની સ્પષ્ટ ભાષા સાંભળી સ્તબ્ધ થઈ ગયાં. સારું લગાડવા માટે બોલવું એ જાણે કે પૂ. મોટામાં રહ્યું જ ન હતું. અસ્ત્રાની ધાર જેવી સૂક્ષ્મ અજ્ઞાનરૂપી અંધકારને હરી લે તેવી વાણી રહેતી. સામાજિક રીતે ઊંચી કક્ષાની વ્યક્તિ પોતાની કક્ષાની સભાનતા સાથે પૂ. મોટા પાસે આવે તોપણ પૂ. મોટા નમ્રતા સાથે તેમને બેધડક રીતે કહી દેતા કે 'મને માફ કરજો બહેન/ભાઈ હમણાં હું કામમાં છું.' વ્યવહારના લોકોનો સામાન્ય શિરસ્તો એવો રહેતો હોય છે કે કોઈ કહેવાતી મોટી વ્યક્તિ આવે તો આપણે તેમને ખાસ માન આપી આગળ લાવીને બેસાડીએ અને તેની ખાસ નોંધ લઈએ. આવનાર વ્યક્તિ પણ આવી અપેક્ષા રાખે છે અને અપેક્ષા પૂરી ન થાય તો મનમાં ઊંડે ઊંડે ઘવાયાનો અનુભવ કરે છે. પૂ. મોટા આવી વિશેષ માનની અપેક્ષા પર ખૂબ નમ્રતાપૂર્વક આઘાત કરી શકતા.

પૂ. મોટા સાથે જ રહેતા એક સજ્જન ભાષાની શુદ્ધિના ભારે આગ્રહી હતા. પોતે લેખક પણ ખરા. પૂ. મોટાના કેટલાક ગ્રંથોનું અંગ્રેજી ભાષાંતર પણ તેમણે યથાયોગ્ય રીતે કર્યું છે. ભાષાની શુદ્ધિનો આગ્રહ તેમની પ્રકૃતિમાં ભૂતની જેમ વળગેલો હતો. આથી, પૂ. મોટા ચાહીને અમુક શબ્દો અશુદ્ધ રીતે બોલતા અને લખાવતા. પૂ. મોટા પોતે ભાષાના પૂરેપૂરા જાણકાર હતા અને ભાષા ઉપર એમનું સ્વામીત્વ

હતું, પરંતુ પેલા સજ્જનની પ્રકૃતિની પકડ ઢીલી કરાવવાના હેતુથી જ ભાષામાં કેટલીક અશુદ્ધિનો આગ્રહ રાખતા. બહારથી જોનાર કે સાંભળનારને આની સમજ ના પડે અને કંઈક જુદું જ વિચારવા લાગી જાય.

## વણ માગ્યે હરિ આપે

ભગવાન માટે શ્રીસદ્‌ગુરુ કૃપાથી જ્યારે હૃદયમાં પ્રેમ પ્રકટે છે ત્યારે તેમની પાસે 'કંઈ જ' માગવાની ઈચ્છા રહેતી નથી. પ્રેમ એ જ પ્રેમનો પુરસ્કાર છે. ભગવદ્‌ભાવ, ભગવત્‌પ્રેમથી આપણું દિલ એટલું સભર રહે છે કે ભગવાન પાસે કંઈ જ માગવાની વૃત્તિ જ રહેતી નથી. સ્વામી વિવેકાનંદ હજી સંન્યાસી થયા ન હતા અને માત્ર નરેન હતા. જીવનનો સંગ્રામ કપરો લાગતો હતો. એકવાર તેઓ પરમહંસ પાસે આવ્યા અને પોતાની સ્થિતિનું બયાન કર્યું. પરમહંસે કહ્યું, 'નરેન, મારી પાસે તો કંઈ જ નથી. જે જોઈએ તે 'મા' પાસે માગ.' નરેન ત્રણવાર 'મા'ના મંદિરમાં બેઠા અને ત્રણે વાર ભક્તિ માગી. બીજુ કંઈ પણ માગવાનું યાદ જ ન રહ્યું. આ સાંભળી રામકૃષ્ણદેવે કહ્યું, 'જા, નરેન, તને અન્નવસ્ત્રની તંગી નહિ રહે.'

સાચું ભક્ત હૃદય પ્રભુ પાસે કંઈ જ માગી શકતું નથી. પ્રભુ અંતર્યામી છે. તે તેના ભક્તનું યોગક્ષેમ ચલાવે છે. નરસિંહ મહેતાનું એક અતિ હૃદયદ્રાવક ભજન છે –

'અખંડ રોજી રે હરિના હાથમાં,
દેવાવાળો નથી દૂબળો વહાલો મારો જુએ છે વિચારી.
ભગવાન નથી રે ભિખારી - અખંડ૦.'

'ભગવાન' ભક્તને માટે કેવળ કલ્પના નથી હોતી. એક વાસ્તવિકતા હોય છે. નરસિંહ મહેતાના પુત્રનાં લગ્ન વખતે વેવાઈને આંગણે પહોંચવા સમય થોડો છે. જાન તૈયાર થઈ ગઈ છે. ઊપડવાની જ વાર છે, પણ નરસિંહ મહેતા ઠાકોરજી પાસેથી ઊઠતા નથી. તેઓ તો ભગવાનને કહે છે -

'નહિ સોંઢુ* હું મારા નાથ, તવ વિણ હું ક્યાંયે'

હે નાથ ! તમે આગળ નહિ થાઓ તો હું અહીંથી ખસીશ નહિ. ભગવાન ભક્તને માટે એક વાસ્તવિકતા છે, માત્ર કલ્પના નથી.

**ભગવાન - એક વાસ્તવિકતા**

એકવાર પૂ. ગુરુદયાળ મલ્લિકજી (પૂ. ચાચાજી) સાથે અમે આબુ ગયેલા. પૂ. ચાચાજીએ ડોળીમાં બેસવા બિલકુલ ના પાડી. આખરે વસિષ્ઠ આશ્રમ સુધી ઊતરીને ઉપર ચડતાં તેઓની સ્થિતિ એવી થઈ ગઈ કે તેઓ રાતે લગભગ બેહોશ રહ્યા. સવારે તેમણે મને કહ્યું, 'મેં કાલે ભગવાનને પ્રાર્થના કરી હતી કે જે કંઈ થવાનું હોય તે ઘેર પહોંચ્યા પછી થાય. આ છોકરાઓ મારી સાથે આવ્યા છે, તેમને બદનામી ન લાગી જાય તેવી લાજ રાખજે.' આ વાત અમદાવાદ આવી આશ્રમમાં પૂ. મોટાને કરી ત્યારે તેઓના પ્રભુ સાથેના વાસ્તવિક સંબંધનો મને સ્પષ્ટ ખ્યાલ આવી ગયો. તેઓ બોલ્યા, **'ભગવાન આપણું વહાલામાં વહાલું સ્વજન છે. તેમના પર આપણે વધારે પડતો બોજો નાખવો ન જોઈએ.' આ વખતે પૂ. મોટાની આંખોમાં આંસુ હતાં.** આપણે પ્રભુ પર આપણો

---

* સોંઢવું = ચાલવું

બોજો ન નાખવો જોઈએ, કારણ કે તે આપણો પ્રિય સ્વજન છે. પ્રિયજન પર આપણે બોજો નાખતાં નથી, પણ તેમનો બોજો હળવો કરવા ચાહીએ છીએ. 'ભગવાન' એક વાસ્તવિકતા છે, કેવળ કલ્પના નથી, તે આપણને પૂ. મોટાના જીવનમાંથી જાણવા મળે છે.

**લેખકનો આખ્યાનપ્રેમ**

ખૂબ નાની ઉંમરે જ્યારે હું પ્રાથમિક શાળામાં ભણતો હતો ત્યારે શ્રી અનંતપ્રસાદજીના શિષ્ય જૂનાગઢના શ્રી ત્રિકમલાલ વૈષ્ણવ ગોંડલમાં ચાતુર્માસમાં આવતા અને ગોંડલના નવાડેરામાં સાંજે આખ્યાન કરતા. રામાયણ, મહાભારત સળંગ ગીત અને છંદો અને પ્રાચીન ઢાળોમાં ગાઈને કથા કરતા. આ સાંભળવામાં મને ખૂબ રસ હતો. કોઈ દિવસ કોઈ કારણે ન જઈ શકાય તો રીતસર રડી પડતો. શાળામાં શારીરિક કેળવણી પાંચ વાગ્યે શરૂ થાય. તે ફરજિયાત હતી. આથી, મને કથામાં જવામાં વિઘ્ન આવતું. આખરે મારા શિક્ષકે મને રમતગમતના સમયમાંથી એ શરતે મુક્ત કર્યો કે મારે બીજે દિવસે, આગલે દિવસે સાંભળેલી કથા વર્ગમાં ગાઈ સંભળાવવી.

મારાં નાની રોજ સાચાં સુગંધી ફૂલોનો હાર બનાવતાં, તેઓ ઘીનો દીવો અને સાફ કરેલું કેરોસીનનું હરિકેન એક થાળીમાં મૂકીને આપે, જે મારે કથામાં લઈ જવાનું રહેતું. ફૂલનો હાર, જેને અમે સેવકજી કહેતા તે શ્રી ત્રિકમલાલ સેવક મખમલના આસન પર દ્વારકાધીશ ઠાકોરજીની છબી પધરાવતા અને પછી ફૂલનો હાર ચડાવતા. પછી પ્રાર્થનાના પદથી અને પ્રારંભિક સ્તોત્રોચ્ચારથી કથાનો પ્રારંભ કરતા.

અવાજ સુંદર અને મધુર હતો. આ સંગીતથી હું મુગ્ધ બની જતો. હાર્મોનિયમ (વાજાપેટી) પર ગોંડલના એક ઈજનેર મણિશંકરભાઈ બેસતા. તબલાં પર કેટલીક વખત તો મારી જ શેરીમાં રહેતા શ્રી હરજીવન સોની બેસતા. પાછળથી પોપટલાલ નામના એક વાળંદ બેસતા. પોતે હાથમાં મંજીરા રાખતા. શરૂમાં તો તેઓ ઊભાં ઊભાં આખ્યાન કરતાં પણ પાછળથી તેઓ બેસીને કરવા લાગ્યા હતા.

સાંજનું રોજિંદું રામાયણ કે મહાભારતનું આખ્યાન થયા પછી રાતે ખાસ નિમંત્રણથી જુદી જુદી જગાએ ગૃહસ્થોને ઘેર આખ્યાન થાય. આ આખ્યાનો છૂટાં છૂટાં એટલે કે નરસિંહ મહેતાના પ્રસંગો, શબરી, ધ્રુવ આદિનાં અનેક આખ્યાનો કરતા. આ બધાં આખ્યાનો શ્રી અનંતપ્રસાદજીનાં લખેલાં હતાં.

આ આખ્યાનોમાં આર્યા, દીંડી, લલિત, વણઝારા, હરિગીત, સિપાનો કાનરો, હટાવ, રેખાવૃત, કારાચ આદિ છંદોમાં અને ઢાળોમાં ગીતો આવતાં. આઠ પ્રકારની તો લાવણીઓ તેઓ ગાતા. આ બધા ઢાળો ખૂબ જ આકર્ષક અવાજ અને શૈલીમાં તેઓ ગાતા. સન ૧૯૪૬માં હું આશ્રમની શાળાનો આચાર્ય થયો ત્યારે મેં આશ્રમમાં માંગરોળના સદ્‌ગત શ્રી અનંતપ્રસાદજીનાં લખેલાં આખ્યાનો કરવાં શરૂ કર્યાં હતાં. મને બચપણમાં તે બધા જ ઢાળો અને છંદો સાંગોપાંગ યાદ રહી ગયા હતા.

આ આખ્યાન હું જ્યારે કરતો ત્યારે પૂ. મોટા પોતે આશ્રમમાં હોય તો જરૂર આવીને આરંભથી અંત સુધી સાંભળતા. મને તેનાથી ઘણું પ્રોત્સાહન મળતું.

## આખ્યાનનો અનુભવ

એકવાર અમે આશ્રમના ફાર્મ ઉપર બીડજ ખાતે દશ દિવસનો શિબિર કર્યો. આશરે પોણાબસો બહેનો, આશ્રમનાં કેટલાંક કુટુંબો પણ તેમાં ભાગ લેવા આવ્યાં. દિવસભરના શિબિરના કાર્યક્રમ પછી રાત્રે હું આખ્યાન કરતો. પૂ. મોટા આ શિબિરમાં ત્રણચાર દિવસ આવીને રહ્યા હતા.

એક દિવસ રાતે આખ્યાનથી પરવારી, શિબિરમાં સૌને સુવડાવી હું મારી જગાએ સૂવા ગયો ત્યારે પૂ. મોટા મારી પાસે આવ્યા. હું બેઠો થઈ ગયો. તેમણે સજળ નેત્રે મારા પગ પકડી લઈ મને વિનંતી કરી, **'ભઈલા ! મારી એક ખાસ વિનંતી તને છે કે તું સંસારથી ક્યારેય કંટાળતો નહિ.'** મેં પણ તેમની વિનંતીને પ્રેમથી, નમ્રતાથી સ્વીકારી લીધેલી.

મારો આ સમયનો ગાળો ઘણો જ વિશિષ્ટ પ્રકારનો હતો. હું તમામ બાબતોમાં ખૂબ બેધડક વર્તવા લાગ્યો હતો. સ્વભાવમાં ક્યારેક મારે માટે સાવ અસ્વાભાવિક એવી ઉગ્રતા પણ આવી જતી.

શાળામાં હું ખૂબ જ મુક્ત મને ઓતપ્રોત બની કામ કરી રહ્યો હતો. રોજ રોજ કંઈ નવું નવું સૂઝતું આવતું હતું. તેને તરત અમલમાં મૂકવા પ્રયત્નશીલ રહેતો હતો. શાળામાં એ ગાળામાં મેં બે નવાં છાયાચિત્રો (shadow-plays) તૈયાર કર્યાં. 'શબરી' અને 'ભગવાન બુદ્ધ'. પુણ્યશ્લોક ઠક્કરબાપાને તે એટલાં બધાં ગમ્યાં હતાં કે તેઓ તે જોઈ, સાંભળીને રડી પડ્યા હતા. આ છાયાચિત્રો બતાવવા માટે અમને ઠેરઠેરથી આમંત્રણ મળવા લાગ્યાં. અમે આ રીતે પૂ. સંતબાલજીના

કાર્યક્ષેત્ર ગુંદીમાં, પૂ. બબલભાઈના થામણામાં, આણંદની ડી. એન. હાઈસ્કૂલમાં તે વેળા આજના કૃષિવિદ્યાપીઠના વાઈસ-ચાન્સેલર શ્રી ઈશ્વરભાઈ પટેલ ત્યાં હતા, અમદાવાદમાં સી. એન. વિદ્યાવિહારમાં, પ્રીતમનગરના વ્યાયામ મંદિરના કંપાઉંડમાં આ છાયાચિત્રો બતાવવા ગયા હતા.

મારાં આખ્યાનો માટે પણ મને ઘણી જગાએથી આમંત્રણો મળતા લાગ્યાં.

**મોટા આખ્યાન**

શ્રેયસ હાઈસ્કૂલ (અમદાવાદ)માંથી ૧૯૮૨માં હું મુક્ત થયો. તે સમયે શ્રી ઈંદુભાઈ શૅરદલાલે મને પૂ. મોટા સંબંધી આખ્યાન લખવાની સૂચના કરી. મને આ સૂચનાની એટલી ઊંડી અને સચોટ અસર થઈ કે તે જ દિવસે હું લખવા બેસી ગયો. સતત લખતો રહ્યો. સાડા ચાર કલાક ચાલે તેટલું લાંબું આ આખ્યાન લખાયું.

આ લખતી વખતે મને સ્પષ્ટ લાગ્યા કરતું હતું કે કોઈક ખરેખર લખાવી રહ્યું છે. સતત અને અનાયાસે લખવાનું ચાલ્યા કરે. તેમાં જ્યારે પૂ. મોટા, પૂ. ધૂણીવાળાદાદા પાસે પહોંચ્યા તે પ્રસંગ આવ્યો ત્યારે મનમાં સહજ રીતે એક આર્તભાવે પ્રાર્થના થઈ ગઈ. ‘હે મોટા ! જો મારામાં લાયકાત હોય તો પૂ. ધૂણીવાળાદાદાનો સૂક્ષ્મમાં અનુભવ આપો.’ આવી પ્રાર્થના સાથે લખવાનું શરૂ કર્યું. આખા આખ્યાનમાં ક્યાંયે મારે શબ્દોમાં ફેરફાર કરવો પડ્યો નથી. ક્યાંયે છંદ બેસાડવા પ્રયાસ કરવો પડ્યો નથી. મૂળ લખાણ હજુ મેં સાચવી રાખ્યું છે, પણ પૂ. દાદા અને પૂ. મોટાના મેળાપનો પ્રસંગ લખતી

વખતે કસોટી શરૂ થઈ. ઘણીવાર લખ્યું અને દિલને રુચ્યું નહિ એટલે તેના પર છેકા માર્યા. લખવાનું ચાલે જ નહિ. એકાએક શરીરમાં તકલીફ શરૂ થઈ ગઈ. એકદમ અસ્વસ્થતા અનુભવવા લાગ્યો. કેમેય ચેન પડે નહિ. બીજું કંઈ કરવું ગમે નહિ. મનમાં ઊંડે મને સમજાયું પણ ખરું કે પૂ. મોટા ખરેખર કસોટી કરી રહ્યા છે. ક્યાંય સુધી આવું ચાલ્યું. ત્યાર પછી દિલમાં ઊંડા સંતોષ અને આનંદ સાથે શબ્દો નીકળ્યા.

'મોટા, ચાલ્યા દાદાજીના દેશમાં,
કરવાને જીવન યાહોમ,
રહે હરિઃૐ - અલખના આદેશથી.'

પછી યથાવત્ લખવાનો પ્રવાહ ચાલુ થઈ ગયો. આ પ્રસંગ હું એટલા માટે જ નોંધું છું કે **મારે ઊંડા વિશ્વાસપૂર્વક કહેવું છે કે પૂ. મોટાએ શરીર છોડ્યું છે, સ્વજનોને છોડ્યાં નથી. તેઓ હજી આપણી સાથે જ છે, આપણાં પ્રત્યેક ચેષ્ટાને, વૃત્તિને, ભાવને અનુભવે છે અને આપણને ખરેખર શ્રેયને માર્ગે દોરી રહ્યા છે. પૂ. મોટા શરીરથી ગયા છે પણ તેઓ હજી પણ ચેતનરૂપે ખરેખર આપણી સાથે જ છે. આ શબ્દો કેવળ ભક્તિભાવ દર્શાવવા હું લખતો નથી, પણ જે એક નરી વાસ્તવિકતા છે, તેને જ નમ્રપણે પ્રકટ કરું છું. આપણા જીવનમાં, મનમાં, હૃદયમાં શું ચાલે છે, તે તેઓ પ્રત્યક્ષ જુએ છે અને જાણે છે. તેઓ હજી પણ છે જ. આ બાબતમાં ગફલતમાં રહેવું આપણે માટે યોગ્ય નથી.**

## 'સંદેશ' સાથેનો સંબંધ

મારે 'સંદેશ'ના તંત્રી સદ્‌ગત નંદલાલ બોડીવાલા સાથે સંબંધ બંધાયેલો હતો. પૂ. ગાંધીજીના દેહાંત સાથે મેં લખવાનું શરૂ કર્યું. પ્રથમ લેખ આ નિમિત્તે શ્રી બોડીવાલાએ છાપ્યો. હવે મારો રસ લેખનકાર્ય તરફ વળ્યો. 'સંદેશ'માં રામાયણ, મહાભારત અને ભાગવત ઉપર ક્રમશઃ રોજ એક કૉલમ લખતો. આ કૉલમનું નામ 'શ્રીકૃષ્ણચરણે' હતું. થોડા વખતમાં જ 'સંદેશે' 'સત્સંદેશ' નામનું ધાર્મિક માસિક શરૂ કર્યું. તેનું સંપાદન કામ તેમણે મને સોંપ્યું અને તે પછી 'સંદેશ'નો અગ્રલેખ લખવાનું કાર્ય મારી પાસે આવ્યું.

પૂ. મોટા દર વર્ષે આશ્રમમાં આવીને રહેતા. સવાર અને સાંજે જે વખત મળતો તે તેમની પાસે બેસવામાં ગાળતો. તે વખતે પૂ. મોટા ઘણા સુલભ હતા. તેઓને મારામાં ખૂબ જ રસ હતો એવું મને અનુભવમાં આવતું હતું. અમે કલાકો સુધી પેટ ભરીને વાતો કરતા.

એ અરસામાં પૂ. મોટાનું **'જીવન સંદેશ'** પુસ્તક છપાવવાનું કામ 'સંદેશ'માં આવ્યું. આ પુસ્તક પૂરું થતાં તેની પ્રસ્તાવના લખવાનું પૂ. મોટાએ મને સૂચવ્યું. બીજે દિવસે હું પુસ્તક વાંચી ગયો અને તે પછી તેની પ્રસ્તાવના લખી નાખી. આ પ્રસ્તાવના ઉપરાંત, પૂ. સંતબાલજીનાં આશીર્વચન લેવામાં આવ્યાં. પૂ. મોટા મને કહે, 'ભઈલા ! મને તો એવી જરૂર નથી લાગતી પણ ઘણાંને એમ લાગે કે કોઈ લોકપ્રસિદ્ધ વ્યક્તિની પ્રસ્તાવના હોય તો તેનું મૂલ્ય વધી જાય એટલે શ્રી સંતબાલજીનાં આશીર્વચન લીધાં છે.' મેં પૂ. મોટાને કહ્યું, 'મોટા ! આપના

પુસ્તક માટે પ્રસ્તાવના, સંપાદકીય કે આશીર્વચન જે કહો તે લખવામાં આપનું અને આપનાં લખાણનું મૂલ્યાંકન થવા કરતાં પ્રસ્તાવનાના લેખકનું મૂલ્યાંકન થાય છે.'

## પૂ. મોટા પ્રત્યે સમર્પણ

એક વખત સાંજના સમયે હું શાળાએથી છૂટીને ઘેર આવ્યો હતો. તે વખતે એક મોટર મારે આંગણે આવી ઊભી. આવનાર 'સંદેશ'ના તંત્રીશ્રી નંદલાલ બોડીવાલા હતા. તે વખતે હું 'સંદેશ'માં કામ કરતો હતો અને અગ્રલેખ, 'શ્રીકૃષ્ણચરણે', 'રાજકારણનો રિવ્યૂ' વગેરે લખાણો લખતો હતો. હું મોટર પાસે ગયો. શ્રી બોડીવાલાએ મને કહ્યું, 'હું તમને અભિનંદન આપવા આવ્યો છું.'

'શા માટે ?' મેં પૂછ્યું.

'હું તમને 'સંદેશ'ના મૅનેજર બનાવું છું' તેમણે કહ્યું. 'હું તેમની સાથે મોટરમાં બેઠો અને વાતો કરી. તેમણે મને 'સંદેશ'ના કાર્યાલય ઉપરના ફ્લેટમાં રહેવા આવવાની સગવડ આપવા કહ્યું.'

મેં તેમનું કહેવાનું બધું શાંતિથી અને પ્રેમથી સાંભળી લીધું.

'આવતી કાલે સવારે હું આપને મળીશ અને નિર્ણય કરીશું.' મેં કહ્યું.

શ્રી બોડીવાલા ગયા. પૂ. મોટા ત્યારે આશ્રમમાં જ હતા. હું તેમની પાસે ગયો. સાંજે તંત્રીશ્રી બોડીવાલાએ મૂકેલી દરખાસ્ત પૂ. મોટાને મેં કહી સંભળાવી. પૂ. મોટાએ મારી વાત સાંભળી લીધી અને કહ્યું, 'સવારે જવાબ આપીશ.'

બીજે દિવસ સવારે હું, પૂ. મોટાને મળવા ગયો. તેમણે કહ્યું, 'આજે સવારે મને સ્વામીનારાયણના શ્રીજી મહારાજનો ખ્યાલ આવ્યો. શિક્ષાપત્રીમાં તેમણે લખ્યું છે કે વ્યવહારમાં સ્પષ્ટતા કરી લેવી સારી. હું તારી સાથે આવું છું. આપણે શ્રી નંદલાલભાઈને મળીએ અને પછી નિર્ણય કરીએ.'

પૂ. મોટા અને હું સાઈકલ પર આશ્રમથી નવરંગપુરા ગયા. શ્રી નંદલાલભાઈને મળ્યા.

શ્રી નંદલાલભાઈએ વકીલ મારફતે કૉન્ટ્રૅક્ટ કરવાની તૈયારી બતાવી. 'સંદેશ' ઉપરના ફ્લેટમાં રહેવાની સગવડ આપવાનું કહ્યું. શરૂમાં પગાર ૪૫૦ થી ૫૦૦ આપવા કહ્યું. એક વર્ષ પછી પ્રેસના નિયમ પ્રમાણે ફર્સ્ટ ક્લાસ પ્રેસના કેડરમાં મૂકી દેવા કહ્યું. કૉન્ટ્રૅક્ટ આઠ દશ વર્ષનો કરવા કબૂલાત આપી. પૂ. મોટા જેમ કહે તેમ કરી આપવા તેમણે તૈયારી બતાવી.

અમે કલાકેક વાતો કરી ઊઠ્યા. સાંજે જવાબ આપવા કહ્યું.

અમે - મોટા અને હું - સાઈકલ ઉપર પાછા ફર્યા. રેડિયોઘર પાસે તેઓ સાઈકલ ઉપરથી ઊતરી ગયા. ફૂટપાથ પાસે સાઈકલ ઊભી કરી. મેં પણ તે પ્રમાણે કર્યું. તેઓને થોડો શ્વાસ ચઢ્યો હોય તેવું લાગતું હતું. થોડીવાર પછી પૂ. મોટાએ મને કહ્યું, 'ભઈલા ! નંદલાલભાઈને નમ્રતાપૂર્વક ના કહી દેજે.' અમે ઘેર આવ્યા. મેં સાંજે નવરંગપુરા જઈ શ્રી નંદલાલભાઈને નમ્રતાપૂર્વક ના કહી દીધી.

આ પ્રસંગની નોંધપાત્ર બાબત હોય તો તે એ છે કે ત્યાર પછી અમે ક્યારેય એક ક્ષણ માટે પણ આ પ્રસંગની

ચર્ચા કરી નથી. પૂ. મોટાએ પોતે સૂચવેલ નિર્ણય કેમ કર્યો, શા માટે કર્યો તેનો ખુલાસો કર્યો નથી. તેમ જ મેં પણ એ બાબતમાં તેમને એક પણ સવાલ પૂછ્યો નથી. તેમણે સૂચના આપી અને મેં અમલ કર્યો.

'સંદેશ'નું મૅનેજરપદ મેળવી આગળ ઉપર કદાચ નિષ્ફળ જવાનો પૂરો સંભવ હોય, પણ મારા જેવા આશ્રમના એક ઓરડાના ઘરમાં રહેતા, કેવળ જીવનનિર્વાહ પૂરતું વેતન લઈ કામ કરતા યુવાનને આ ઑફર - દરખાસ્ત કેટલી લલચાવનારી હશે તેની કલ્પના કરવી કોઈને માટે અઘરી નથી. પ્રથમ તો મારા 'સંદેશ'ના કામની કદર કરવારૂપે આ દરખાસ્ત આવી હતી. આવી કદરદાનીની દરખાસ્તને તદ્દન ઈન્કારવામાં પણ વ્યાવહારિક રીતે ઘણો સંકોચ થતો હતો.

પૂ. મોટાની કૃપાથી આ કસોટીમાંથી સરળ રીતે પાર ઊતરી જવાયું. તેમની જ કૃપાથી મેં કોઈ મોટો ત્યાગ કર્યો એવું અભિમાન પણ ફરક્યું નથી અને પૂ. મોટાની નિર્ણયાત્મક સૂચનાને વગર વિચાર્યે સ્વીકારી લઈ શકવાનું પણ અભિમાન ફરક્યું નથી. જે બન્યું તે સહજ અને સરળ રીતે બની ગયું.

## અહંનું નિર્ગલન

પૂ. મોટા સાથેના મારા શરૂઆતના સંબંધમાં મને એવી સભાનતા રહેતી કે મને તો મારા શ્રીસદ્‌ગુરુની પ્રાપ્તિ થઈ ચૂકી છે, એટલે કે પૂ. મોટા પાસે આવનારાંઓમાં મારી કક્ષા જુદા જ પ્રકારની છે. હું જ્યારે પૂ. મોટા પાસે જતો ત્યારે તેઓ મને હીંચકા પર પોતાની પાસે બેસાડતા. મનમાં આ બાબતનો સૂક્ષ્મ ગર્વ પણ રહેતો હશે એવું પણ યાદ આવે

છે. મનમાં ઊંડે ઊંડે રહેલી માન-સન્માનની સૂક્ષ્મ ભૂખનો પૂ. મોટાએ કેવી રીતે ઇલાજ કર્યો તે પણ જાણવા જેવી વાત છે. ઉપરાઉપરી ત્રણવાર પૂ. મોટાએ સ્વપ્નમાં બહુ જ સૂક્ષ્મ, વિચિત્ર રીત અજમાવી. સ્વપ્નમાં પૂ. મોટા મારું સન્માન કરે, તિલક કરે, ફૂલની માળા પહેરાવે. આસપાસ બેઠેલા લોકોની હાજરીમાં પૂ. મોટા આવી રીતે મારી સાથે વર્તે. બે વખત તો મને આના ઉદ્દેશનો ખ્યાલ ન આવ્યો. જ્યારે ત્રીજી વાર આવું જ સ્વપ્ન આવ્યું ત્યારે હું સ્વપ્નમાં જ પૂ. મોટાનાં ચરણોમાં પડી, આંખમાં આંસુ સાથે મેં કહ્યું, 'મોટા ! મારે સન્માન નથી જોઈતું, મારે તો વૈરાગ્ય જોઈએ છે.' બીજે દિવસે પૂ. મોટાને રૂબરૂમાં પણ આ અનુભવ વિશે વાત કરી.

**આશ્વાસનની રીત**

મારો સૌથી મોટો પુત્ર માંદો પડ્યો અને આખરે અવસાન પામ્યો. તે પ્રસંગમાં પૂ. મોટા મારી સાથે ખૂબ જ નિકટથી સંકળાયેલા હતા. આ પ્રસંગ મેં વિસ્તારથી અન્યત્ર વર્ણવ્યો છે. હું અહીં તેનો વિસ્તાર કરીશ નહિ. મેં તેમને મારા પુત્રના અવસાનના સમાચાર કુંભકોણમ્ જણાવ્યા ત્યાર પછી તેઓ જ્યારે અમદાવાદ ગાંધી આશ્રમમાં પધાર્યા અને હું અને મારાં પત્ની તેમને મળ્યાં ત્યારે મારી પત્નીને તેઓએ બહુ જ પ્રેમથી આશ્વાસન આપ્યું, પણ મારી સાથે ત્યારે કે ત્યાર પછી પણ આ બાબતમાં સંપૂર્ણ મૌન રહ્યા. એક શબ્દ પણ એ બાબતમાં મારી સાથે ઉચ્ચાર્યો ન હતો. કેમ થયું, શું થયું કે એવું કંઈ પણ પૂછ્યું પણ નહિ, આપણને – સંસારી

માણસને સામાન્ય રીતે સહાનુભૂતિ, આશ્વાસન વગેરેની એક સ્વાભાવિક અપેક્ષા રહેતી હોય છે, તે અપેક્ષા હેતુપૂર્વક પૂરી પાડવાની મુક્તાત્મા પરવા કરતા નથી. સામાન્ય રીતે માણસનો અહં ઘવાય, આઘાત અનુભવે પણ જીવનના સાધક સાથેનું તેમનું વર્તન અસામાન્ય હોય છે. ગુરુકૃપાથી મને પણ પૂ. મોટાના આવા વર્તનનો હેતુ સમજાઈ ગયો અને મને આઘાત લાગ્યો નહિ. શ્રીસદ્ગુરુ સંતના બાહ્ય વર્તનને તેમની કૃપા વિના આપણે સમજી શકતાં નથી. **ક્રાઈસ્ટે બહુ જ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે, 'જજ મી નૉટ - Judge me not' એટલે કે 'મારા ન્યાયાધીશ ન બનો.'** શ્રીસદ્ગુરુના વર્તનને આપણી બુદ્ધિથી આપણે કદી પણ ન્યાય આપી શકતાં નથી. આપણી આવી ચેષ્ટા જ મિથ્યા છે.

## પૂ. મોટાનું અંતર્યામીત્વ

એકવાર હું શાળાના કામે એડ્યુકેશનલ ઈન્સ્પેકટરની ઑફિસે ગયો હતો. રસ્તામાં રિલિફ સિનેમા થિયેટરમાં એક સારું ચલચિત્ર ચાલી રહ્યું હતું. એ જોઈ મને મનમાં વિચાર આવ્યો, 'હમણાં તો પૂ. મોટા અહીં આશ્રમમાં જ છે એટલે ચલચિત્ર જોવા જવાનું બની શકશે નહિ.' માત્ર આવો વિચાર મનમાં પસાર થઈ ગયો. હું ઘેર આવી પૂ. મોટા પાસે ગયો. થોડી જ ક્ષણોમાં પૂ. મોટા બોલ્યા, 'ભાઈ નંદુ ! હમણાં ક્યાં સારું ચિત્ર ચાલે છે ? ટિકિટો મંગાવો આપણે જોવા જઈએ !' મેં તરત જ પૂ.મોટાને નિખાલસ રીતે કહ્યું, 'મોટા ! હું આજે સરકારી ઑફિસમાં ગયો હતો ત્યારે મેં રિલિફ થિયેટરમાં ચાલતા સારા ચલચિત્રનું પાટિયું વાંચ્યું અને મને વિચાર આવ્યો

હતો કે પૂ. મોટા અહીં હોવાથી હમણાં તો જોવા જવાનું બનશે નહિ.' ત્યાર પછી હું એક દિવસ પૂ. મોટા સાથે એક ફિલ્મ જોવા ગયો હતો. આ ફિલ્મ પૂ. મોટાએ જ મને બતાવી હતી. શ્રીસદ્‌ગુરુ સાથેના આપણા નિખાલસ સંબંધથી તેમનો આપણા પરનો પ્રેમ ખૂબ વધે છે અને આપણી નિર્દોષ ઇચ્છાઓ પણ તેઓ સહર્ષ, સપ્રેમ પૂરી કરે છે.

## વાસના પર વિજય

પૂ. મોટાએ મને પોતાના પ્રાણના શમનની સાધનાની વાત કરી હતી. ભૂખ, નિદ્રા અને કામવૃત્તિ પ્રાણની ભૂખ છે. પૂ. મોટાએ મને કહેલું કે કામવૃત્તિને શમાવવા પોતે ઠંડી રાતે કેડ સુધી નદીનાં પાણીમાં બેસી રહેતા. આખરે કોઈપણ ઉપાય કારગત ન થયો ત્યારે શ્રીસદ્‌ગુરુને રૂબરૂ મળવા જવાનો નિર્ણય કર્યો. હરિદ્વારના કુંભમેળામાં તેમને પોતાના ગુરુનાં દર્શન થયાં. શ્રીબાલયોગીજીએ પૂ. મોટાને ધૂણીવાળાદાદા પાસે જવાનું સૂચવ્યું. આથી, પૂ. મોટા પૂ. ધૂણીવાળાદાદા પાસે ગયા. ત્યાં જ પેલા ઇંદોરના રાજકુમાર ધનનો થાળ ધરવા આવેલા અને પૂ. દાદાએ થાળને ઠોકર મારી દીધી. એ વખતે જ પૂ. દાદા એકલા પડ્યા ત્યારે તેમની સેવા કરનારી બહેનો પૂ. દાદા પાસે આવી. પૂ. દાદાએ પહેરેલો અંચળો કાઢી નાખવાની આજ્ઞા કરી. જ્યારે તેમણે અંચળો કાઢી નાખ્યો ત્યારે પૂ. મોટાએ પ્રત્યક્ષ જોયું કે પૂ. દાદાની જનનેંદ્રિય મૃતવત્ શિથિલ દશામાં જ અવિકૃતપણે રહી હતી. આ જોઈ પૂ. મોટાને અંતરમાં સમજાયું કે ચેતનની સંપૂર્ણ સ્થિતિ જ જીવને – સાધકને

સંપૂર્ણપણે નિષ્કામ બનાવી શકે છે. પૂ. સદ્‌ગુરુની સંપૂર્ણ કૃપા સિવાય પ્રાણ ઉપર – કામ ઉપર વિજય મેળવવો શક્ય જ નથી. કેવળ ગુરુકૃપા જ આવી સ્થિતિ ઉપજાવવા સમર્થ છે. સાધકની અહંપૂર્ણ, સ્વચ્છંદી કઠોરમાં કઠોર સાધના આ બાબતમાં કામયાબ બનતી નથી. આ બાબતમાં તો ઘણું બધું જાણવા જેવું છે, પણ તે ઉપનિષદનો વિષય છે, પરિષદનો નહિ. આ બાબતમાં આથી વિશેષ લખી શકાય નહિ.

## ઉપવાસ શા માટે ?

પૂ. મોટા આશ્રમમાં જ હતા. મેં મારા સાધના જીવનમાં એકવાર આઠ દિવસ, એકવાર પંદર દિવસ અને એકવાર ચાર સપ્તાહ કેવળ પાણી પર ઉપવાસ કરેલા. એક માસના ઉપવાસ વખતે તો મેં નિયમિત કામ કરવાનું પણ છોડ્યું ન હતું. આ દિવસોમાં ખાસ કરીને રેંટિયાની મરામત કરવાનું શ્રમયુક્ત કામ કર્યા કરતો હતો. આ વખતે પૂ. મોટા કુંભકોણમ્ હતા અને તેમણે ખાસ પત્ર લખી મારાં પત્નીને મારી ખૂબ સંભાળ રાખવાનું સૂચવ્યું હતું. ઉપવાસને છેલ્લે દિવસે તો હું એક કારણ માટે લગભગ બે માઈલ ચાલતો ગયો હતો. આ ગાળામાં મારામાં કોઈ એવી પ્રચંડ શક્તિ શરીરમાં પ્રકટતી જણાતી હતી કે જો કોઈ મને જવા દે તો હું ગિરનાર દત્તાત્રેયજીના શિખર પર પણ જઈ આવી શકું.

પૂ. મોટા જ્યારે ગાંધી આશ્રમે આવ્યા ત્યારે તેઓએ મને કહ્યું કે **ઉપવાસથી એટલું જ સિદ્ધ થાય છે કે આપણે કેવળ અન્નથી જ જીવતાં નથી, પણ અન્નમય કોષને જે નુકસાન પહોંચે છે, તે ફરી ભરપાઈ થઈ શકતું નથી.**

ઉપવાસથી માત્ર એટલું જ સિદ્ધ થાય છે કે આપણે ગુરુકૃપાથી અન્ન વિના દીર્ઘકાળ રહી શકીએ છીએ. આથી વિશેષ કંઈ નહિ. શ્રીમદ્ ભગવદ્ગીતામાં લખ્યું છે કે 'રસ'નું શમન તો પરમનાં દર્શનથી જ થાય છે.

**અહંના શમનનો ઉપયોગ**

મને એક વખત વિચાર પ્રકટ્યો. પૂ. શ્રીસદ્ગુરુની કૃપાથી જાગેલાં આ ચેતનનો મારે શો ઉપયોગ કરવો છે ? શું મારે મારી પુરાણી રીતનું પ્રાકૃત જીવન જ આ જાગેલી શક્તિ સાથે જીવવું છે કે ચેતનને અનુકૂળ થઈ જીવવું છે ? શ્રીસદ્ગુરુની કૃપાનો ઉપયોગ મારા જૂના પ્રાકૃત જીવન જીવવામાં જ કરવો છે કે જીવનને પલટવું છે ? ચેતનની માગણી પ્રમાણે જીવવું છે કે મારા અહંની માગણી પ્રમાણે જીવવું છે ? આ પ્રશ્નોત્તરી થોડી ક્ષણો ચાલી અને તરત સમજાયું કે હવે આ ક્ષણ પ્રભુને rededicate (પુનઃસમર્પણ) કરવાની ક્ષણ છે. આ સવાલ તો જીવનમરણ વચ્ચેની પસંદગીનો હતો. જો જીવવું જ હોય તો પ્રભુની ઈચ્છા પ્રમાણે જ જીવવું પડશે. અહંપૂર્ણ પ્રાકૃત જીવન જ જીવવું હશે તો મરવું પડશે. આ પ્રશ્નોત્તરીથી મારા મનમાં ઊંડું સમાધાન થયું અને મારી ભૂલ પણ સમજાણી. તે ક્ષણથી નિશ્ચય કર્યો કે હવે કેવળ પ્રભુની - શ્રીસદ્ગુરુની ઈચ્છાને જ વશ વર્તી જીવવું છે. બસ તે દિવસથી પેલો વિચિત્ર અનુભવ પણ બંધ થઈ ગયો. તે સાંજે હું એકલો શાળાના ઓટલા પર બેઠો હતો અને અચાનક ઊંડા આનંદ સાથે 'આજ્ઞાચક્ર' સક્રિય બન્યું. મને થયું કે આ પૂ. મોટાની કૃપાનું

જ પરિણામ છે. એટલે હું તરત રાતે સાડાદશ વાગ્યે પૂ. મોટા પાસે ગયો. તેઓ નદી બાજુની લૉબીમાં ખાટલા પર સૂતા હતા. હું તો જઈને તેમને વળગી પડ્યો. તેમણે મને આવવાનું કારણ પૂછ્યું. મેં તેમને જે બન્યું હતું તે ટૂંકમાં કહ્યું. તેઓ ખૂબ પ્રેમથી મારી સાથે થોડી વાર બેઠા. હું તેમનો આભાર માની છૂટો પડ્યો. અગાઉ કહ્યું તેમ ભૂખ, નિદ્રા અને કામવૃત્તિ પ્રાણની ભૂખ છે. આથી, પ્રાણનો સંયમ કેવળ ગુરુકૃપાથી ન થાય ત્યાં સુધી સાધકને ખાઉધરો (ખૂબ ખાનારો), એશઆરામી અને સ્ત્રીલંપટ બની જતાં વાર લાગતી નથી. સાધનામાં પ્રાણનું શમન કરવું એ સૌથી દુષ્કર છે.

**ભાવના અને વાસ્તવિકતા**

પૂ. મોટા મને ઘણીવાર કહેતા, **'ભઈલા ! ભાવનાનાં અને વાસ્તવિકતાનાં ભજનોમાં ફેર હોય છે. આપણે તો વાસ્તવિકતાનાં ભજનો જ ગાવાનાં.'** આ એક અતિ મહત્ત્વનું સૂચન છે. 'ભાવના' એ 'વાસ્તવિકતા' નથી. ભાવના આપણો ભાવ વ્યક્ત કરે છે અને ભગવાન પાસે પ્રાર્થના કરે છે કે 'મને આમ કરજે, તેમ કરજે, હું આમ કરું અને તેમ કરું' વગેરે વગેરે ભાવનામાત્ર છે. વાસ્તવિકતા તો સાવ જુદી જ વસ્તુ છે. વાસ્તવિકતા એટલે આપણે ખરેખર જે છીએ, ખરેખર જે અનુભવી રહ્યાં છીએ તેનું ભગવાનને વાસ્તવિકતા સમજી તેમની સામે નિવેદન કરીએ તે વાસ્તવિકતાનું ગાન છે – ભજન છે. આ સૂક્ષ્મ ભેદ પૂ. મોટાની કૃપાથી જ સમજાયો. તે જ દિવસે મેં લખ્યું કે –

'હરિ ભલે ન મળો અમ દીનને, હરિજન સંગ કરાવો રે' અને જ્યારે મેં તેમની સામે ગાયું ત્યારે તેઓ આનંદથી ઊછળવા લાગ્યા.

સાચા સંત ભક્તોનાં ભજનોમાં નરી વાસ્તવિકતાનાં જ દર્શન થતાં હોય છે. સુરદાસજી ભગવાનની સામે નિખાલસપણે પોતાની ભીતરની વાસ્તવિકતા પ્રકટ કરતાં ગાય છે –

મો સમ કૌન કુટિલ, ખલ, કામી,
જિસ તનુ દિયો તાહી બિસરાયો, ઐસો નિમકહરામી -
શ્રી તુલસીદાસજી આર્ત ભાવે ગાય છે –
મૈં પ્રસિદ્ધ પાતકી, તૂ પાપ પુંજ હારી.

આવી સંતોક્તિઓ એકઠી કરીએ તો પાર ન આવે. પૂ. મોટાએ જ્યારે એક ભજન નડિયાદ આશ્રમમાં સાંભળ્યું ત્યારે તેઓ અતિશય ગદ્ગદ થઈ ગયા હતા, અને મારાં ભજનો છપાવવાને માટે તેમણે પોતે જ સંપૂર્ણ જવાબદારી લઈ લીધી હતી. આ મારો ભજનસંગ્રહ તે **'દૂરસુદૂરનાં ગીતો'**. મેં ત્યારે પૂ. મોટાને નમ્રપણે કહ્યું હતું કે હજી આ ભજનો પ્રકટ કરવાનો સમય પાક્યો મને લાગતો નથી. પૂ. મોટાએ કહ્યું, 'સમય પાકી ગયો છે. છપાવી નાખ.' બધું ખર્ચ પણ પૂ. મોટાએ જ આપ્યું. આ ભજન* *'હરિ ! હું તવ ચરણોની ધૂલી'* હતું.

## સ્વજન પ્રત્યેનો ભાવ

પૂ. મોટામાં પોતાના સ્વજનને સર્વ રીતે મદદ કરવાની એક તીવ્ર તમન્ના પ્રચંડ રીતે જાગતી રહેતી. મને યાદ છે કે

---

* પૃ. ૩૧ ઉપર આ ભજન છે.

અમે શાળાનાં બાળકોને પ્રવાસે લઈ જવાનાં હોઈએ ત્યારે અમને એવી ઝીણી ઝીણી સૂચનાઓ આપે કે અમને થાય કે શું અમે આટલું પણ નહિ જાણતાં હોઈએ કે પૂ. મોટાને આવી સૂચનાઓ આપવી પડે છે ! શરૂમાં કોઈવાર મને અકળામણ થતી પણ પૂ. મોટાની જ કૃપાથી સમજાઈ ગયું કે તેઓ માત્ર મદદરૂપ થવાના શુભ આશયથી, પ્રેમથી પ્રેરાઈને કોઈ ભૂલ ન રહી જાય તે માટે સૂચનાઓ આપે છે. પૂ. મોટાના પ્રેમની કદર કરવા જેટલી સમજ પણ તેમની કૃપાથી જ પ્રકટતી. પૂ. મોટાનું સ્વજનપણું અજોડ હતું. તે હવે જ્યારે જ્યારે સમજમાં આવે છે અને યાદ આવે છે ત્યારે ત્યારે દિલ રડી ઊઠે છે. પૂ. મોટાનું શરીરમાં હોવું અને આપણી સાથે એકભાવે રહેવું તે કેવો તો મહાન સુઅવસર હતો ? અવસરનું મૂલ્ય આંકી શકાય નહિ તેવું છે. અવસરને ઓળખવો અને તેનો સદુપયોગ કરી લેવો તે શ્રીસદ્‌ગુરુની કૃપાનું જ પરિણામ છે. ઊંડેથી જોઈએ તો અવસર એ કાળરૂપ પરમાત્માનું જ પ્રાકટ્ય છે. તેઓ અવસરરૂપે પ્રકટી આપણને તેનો ઉપયોગ કરી લેવાની તક આપે છે.

પૂ. મોટાના સ્વજનપણા માટેની કૃતજ્ઞતાનો ભાવ કેટલાંક ભજનોમાં તે તે કાળે વ્યક્ત થઈ ગયો છે, તે પરથી ખ્યાલ આવશે કે પૂ. મોટા મારા અને મારા કુટુંબ માટે કેટલા નિકટના સાચા સ્વજન હતા.

'વહાલા ! વેણુનો તું રે વાનાર, સૂકી હું તો વાંસલડી,
ફૂંકે જો તું હું ગુણ ગાનાર, મરું નહિ તો મૂંગલડી.
માત, તાત, સખા ગણું જેહ મારે મોટા એક તું,

જાગ્યો જનમો જનમનો નેહ, વધુ વહાલા શું કહું ?'

પૂ. મોટા વિશે લખવા જતાં એ અનુભવ થાય છે જે એક સંસ્કૃત કવિએ એક સુંદર શ્લોકમાં વર્ણવ્યો છે :

असीतगिरिसमं स्यात् कज्जलं सिंधुपात्रे
सुरतरुवरशाखा लेखनीं पत्रमूर्वी ।
लिखति यदि गृहित्वा शारदा सर्वकालं
तदपि तव गुणानामीशं पारं न याति ॥

'કાળા પહાડને પિગાળી સાગર જેવડો ખડિયો હોય અને દેવદારના વનના વૃક્ષની ડાળીની લેખણ બનાવી, પૃથ્વી જેવડા વિશાળ પત્ર પર સદાયે શારદા પોતે સદાકાળ તારા ગુણગાન લખવા બેસે તોપણ તેનો પાર ન આવે.'

## પ્રકૃતિ - આપણી માતા

એક વખત હું, પૂ. મોટાને કાંટાવાળા સાહેબને ત્યાં મળવા ગયો. પૂ. મોટા તે વખતે હજામ પાસે હજામત કરાવતા હતા. હું તેમની પાસે બેઠો હતો. કંઈક નિમિત્ત નીકળતાં પૂ. મોટા મને કહેવા લાગ્યા, 'મારા ગુરુને એકવાર પૂછેલું કે સાધના.... ખરેખર પહોંચેલો માણસ કોણ કહેવાય ? તેનાં લક્ષણો કયાં ? મારા ગુરુએ જવાબ આપેલો 'જે માને ભોગવી શકે, તે ખરેખરો પહોંચેલો સમજવો.''

સામાન્ય રીતે આ શબ્દો સાંભળી નીતિવાદી લોકોને મોટો આઘાત લાગે. આવી વાણી ઉચ્ચારવી તે પણ સામાન્ય લોકોને આઘાત લાગે. માનો સાંકેતિક ઉલ્લેખ અહીં છે પ્રકૃતિમાતા. જે પ્રકૃતિ ઉપર સંપૂર્ણ અંકુશ ધરાવતો હોય અને

પ્રકૃતિનો સ્વેચ્છાએ ઉપયોગ કરી શકતો હોય તેવો સંપૂર્ણ ચેતનારૂઢ પુરુષ જ પહોંચેલો ગણાય.

હકીકતમાં જેની દૃષ્ટિએ આ દૃશ્ય જગત સંપૂર્ણપણે પરમાત્મારૂપ જ બન્યું છે, ગમે તે સ્વરૂપમાં જગત પરમાત્મચૈતન્યરૂપ જ છે, તેને આ જગતને પરમાત્મારૂપે ભોગવવામાં, અનુભવવામાં આઘાત કે સંકોચ લાગતો નથી. આવા પુરુષ માટે આ જગત મા, બહેન, પત્ની, પુત્રી વગેરે ભેદોમાં વહેંચાયેલું લાગતું નથી. તેને જગત કોઈપણ સ્વરૂપમાં પરમાત્મારૂપ છે. એટલે નિઃસંકોચ તેને પોતાના બાહુમાં જકડી શકે છે.

**એક અનોખો અનુભવ**

એકવાર કાંકરિયા વિસ્તારમાં પૂ. મોટાના એક સ્વજનને ત્યાં તેમનો નિવાસ હતો. શ્રી શાહ સાહેબે મને પણ આ પ્રસંગે ભજનો ગાવા બોલાવ્યો હતો. ભજનો ગાઈ સમય થતાં સૌ ભોજન માટે ટેબલ પર ગોઠવાયાં. તે પ્રસંગે મેં પૂ. મોટાને કહ્યું, 'મોટા ! શ્રીસદ્‌ગુરુ સંબંધમાં લોકોમાં ઘણી ગેરસમજ અને વહેમો પ્રવર્તે છે. ગુરુતત્ત્વ અને વાસ્તવિક ગુરુકરણ થયું કોને કહેવાય તે સંબંધે આપ કંઈક લખો તો ?'

પૂ. મોટાએ કહ્યું, 'મનમાં તો બધું તૈયાર જ છે. જો છપાવાની અને વહેંચી આપવાની જવાબદારી કોઈ લે તો લખું.'

આ વખતે ગુરુકૃપા ગેસ્ટ હાઉસવાળા ઇંદ્રવદને મને ઈશારો કર્યો, મેં જવાબ આપ્યો, 'મોટા ! એવડા મોટા ખર્ચની

મારી ગુંજાશ તો નથી પણ મને ખાતરી છે કે આપના કામ માટે મને જરૂર સહાય મળી રહેશે. આ બધું હું માથે લઉં છું.'

પૂ. મોટાએ ત્યાર પછી લખવાનું શરૂ કર્યું અને જોતજોતાંમાં તો હજારો અનુષ્ટુપ શ્લોકો ગુજરાતીમાં **'શ્રીસદ્‌ગુરુ'** વિશે લખી નાખ્યા. શ્લોકો લખાતા હતા ત્યારે મને જોવા માટે પણ ભાઈ ઇંદુભાઈ દેસાઈએ આપ્યા હતા.

લખાણ પૂરું થતાં તેની સંપાદકીય નોંધ લખવાનું મારે ભાગે આવ્યું. મેં પ્રેમભક્તિભાવે તે લખ્યું. પૂ. મોટાના એક બીજા પુસ્તકની પ્રસ્તાવના પણ આ રીતે મારે લખવાની આવી હતી.

આ કાળે એવો રિવાજ થઈ ગયો હતો કે પુસ્તક લખાઈ જાય ત્યારે જેમનાં સૂચનથી આ લખાણ થયું હોય તેમને ઘેર પૂ. મોટા અને કેટલાંક પસંદ કરેલાં સ્વજનો એકઠાં થાય. સવારથી સાંજ પુસ્તકમાં સુધારા વધારા થાય. પૂ. મોટા ક્યારેક તેમાંના કોઈ વિષયને વધારે સ્પષ્ટ કરી સમજાવે. આ રીતે આ પુસ્તકનું વાંચવાનું મારે ઘેર નક્કી થયું. તે દિવસે બપોરનું ભોજન અને ચા પણ આ જ સ્થળે લેવાનાં હોય. ભોજનમાં માત્ર ખીચડી અને શાક જ કરવાની પૂ. મોટાની કડક સૂચના.

જ્યાં પૂ. ચાચાજી નિવાસ કરતા તે શ્રી લલિતાબહેનવાળા ઘરમાં, પૂ. લાહેરદાદા આવીને દિવસભર બેસતા, જ્યાં સંત ગુલાબસિંહ અને સંત લછમનસિંહ પણ મહેમાન તરીકે આવીને રહેલા, ત્યાં પૂ. મોટાની બેઠક ગોઠવી. વાંચન શરૂ થયું. આશ્રમમાં મારે ઘેર પૂ. મોટાની આ છેલ્લી મુલાકાત હતી.

**વિદ્વાન પ્રાધ્યાપક શ્રી અનુપરાય જી. ભટ્ટ, 'મોટા ચરણે'**ના રચયિતા અને હું વારાફરતી 'શ્રીસદ્‌ગુરુ' શુદ્ધ ઉચ્ચારે અને સૂરમાં ગાતા હતા.

મારે ભાગે જે વાંચવાનું આવતું તે હું ભાગ્યે જ એકધારું સ્વસ્થતાથી વાંચી શકતો હતો. શ્રીસદ્‌ગુરુનું પૂ. મોટાએ કરેલું સ્તવન, પૂ. મોટાએ તે કારણે ઉઠાવેલી જહેમત અને સહન કરેલી યાતના મને આર્દ્ર અને ગદ્‌ગદ બનાવતાં હતાં. આંખો આંસુથી ભરાઈ જતી અને વાંચનને અવરોધતી હતી. જેમ તેમ સ્વસ્થ રહી વાંચતો હતો.

સાંજના પાંચ વાગ્યા સુધી આ વાંચન ચાલ્યું. બપોરની ચા પી મોટા વિદાય થયા. મારે માટે જીવનનો એક ધન્ય દિવસ હતો.

❑

# વિભાગ-૨ : ચિંતનની અટારીએથી...

## આધ્યાત્મિકતા અંગે પૂ. મોટાના તથા લેખકના વિચારો

### પ્રેમનું સ્વરૂપ

દયારામે સાચું જ ગાયું છે :

'એમ કોટિ સાધને પુરુષોત્તમ પૂંઠ ન ફરે,
દયા પ્રીતમ શ્રીગોવર્ધનધર પ્રેમભક્તિએ વરે.'

શ્રીનરસિંહ મહેતાએ ગાયું છે :

'કર્મ, ધર્મની વાત છે જેટલી તે મુજને નવ ભાવે રે,
સર્વ પદારથ જે થકી પામે તે મારા પ્રભુની તોલે ના'વે રે'

પૂ. મોટા ઘણીવાર કહેતા કે **જો શ્રીસદ્‌ગુરુ માટે પ્રેમ પ્રકટી ગયો તો પછી તેને કંઈ જ કરવાપણું રહેતું નથી. સાચા પ્રેમનું પ્રાકટ્ય એ જ સાધનાનો સાર છે.**

ઘણીવાર માતાને પોતાના બાળક ઉપર ખૂબ જ વહાલ ઊપજે ત્યારે માતાને આપણે બોલતી સાંભળીએ છીએ, 'મારા લાલ, તારા પર હું વારી જાઉં !' આ છે પ્રેમનો પ્રભાવ. પરમાત્મા માટેના પળેપળના પ્રેમથી જીવન વારી જવું, તે જ છે પળેપળનું મૃત્યુ અને પળેપળનું મૃત્યુ એ જ છે સાચું જીવન. પ્રેમમાં પળેપળ મૃત્યુનો અનુભવ થાય છે અને એ જ છે વાસ્તવિક જીવન. ટૂંકમાં પ્રેમના પ્રભાવે મૃત્યુ એ જ જીવન છે. શરીરનો અંત આવે તે મૃત્યુ નથી પણ પ્રેમના પ્રભાવે આપણા જીવનને **શ્રીસદ્‌ગુરુ** માટે ઓળઘોળ કરી નાખીએ તે જ સાચું મૃત્યુ છે અને તે મૃત્યુ એ જ સાચું જીવન છે. આ જ છે 'મરીને જીવવાનો મંત્ર.'

## પ્રેમનો મહિમા

એક ભક્ત કવિએ ગાયું છે -

*'જો પ્રીત તૂટ જા સકે વહ પ્રીત પ્રીત હી નહીં.'*

જે પ્રેમ તૂટી જઈ શકે છે તે પ્રેમ જ નથી. પ્રેમ પોતાના પ્રિયજનની સેવા કર્યા વિના રહી શકતો નથી. પ્રેમનાં પ્રત્યક્ષ લક્ષણો છે સ્મૃતિ અને સેવા. અહીં તો આપણે જ બેભાન બની જઈએ છીએ. લોકોને ગતાત્માની સેવાને બદલે આપણી જ સેવા કરવી પડે છે. આ પ્રેમનું લક્ષણ નથી. ગતાત્મા જીવતો હતો ત્યાં સુધી તેને બચાવવા આપણે આભમાંથી તારા ઉતારવા પણ તૈયાર હતાં, પરંતુ ગતાત્માનો દેહ છૂટતાં આપણે પોતે જ દુઃખમાં ગરકાવ બની જઈ મરેલા જેવા બની જઈએ છીએ. જીવનમાં આવતા અનુભવનો આપણે જીવનવિકાસના કાર્યમાં સદુપયોગ કરવા જેટલી સ્વસ્થતા જ ટકાવી શકતાં નથી. આપણું ખમીર જ તૂટી પડે છે. જીવનસાધનાની આ રીત નથી. જીવનમાં આવી પડતાં લાભ અને હાનિમાં સમતા રાખતાં શીખવું એ જ સજીવતાનું લક્ષણ છે. નરસિંહ મહેતાને જાણ થઈ કે પોતાનો એકમાત્ર પુત્ર અવસાન પામ્યો છે ત્યારે તેમણે પ્રભુની સામે દૃષ્ટિ કરી અને બોલ્યા,

***'જે ગમે જગતગુરુ દેવ જગદીશને, તેતણો ખરખરો ફોક કરવો'.***

આપણા ગુજરાતી કવિ બાલાશંકરે* એક ગઝલમાં ગાયું છે -

***'ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે.'***

પૂ. મોટા શીખવે છે કે જો પ્રેમ હોય તો ગતાત્માને ભૂલી જઈ ન શકાય. આપણે માનવ હૃદય હોય તો તે દ્રવે

---

* બાલાશંકર કંથારિયા

પણ ખરું, પણ શોક તો - अनार्यजुष्टं, अस्वर्ग्यम् अकीर्तिकरं च अर्जुन - (ગીતા ૨/૨) અનાર્યને જ શોભે, નરકમાં પાડે, કીર્તિને હણી નાખે છે. શોકમાં ડૂબી જઈ ધર્મભ્રષ્ટ થવું તે માણસને શોભે નહિ. માણસ તો અમૃતનું સંતાન છે એમ ઉપનિષદો કહે છે. માણસમાત્ર વિકાસ નહિ પામેલો બુદ્ધ, ખ્રિસ્ત, ગાંધી છે. માણસ ધારે તે કરી શકે તેવી તેનામાં શક્તિઓ છે.

જો આપણને જીવનમાં પ્રભુ ખરેખર પ્રિય હોય તો તેણે જે કંઈ કર્યું છે, તેણે જે બક્ષિસ આપી છે તેની કદર કરતાં શીખવું જોઈએ. જીવનમાં જે કંઈ સાંપડે તેનો જીવનવિકાસની સાધનામાં ઉપયોગ કરી લેવાની કળા સાંપડવી એ જ જીવનવિકાસની સાધનાની સિદ્ધિ છે.

પૂ. મોટા મૃત્યુના પ્રસંગનો જીવનવિકાસની સાધનામાં સદુપયોગ કરી લેવાનું શીખવે છે અને ખમીર અને મર્દાનગીથી તેનો સ્વસ્થતાથી સામનો કરવાનું શીખવે છે. સંસારમાં આપણે દુ:ખને વિસારે પાડવાના ઈલાજોનો ઉપયોગ કરવામાં શાણપણ સમજીએ છીએ.

## પ્રેમ એ જ પ્રેમનો પુરસ્કાર

ભાગવતમાં ભગવાન રાસલીલા પછી ગોપીઓને કહે છે, ‘તમને હું શું આપી શકું ? તમે પ્રેમને અનુભવો છો અને પ્રેમ એ જ પ્રેમનો પુરસ્કાર છે.’

જેમના જીવનમાં કેવળ ભગવાનને માટે જ પ્રેમ પ્રકટે છે, તેને ભગવાન પણ કંઈ વિશેષ આપી શકે તેમ નથી.

સાચા પ્રેમનો અનુભવી ભગવાન પાસે કશાની ભીખ માગતો નથી, માગવાની વૃત્તિ પણ જન્મતી નથી. પ્રેમ સ્વયં ભગવાન છે. બધી જ સાધનાઓનો અંતિમ હેતુ પ્રભુચરણમાં પ્રેમ પ્રકટે તે માટે જ હોય છે.

**સાચો પ્રભુ પ્રેમ**

પ્રભુ માટેના પ્રેમમાં કેવી નિરપેક્ષતા જોઈએ તે આપણને એક ભક્તના ભજનમાંથી જાણવા મળે છે. જ્યારે અક્રૂરજી કૃષ્ણને મથુરા લઈ જવા આવે છે ત્યારે જશોદાજી કહે છે :-

*'માત જશોદા રો કર કહતી, લાલ જો રહ જાએ એક રાતી,*
*રૈન વિધાતા સે મૈં માંગું, કદી ન આવે ભોર'*

જશોદાજી પ્રાર્થના કરે છે : 'જો કૃષ્ણ આજની રાત રહી જાય તો હું પરમાત્માને પ્રાર્થના કરું કે કદી સવાર ન પડજો.'

ત્યારે રાધાજી કહે છે :

*'રાધા કહતી ઓ બનવારી, જો તોં લાગે મથુરા પ્યારી,*
*લાઈઓ ના કદી યાદ હમારી, આઈઓ ના ઈસ ઓર.'*

રાધાની ભક્તિ કેવળ નિરપેક્ષ છે. રાધા કૃષ્ણમય છે. તે કૃષ્ણ પાસે કંઈ જ માગતી નથી. તે તો માત્ર એટલું જ કહે છે, 'જો તને મથુરામાં રહેવું ગમે તો તું જરૂર ત્યાં જ રહેજે. અમારી યાદ પણ ના લાવજે અને કદીએ અહીં આવીશ નહિ. તને જે ગમે તે તું ખુશીથી કરજે.' આ છે સાચી વૈષ્ણવની નિરપેક્ષ ભક્તિ. પ્રેમ બંધન નથી, પ્રેમ મુક્તિ છે. પ્રિયજનના સુખ માટે જીવવું એ જ સાચા ભક્તની ખ્વાહિશ હોય છે. પ્રેમી

પોતાને માટે કશું જ માગતો નથી. પ્રેમ પોતે જ પરમાત્મા છે, એટલે પ્રેમ વ્યાપક છે. પ્રેમ કદી કોઈ એક સ્થાનમાં સ્થગિત થઈ રહી શકતો નથી. વ્યક્તિમાત્ર માટે અને વસ્તુમાત્ર માટે પ્રેમનો જ ભાવ પ્રકટે તે ભક્તનું લક્ષણ છે. એકને સાચો પ્રેમ કરનાર સૌને સાચો પ્રેમ કરી શકે છે. પરમાત્મા ચેતન છે અને ચેતન વ્યાપક છે. જે પ્રેમને જાણે છે, તે વ્યાપક બને છે. સંકુચિત રહી શકતો નથી. માનવમન એમ સમજે છે કે પ્રેમ exclusive એટલે કે એક જ કેંદ્રમાં - સ્થાનમાં પ્રતિબદ્ધ રહે તેને પ્રેમ કહેવાય. જો ઊંડાણથી તપાસીએ તો આ પ્રેમનું possessive એટલે કે સંકુચિત માલિકી હક ધરાવતું સ્વરૂપ છે.

વાસ્તવિક રીતે પ્રેમ all-inclusive છે. સર્વગ્રાહી છે. આપણું પ્રિયજન આપણને પ્રિય લાગે તેવું બન્યું છે, તેમાં ઘણાનો ફાળો છે. તેને દેહ આપનાર માબાપ, સંસ્કાર આપનાર શિક્ષક, જીવન આપનાર સૂર્ય, હવા, પાણી, અન્ન આદિ કુદરતી બળોનો હિસ્સો છે. જો આપણે આપણા પ્રિયજનને ખરેખર ચાહતાં હોઈએ તો આપણને તે છે તેવું બનાવનાર સૌ તરફ આપણે કૃતજ્ઞતા અનુભવવી જોઈએ. છોડ ઉપર ઊગી નીકળતું સુંદર ફૂલ બનાવવામાં કેટલાં તત્ત્વોનો હાથ છે ? શું આ બધાં તત્ત્વો તરફ આપણે કૃતજ્ઞ ન બનવું જોઈએ ? જો ખરેખર તમે એકને પ્રેમ કરી શકતા હો તો આખી સૃષ્ટિ અને સૃષ્ટિનાં બળોને પણ કૃતજ્ઞભાવે પ્રેમ કરવા લાગશો. માનવ આજ સુધી જેને પ્રેમ કહેતાં અને ઓળખતાં શીખ્યો છે, તે પ્રેમ નથી પણ માત્ર આસક્તિ છે, રાગ છે. તેને સંજોગો બદલાતાં દ્વેષમાં પલટાતાં વાર લાગતી

નથી. પ્રેમ તો પરમાત્માનું સ્વરૂપ છે અને તે સંતમાં, શઠમાં, શેતાનમાં સૌમાં રહેલું છે. કોઈમાં તે ઉત્ક્રાંત થઈ પ્રકટ થાય છે, બીજામાં થતું નથી. આથી જ ભક્તકવિ તુલસીદાસે ગાયું છે કે આપણે વ્યક્તિમાત્રનો આદર કરવો જોઈએ. આપણે જાણતાં નથી કે કયા સ્વરૂપમાં 'નારાયણ' આપણી સમક્ષ આવી જશે.

*'તુલસી ઈસ સંસાર મેં સબ સે મિલિયો ભાઈ,*
*ના જાને કિસ રૂપ મેં નારાયણ મિલ જાય'*

પૂ. મોટાએ આપણને શીખવ્યું છે –

*સર્વ મળેલાં સાથે દિલ સદ્‌ભાવ ઊગો,*
*છો અપમાન થયાં હો ત્યાંયે ભાવ બઢો.*

'પ્રેમ' પ્રકટતાં અહં સ્વયં નિર્મૂળ બની જાય છે. સામાન્ય રીતે માનવજીવન સ્વકેંદ્રિત હોય છે. જ્યાં સુધી બીજાને માટે જ જીવવાની વૃત્તિ પ્રકટતી નથી, ત્યાં સુધી જીવ 'દ્વિજ' બનતો નથી. તે પોતાના અહંના કોચલારૂપ ઈંડામાં જ જીવતો રહે છે. શ્રીસદ્‌ગુરુની પરમ કૃપા સિવાય સાચું દ્વિજત્વ આવતું જ નથી.

ચૈતન્ય મહાપ્રભુને પૂછવામાં આવ્યું હતું : 'કૃષ્ણને માટે પ્રેમ કેવી રીતે પ્રકટે ?' મહાપ્રભુજીએ જવાબ આપ્યો, 'ગોપીના અનુગત થાઓ !' એટલે કે ગોપીને અનુસરો. ગોપી શબ્દનો અર્થ છે 'જે પોતાની તમામ ઈંદ્રિયો વડે કૃષ્ણનો જ રસ પીવે છે તે ગોપી.' ગોપી કોઈ સ્ત્રી કે પુરુષ નથી. ગોપી સાચેસાચી કૃષ્ણભક્ત છે. સાચા શ્રીસદ્‌ગુરુ સાચા અર્થમાં ગોપી છે. તેમણે જીવનમાં કૃષ્ણપ્રેમ પ્રકટાવ્યો હોય છે. આથી, સાચા શ્રીસદ્‌ગુરુના અનુગત થનારાને કૃષ્ણપ્રેમની બક્ષિસ મળે છે.

## સાધનાનો મર્મ

આપણી સાધના બહુધા ક્રિયાકાંડમાં જ અટવાઈ જાય છે. શ્રીશંકરાચાર્યે યોગ્ય જ કહ્યું છે, 'किमुपादेयम्' 'શું પ્રાપ્ત કરવા યોગ્ય છે ?' જવાબ આપ્યો છે, 'गुरुवचनम्' પ્રાપ્ત કરવા યોગ્ય કંઈ હોય તો તે ગુરુનો શબ્દ છે. આપણે ગુરુનાં સ્મૃતિમંદિરો ઊભાં કરીએ છીએ, પૂજાપાઠ કરીએ છીએ, આ ઉપરાંત, ઘણું ઘણું કરીએ છીએ, પણ 'ગુરુના શબ્દ'ની જ ઉપેક્ષા કરીએ છીએ. 'આપણાં અનેક અપમાનો થયાં હોય તેને આપણે પ્રેમ કરવા જઈએ છીએ ? આપણે સાંઈબાબાની ઉદી લઈએ, પ્રસાદ લઈએ, શીરડીની જાત્રા પણ કરીએ અને બીજું ઘણું ઘણું કરીએ પણ 'સાંઈબાબા' પ્રાણીમાત્રમાં બેઠા છે, તેની આપણે ઠંડે કલેજે ઉપેક્ષા કરી શકીએ છીએ. પૂ. ઉપાસનીબાબા પાસે 'બાબા' શ્વાનનું રૂપ લઈ પ્રસાદ લેવા આવ્યા હતા. શ્વાનને હડકારી કાઢી મૂક્યો અને પ્રસાદ લઈ શ્રીઉપાસનીબાબા, પૂ. સાંઈબાબાને ધરવા ગયા ત્યારે તરત જ બાબા બોલી ઊઠ્યા, 'તારે આંગણે પ્રસાદ લેવા આવ્યો ત્યારે તો તેં મને હાંકી મૂક્યો. હવે શું પ્રસાદ ધરવા આવ્યો છે ?' આટલી સાદી વાતમાં સાધનાનો મર્મ – સાર સમાયેલો છે. આપણે સૌ સારને ફેંકી દઈ માત્ર સાધનામાં બાહ્યાંગોને જ મહત્ત્વ આપીએ છીએ. આપણે પૂ. મોટા માટેનો પ્રેમ તો ત્યારે જ પ્રકટાવી શકીએ જ્યારે આપણે 'સર્વ મળેલાં'ને 'અનેક અપમાનો' થયાં હોવા છતાં ઉદાર દિલે ક્ષમા કરીને પ્રેમ કરી શકીએ, જ્યારે આપણે 'જ્યાં જ્યાં ગુણ અને ભાવ છે' તેની સાચા દિલે કદર કરી શકીએ ત્યારે આપણે અંદર

અને બહાર એકરૂપ બની જીવી શકીએ, આપણી હલકી વૃત્તિઓને ઊર્ધ્વમાં લઈ જઈ શકીએ.

## સાધનાની કસોટી

પૂ. મોટાની એક વિશિષ્ટતા એ હતી કે તમે ગમે તે ગુરુના શિષ્ય હો, તમે ગમે તે પ્રકારની સાધના કરતા હો, પણ તેઓ તમને બિલકુલ તટસ્થભાવે માર્ગદર્શન આપે. તેઓ હંમેશાં કહેતા કે સાધનાની કસોટી લક્ષણો ઉપરથી થઈ શકે અને તે કોઈ બીજું આપણને કસોટી કરી આપે એમ નહિ, આપણે પોતે જ લક્ષણોથી આપણી કસોટી કરી શકીએ. કોઈ સાધક પૂ. મોટાને ધ્યાન વગેરે વિષયમાં વાત કરે તો તેઓ તરત કહેતા કે ધ્યાન વાસ્તવિક હોય તો તેમાં વિચારો અને વિચારોની પરંપરા બંધ થઈ જાય. જો વિચારો ફરકતા હોય તો ધ્યાન વાસ્તવિક નથી. આમ, પૂ. મોટા લક્ષણોથી આપણી સાધનાની કસોટી કરવાનું આપણને સૂચવતા. એમ કદી ન કહે કે તમે ખોટા છો, પણ એમ જરૂર કહે કે તમે કહો છો તેવું હોય તો તેનાં લક્ષણો આવાં હોવાં જોઈએ.

તેઓ એમ પણ કહેતા સારી રીતે આગળ વધેલા, પાર પડેલા સાધકને અનુભવો થવાના બંધ થઈ જાય. અનુભવ સાધકને કંઈક સમજાવવા, ભાન પ્રકટાવવા થાય છે. જે પૂરો થયો છે તેને પછી અનુભવો આવવાના ન હોય.

તેઓ કહેતા કે માણસને પ્રકટતાં પ્રત્યેક ઊર્મિ, લાગણી, વિચારને કર્મમાં સાકાર કરવાં જોઈએ. તેને follow up કરી તેનાથી મુક્ત થઈ હળવું બની રહેવું જોઈએ.

પૂ. મોટા કહેતા કે પરિસ્થિતિથી સાધકે કદીયે અકળાવું

ન જોઈએ. પરિસ્થિતિ એ સાચી પાઠશાળા છે. પરિસ્થિતિનો સુયોગ્ય ઉપયોગ કરી લઈ પરિસ્થિતિમાંથી પસાર થઈ તેનાથી ઉપર ઊઠવું જોઈએ. સાચા સાધકને પરિસ્થિતિ ક્યારેય કઠવી ન જોઈએ, કારણ કે તે તો આપણા વહાલા પ્રભુએ આપણને ઘડવા માટે રચેલી સાચી શાળા છે.

પૂજ્ય મોટા સંસાર વ્યવહારમાં રહેલા સાધકને સૌ સાથે સુમેળથી રહેવાની સલાહ આપતા. સુમેળપૂર્વક રહેવાની જીવનકળા એ પોતે જ એક પ્રકારની સાધના છે. સાધકના અહંને, તેની લાગણીઓને, વૃત્તિઓને, તેની આશાઅપેક્ષાઓને, તેના અરમાન ઓરતાઓને સંસારમાં હાલતાં અને ચાલતાં ઠેસ લાગે છે અને આવી ઠેસો જ સાધકને પોતાની પ્રકૃતિને મઠારવામાં ઉપયોગી સાધન બની જાય છે.

મન જ્યારે વિકલ્પ રહિત બને અને જીવનના આધાર પરમાત્મા માટે અંદર ઊંડો ભાવ અને રસ પ્રકટે પછી સાધક ગમે તે સાધનામાં સરળતાથી પરોવાઈ જઈ શકે છે. સંગીતમાં જ્યારે સ્વરજ્ઞાન થઈ જાય, કાન તૈયાર થઈ જાય પછી ગમે તે વાજિંત્ર ઉપર સ્વર પેદા કરી શકાય છે. જે વાજિંત્રનો આપણને અભ્યાસ હોય તેટલી સહજતા બીજા વાજિંત્ર ઉપર ન હોય છતાં સ્વર પ્રકટાવવાનું તો જરૂર બની શકે છે. આ રીતે એક સાધના માર્ગનો ઊંડો અનુભવ કર્યો હોય ત્યાર પછી અન્ય માર્ગોનો સરળતાથી ઉપયોગ નિમિત્ત મળ્યે કરી શકાય.

## સાધનામાં પ્રાણનો વિજય

સાધનામાં પ્રાણનો વિજય એક ખૂબ કપરો સમય છે. મારી અલ્પ સમજ પ્રમાણે તે સમય rededication-

**પુનઃસમર્પિત** થવાનો છે. પ્રારંભમાં શ્રીસદ્‌ગુરુની પ્રાપ્તિના અહોભાવમાં સાધકમાં એક ખુમારી પ્રકટે છે. ત્રણે લોકના સ્વામીના પ્રતિનિધિસમો સદેહ-મૂર્તિમાન પરમાત્માસમો શ્રીસદ્‌ગુરુ મળવાની ખુમારી પણ સામાન્ય નથી હોતી. તે બેધકડ રીતે જીવવા લાગે છે. કેવો સમર્થ સહારો મળ્યો છે તેને !

પણ જ્યારે પ્રાણનો સામનો કરવાનો આવે છે ત્યારે સાધક ખરેખર અસહાય જેવો, પામર બની જાય છે. સાધક સામે સવાલ ઊભો થાય છે કે પોતે સાધના શા માટે સ્વીકારી છે ? શ્રીસદ્‌ગુરુની અમૂલ્ય પ્રાપ્તિનો તે શો ઉપયોગ કરવા માગે છે ? પોતાની વધેલી શક્તિઓથી, શ્રીસદ્‌ગુરુની સહાયથી તેનો ઈરાદો પ્રાકૃત જીવનમાં આગળ વધવાનો છે ? માન-પાન, સત્તા, ધન, સાહ્યબી મેળવવાં છે ? અંદરખાને ખરેખર ઈરાદો શો છે ? ખરેખર ભગવાનની ખેવના જીવનમાં પ્રકટી છે ? અને તે પણ એકમાત્ર ભગવાનની જ ? સાધનાની કપરી કસોટીઓમાં પસાર થયેલા સંતોનાં જીવન તપાસો. મીરાં કહે છે -

*લગની લાગી છે મને ઠેઠની રે,*

પોતાની જાતને પૂછો, 'મને ઠેઠની લગની લાગી છે ખરી ?'

મીરાં કહે છે -

*'મહલ ચડી ચડી જોઉં મોરી સજની, કબ આવે મહારાજ ?'*

સાધક પોતાની જાતને પૂછે, 'પરમાત્માનાં દર્શનની આવી તાલાવેલી મારા જીવનમાં પ્રગટી છે ?'

સુરદાસ ગાય છે,

*'અખિયાં હરિ દરસન કી પ્યાસી,*

દેખ્યો ચાહત કમલ નૈન કો, નિશદિન રહત ઉદાસી !'

સાધક પોતાને પૂછે, 'હરિદર્શન વિના રાત દિવસ ઉદાસી પ્રકટી છે ?'

આમ, સાધકે પુનઃ પોતાનું અંતઃનિરીક્ષણ કરી કરી પોતાનો સાધના પાછળનો ખરો હેતુ શો છે તે નક્કી કરી લેવું પડે છે. જ્યારે પરમાત્મા સિવાય, શ્રીસદ્‌ગુરુ શરણ અને ચરણ સિવાય બીજું કંઈ જ પ્રિય ન રહે ત્યારે **rededication-પુનઃસમર્પણ** પૂરું થાય છે અને આ પછી પ્રાણ વિજયનો માર્ગ સરળ બને છે.

પ્રાણના ચેતનના અંકુશ નીચે આવ્યા પછી પ્રાણ પણ સાધકની મિત્રરૂપ શક્તિ બની જાય છે. પ્રાણ જીવન સંગ્રામના યુદ્ધોમાં વિજય અપાવનાર શક્તિ છે. પ્રાણહીન જીવનની કશી કિંમત રહેતી નથી. આપણી વાણીમાં, આપણાં વર્તનમાં-વ્યવહારમાં, આપણાં કર્મમાં પ્રાણ જ પ્રભાવ પૂરે છે. નિષ્પ્રાણ શરીર ઉપર માખીઓ બણબણે પણ તે તેમને ઉડાડી શકતો નથી.

આ પ્રાણશક્તિની ભૂખ મેં અગાઉ કહ્યું તેમ કામ, ઊંઘ અને બુભુક્ષા* છે. અહંના અંકુશ તળેનો પ્રાણ કામમાં, ઊંઘમાં અને ભૂખમાં રચ્યોપચ્યો રહે છે.

ચેતનના અંકુશમાં આવેલો પ્રાણ ચેતનની એક અતિ તેજસ્વી શક્તિ બનીને રહે છે. હવે કામ, ઊંઘ અને ભૂખ પ્રાણને મૂર્છિત કરી શકતાં નથી.

## સાધના અને ભક્તિ

આ ગાળામાં પૂ. મોટાની મને ભારે મોટી ઓથ હતી.

---

* ભોજન કરવાની ઇચ્છા

આ ગાળામાં એવી તો કારમી કસોટી આવી હતી કે સવાલ ઊભો થયો, 'જીવવું છે કે મરવું છે ?' જીવવું હોય તો વાસ્તવિક જીવનની શરતો સ્વીકારવી જ રહી. સામાન્ય રીતે સંસારી જીવોનું જીવન તપાસીએ તો સમજાશે કે તેઓ ઇચ્છે છે જીવન, પણ તેના તમામ પ્રયત્નો મૃત્યુને જ ખેંચી લાવનારા હોય છે. પરમાત્મા બહુ જ અદેખો પ્રેમી છે. તે આપણા અધકચરા પ્રેમને સ્વીકારતો નથી. તે માગે છે સંપૂર્ણ અવ્યભિચારિણી ભક્તિ.

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥ (ગીતા ૯/૨૨)

જ્યાં સુધી આવી અવ્યભિચારિણી ભક્તિ ભગવાનનાં ચરણોમાં પ્રકટે નહિ ત્યાં સુધી સાધના અને સાધક સલામત નથી. સાધનાના ઓથા નીચે સાધકનાં અહંકાર, વાસના વગેરે વધારે વકરેલી સ્થિતિમાં પ્રવર્તે છે. જ્યારે આકરી કિંમત ચૂકવી, અનેક પછડાટો ખાઈ શ્રીસદ્‌ગુરુની કૃપાથી સાચું સમજાય અને સાધનાનો એકમાત્ર હેતુ પરમાત્મા બને ત્યારે જ સાધક સાધનામાં નિર્ભય બને છે.

જીવન એક જાતનું નાટક છે. નાટકમાં તમામ પાઠ ભજવવા સહેલા છે, પણ સતીનો પાઠ ભજવવો અઘરો છે. તેમાં તો જીવતાં બળી મરવું પડે. તેને માટેની તૈયારી હોવી જોઈએ.

કાંઠે છબછબિયાં ઉડાડવાં હોય, ત્યાં સુધીની વાત જુદી છે, પણ જ્યારે વહાણ મધદરિયે લઈ જવાનું હોય ત્યારે વહાણ બરાબર સાબૂત હોવું જરૂરી છે. તેમાં ઝીણું પણ કાણું હશે તો રસ્તામાં મુશ્કેલી ઊભી કરશે. વહાણવટાની કળા પૂરી

આવડવી જોઈશે. વહાણનો કપ્તાન - સુકાની અનુભવી જોઈશે. સાધનામાં પણ આવું જ છે.

*'સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડ્યા મરજીવા જોને,*
*તીરે ઊભા જુએ તમાશો, તે કૉડી નવ પામે જોને.'*

## સાધના અને કામશક્તિ

એક સવાલ મને એ થાય છે કે ચેતનના અંકુશ તળે આવેલો પ્રાણવાન સાધક કામશક્તિનો કેવો ઉપયોગ કરી શકે ?

આપણે જાણીએ છીએ કે સાધકના જીવનમાં કામ ભારે બાધક શક્તિ બનીને રહે છે. 'ઊર્ધ્વરેતા' થવાનું સાધક માટે અનિવાર્ય ગણવામાં આવ્યું છે.

'मरणं बिन्दुपातेन, जीवनं बिन्दु धारणात्'

આ ઉક્તિનું સાધના ક્ષેત્રમાં બહુ મહત્ત્વ ગણવામાં આવે છે.

ચેતનમાં આરૂઢ થયેલા યોગીની અન્ય સર્વે ઇંદ્રિયો વધારે સૂક્ષ્મ શક્તિવાળી બને છે. તે દૂર જોઈ શકે, દૂરનું સાંભળી શકે. તે ભૂખ સહેલાઈથી વેઠી શકે, તે ઊંઘ ઉપર કાબૂ ધરાવી શકે, તેનું શરીર અવનવાં સાહસો કરી શકે, પણ તેની કામશક્તિનું શું ? શું સાધક Sex less (નપુંસક) બની જાય ? આવી કલ્પના પણ અનુભવીઓએ કરી છે. ચંડીદાસ કહે છે કે જેમને અમારા માર્ગમાં ભળવું હોય તેમણે હીજડા થઈને આવવું. એટલે કે સંપૂર્ણ રીતે કામને જીત્યો હોય તેણે જ આવવું.

આપણાં કાવ્યોમાં, શાસ્ત્રોમાં ભગવાન શંકરને મદનને બાળી નાખનાર તરીકે વર્ણવ્યા છે. ભગવાન શ્રીકૃષ્ણને મદનમોહન એટલે કે કામને-મદનને પણ મોહ પમાડનાર દેવ તરીકે વર્ણવ્યા છે.

ચેતનમાં આરૂઢ અનુભવીને માટે કામશક્તિનો ઉપયોગ ખરો કે નહિ ? વધારે સ્પષ્ટ ભાષામાં આ વાત વિચારીએ તો ચેતનારૂઢ અનુભવી યોગી નિમિત્ત ઊભું થાય તો કોઈ સ્ત્રીનો સંગ કરી શકે કે નહિ ? પ્રજા ઉત્પન્ન કરી શકે કે નહિ ?

સમાન્ય રીતે ગૂઢ સાધના વિજ્ઞાનમાં તો સૌ એમ કહે છે કે અનુભવીની સર્જનશક્તિ અનેક સૂક્ષ્મ સર્જનોમાં વહે છે. આ એક વાત છે અને તેની સામે કોઈ વિરોધ નથી, પણ અનુભવી યોગીને માટે સ્ત્રીસંગ સર્વથા નિષિદ્ધ જ બની જાય ? અનુભવી યોગીની તમામ શક્તિઓ વધારે વિકસિત, વધારે સૂક્ષ્મ અને વધારે રચનાત્મક બને ત્યારે તેની આ શક્તિ સર્વથા નિષિદ્ધ બનીને કુંઠિત - blunt (જડ) બની જાય ?

અહીં આ પ્રશ્ન છેડી હું કોઈ આધુનિક જમાનાનો Sexનો સ્વચ્છંદી હિમાયતી તરીકે બહાર આવવા નથી માગતો, કારણ કે પ્રથમ સાચા શ્રીસદ્‌ગુરુ મળવા, ચેતનમાં પ્રકટવું, પ્રકૃતિને સંપૂર્ણ રીતે ચેતનના અંકુશ નીચે લાવવી એ બધું કંઈ સહેલું નથી, બચ્ચાના ખેલ નથી.

આજના આધુનિક કહેવાતા જમાનામાં Sexનું obsession (વળગણ) બહુ જ જબરું બન્યું છે. અમેરિકન લેખકો તો Sexને ખુલ્લેઆમ વર્ણવે છે અને તેનું સાહિત્ય લોકો હોંશે હોંશે વાંચે છે, કેટલાક આધ્યાત્મિક સંતો પણ આ પ્રશ્નોમાં ઘણું બધું Council (સલાહ-ચર્ચા) કરતા થયા છે.

ફરી હું મારો સવાલ વધારે સ્પષ્ટ કરવા માગું છું. સાધનાકાળમાં તો યોગ્ય છે કે તમામ શક્તિઓ ચેતનમાં પ્રકટવા માટે અને આખરે ચેતનમાં આરૂઢ થવા માટે વપરાવી

જોઈએ. તેમાં બાંધછોડને અવકાશ નથી, પણ હું જે વાત કરું છું, તે તો સાધનાને પરિણામે જ્યારે સાધક સંપૂર્ણપણે ચેતનારૂઢ બની રહે પછીની વાત કરું છું.

એક બીજો સીધો સવાલ થાય છે કે જો સાધક તેની આરૂઢ દશામાં નિમિત્ત મળ્યે કામમાં પ્રવૃત્ત થાય અને સ્ત્રીસંગ કરે તો તેની આરૂઢ દશા ચાલી જાય કે ઓછી થાય ? અથવા ચેતનારૂઢ થયેલો યોગી કામવૃત્તિનો ઉપયોગ કરવામાં અક્ષમ બની જાય છે ?

જો કામવૃત્તિનો ઉપયોગ કરવાથી યોગીની સ્થિતિ નીચી ઊતરી જાય તો તે ઊંચી સ્થિતિ કેવી રીતે ગણાય ? જો યોગી કામશક્તિના ઉપયોગની બાબતમાં અક્ષમ બની જાય તો તે કેવી જાતનો વિકાસ કે જેમાં અન્ય સર્વ શક્તિઓ ખીલે પણ આ શક્તિ જ કુંઠિત થાય ?

પૂ. મોટાને મેં આ વિષયમાં એકવાર સવાલ પૂછ્યો હતો. અત્યારે મેં જે રીતે આ સવાલને ઉપસ્થિત કર્યો છે તે જ રીતે નહિ પણ અન્ય રીતે. એ કાળે પૂ. મોટા સ્પષ્ટપણે કહેતા કે, 'અમુક સાધક ઊંચી દશાનો ન કહેવાય, કારણ કે તેને સાધક બન્યા પછી સંતાન થયું હતું.' પણ મેં સવાલ પૂછ્યા પછી બીજે ત્રીજે દિવસે પૂ. મોટાએ કહ્યું, 'જો નિમિત્ત ઊભું થાય તો સાધક સંતાનોત્પત્તિમાં પણ પ્રવર્તી શકે.'

ઘણા ઋષિઓ ગૃહસ્થ હતા. યોગેશ્વર શ્રીકૃષ્ણ ગૃહસ્થ હતા. શ્રીરામ પણ ગૃહસ્થ હતા. તેમને સંતતિ પણ હતી. આપણી હાલની સમજ પ્રમાણે તો કાં તો તેઓ ખરેખર યોગરૂપ ન હતા અથવા તો તેમની સંતતિ યોગારૂઢ થયા પહેલાંના કાળની હતી.

## સાધનાની કસોટી

વળી, એક વાત મોખરે આવે છે તે લખી નાખું.

પૂ. મોટા, સાધનાની કસોટી, સાધકની પ્રકૃતિમાં કેટલું રૂપાંતર થાય છે તેના ઉપર કરે છે. પ્રકૃતિનું રૂપાંતર એટલે આપણી જે દ્વંદ્વાત્મક વૃત્તિઓ છે, રાગ-દ્વેષ, માન-અપમાન, સુખ-દુઃખ, હર્ષ-શોક, લાભ-હાનિ આદિ દ્વંદ્વોના પ્રભાવ નીચે રહે છે. સાધના યથાર્થ રીતે થતી હોય અને પ્રકૃતિ ચેતના અંકુશ તળે આવી હોય તો આ દ્વંદ્વો ઢીલાં પડે છે, ચેતન દ્વંદ્વોથી અતીત તત્ત્વ છે. જો આપણા જીવનમાં ચેતનાનો પ્રભાવ સર્વોપરી બને તો આ દ્વંદ્વો સહેજે આપોઆપ ઉન્મૂલન થાય છે. આ દ્વંદ્વોનું આપણા રોજિંદા પ્રત્યક્ષ જીવનમાં સામ્રાજ્ય ઓછું થાય તો સમજવું કે સાધના યથાર્થ રીતે ચાલે છે.

બાકી, આપણે કેટલા કલાક નામ જપ કે ઈતર સાધન કરીએ છીએ, તપ વ્રતાદિક કરીએ છીએ, સાધન ભજન કીર્તન કરીએ વગેરેની કિંમત તો જ છે જો આપણાં દ્વંદ્વો મોળાં પડતાં હોય. કેટલીકવાર તો સાધન ભજન પોતે જ સાધકનો અહંકાર વધારી મૂકે છે. લોકો માનપાન આપે, હારતોરા પહેરાવે, પૂજન કરે, સન્માન કરે વગેરે સાધકના અહંકારને વકરાવનાર બની જાય છે. આમ કહેવામાં મારો આશય એ છે કે સાધનભજનની કસોટી આપણી પ્રકૃતિનું રૂપાંતર છે. જો તે મૂળ હેતુ સિદ્ધ થતો હોય તો સાધનભજન વિશેષ મૂલ્યવાન બને છે. પ્રકૃતિનું શનૈઃ શનૈઃ રૂપાંતર એ એકડો છે. સાધન આદિ મીંડાં છે.

પૂ. મોટા તો સાક્ષાત્કાર પણ પ્રકૃતિના રૂપાંતરને જ કહેતા. આપણો અહંકાર અંકુશમાં આવે, રાગદ્વેષ આપણને

અસ્વસ્થ ન બનાવી મૂકે, વાસના, કામના, ઈર્ષા, ક્રોધ આદિ મોળાં પડે અને આપણો તેના પર અંકુશ આવે, આપણે તેનાથી હંકારાઈએ નહિ, તે જ સાચો સાક્ષાત્કાર છે. બાકી, સ્વપ્નો, દર્શનો આદિ ગૂઢ અનુભવો અનેક થાય તોપણ તે સાધનાની સફળતાની અચૂક નિશાની નથી.

સાધનાપથ પર ચાલવાની શુભેચ્છા અનેકને થાય છે, પણ સાધનામાં પાર પડવા માટેની તૈયારી, તમન્ના, ગરજ, ધગશ કોઈકને જ હોય છે. 'यततां अपि कौंतेय ! कश्चिन्नमां वेत्ति तत्वतः' (ગીતા ૭/૩) 'હજારોમાંથી કોઈક જ સાચો પ્રયત્ન કરે છે અને પ્રયત્ન કરનારાંઓમાંથી કોઈક જ મને તત્ત્વતઃ જાણે છે.' આ ગીતાવાક્યમાં સાધનામાર્ગનું અતિ ગૂઢ જ્ઞાન સમાયેલું છે.

પૂ. મોટામાં શ્રીસદ્‌ગુરુનું સામર્થ્ય હતું અને તેઓ યોગ્ય સાધકની સંપૂર્ણ જવાબદારી ઉઠાવતા હતા.

સાધનાના ક્ષેત્રમાં પ્રાણના વિજયની સાધના સૌથી વધારે કઠિન છે. આપણાં જપ, તપ, વ્રત, પ્રાર્થના, ધ્યાન, ધારણા વગેરે તમામ સાધનો પ્રાણના શમનમાં ઉપયોગી થતાં નથી. પ્રાણનું શમન માત્ર શ્રીસદ્‌ગુરુની કૃપા પર જ આધાર રાખે છે. ઘણાં ઘણાં સાચા સાધકો પણ પ્રાણના શમનની સાધનામાં હારી જાય છે અને ઘણાંનું તો પતન પણ થાય છે.

## ગુરુમહિમા

સાચા શ્રીસદ્‌ગુરુ પણ સૂર્ય ચંદ્રની પેઠે સત્ત્વરૂપ બનેલા હોય છે. તેમનો જેટલો ઉપયોગ આપણે કરી લઈએ તેટલું આપણું સદ્‌ભાગ્ય. આપણને સત્ત્વરૂપ બનાવવા માટે જ

શ્રીસદ્‌ગુરુ આપણા અનેક જન્મોના પુણ્યના પુંજરૂપે પ્રકટે છે.

શ્રીસદ્‌ગુરુ પણ આપણને પોતાના સમાન બનાવીને જ છોડે છે. તેમના પ્રાકટ્યનો ધર્મ જ એ હોય છે. શ્રીસદ્‌ગુરુ આપણને સંપૂર્ણપણે નિજસ્વરૂપ બનાવે છે. આપણને તેઓ લેશ પણ પરાવલંબી રાખવા ઇચ્છતા નથી. શિષ્યને નવજીવન આપનાર શ્રીસદ્‌ગુરુ તેમનાથી લેશપણ આપણને ઊણા રાખવા ચાહતા નથી. એટલે તેઓ જરૂર પડ્યે આપણને દૂર પણ ધકેલી દે છે.

પૂ. શ્રીમહેરબાબાના જીવનમાં આવી વાત બહુ જ સ્પષ્ટપણે જણાય છે. તેઓને ચેતનમાં જગાડનાર દિગંબર અવસ્થામાં રહેતાં એક સ્ત્રી સંત હતાં, પરંતુ તેમને ચેતનને અનુરૂપ જીવન જીવતાં શીખવનાર પૂ. ઉપાસનીબાબા હતા. શ્રીમહેરબાબા પૂ. ઉપાસનીબાબા તરફની કૃતજ્ઞતાથી એટલા પ્રભાવિત રહ્યા કરતા હતા કે તેઓ અવારનવાર પૂ. બાબા પાસે જતા. આ આલંબનમાંથી તેમને મુક્ત કરવા પૂ. બાબાએ એવી વિચિત્ર રીત અપનાવી હતી કે આખરે તેમને સંપૂર્ણ સ્વાવલંબી બનાવવા પોતાનાથી દૂર ધકેલ્યા હતા. પોતાની આસપાસ રહેનારાંઓની સાથે પૂ. બાબા મહેરબાબા વિશે ઘણી જ વિચિત્ર ભાષામાં ગાળો પણ દેતા અને આ બધું પૂ. મહેરબાબાના જાણવામાં આવ્યા પછી જ તેઓ તેમની પાછળ ખેંચાતા અટક્યા હતા. શ્રીસદ્‌ગુરુ પોતાના જાગેલા શિષ્યને પોતાના પર અવલંબિત રહેવા દેતા નથી. આ શ્રીસદ્‌ગુરુનો સ્વધર્મ છે.

પૂ. ઉપાસનીબાબાના જીવનચરિત્રમાં એક વાત સ્પષ્ટપણે જણાવી છે. તેઓએ સાડાચાર વર્ષ સાંઈબાબા પાસે સાધના કરી. સાધના પૂરી થતાં જ તેઓ સાંઈબાબાને મળ્યા

વિના ચાલી નીકળ્યા, પણ ગુરુને આ બાબતે જરાય અજુગતું ન લાગ્યું. સાચા ગુરુ પોતે કોઈના પર ઉપકાર કર્યો છે એવો ખ્યાલ ધરાવતા જ નથી હોતા. સદ્‌ગુરુ તો સત્‌શિષ્યને પોતાનાથી સવાયો કરીને જ જંપે છે. આ તેમનો સ્વધર્મ હોય છે.

**સદ્‌ગુરુની કૃપા**

શ્રીસદ્‌ગુરુની પરમ કૃપાથી અંતસ્થ ચેતન જાગી ઊઠે એ ખરું, પણ આ જાગેલા ચેતન સાથે બાહ્ય જીવનને અનુરૂપ અને સુસંગત બનાવવાનું સાધક માટે દુષ્કર બને છે. ઘણીવાર એવું જોવા મળે છે કે અંતસ્થ ચેતન સદ્‌ગુરુની કૃપાના પરિણામે જાગી ઊઠ્યું હોય ખરું, પણ બાહ્ય જીવન પ્રાકૃત, પૂર્વવત્‌ રહ્યા કરતું હોય. આવી વિસંગતતા દૂર કરવાનું કામ સદ્‌ગુરુ પોતે જ કરાવી શકે છે. વ્યક્તિએ મનસ્વી રીતે વર્તવા જતાં હજારો ઠોકરો ખાવી પડે છે. આથી, કેટલાક અનુભવીઓ એમ પણ કહે છે કે અંતસ્થ ચેતનના જગાડનાર એક ગુરુ હોય છે. આકાર આપનારને જાગેલા ચેતનને અનુરૂપ બાહ્ય જીવનના બીજા ગુરુ હોય છે. અંદર જાગેલા ચેતનને અનુરૂપ બાહ્ય જીવન ઘડવામાં ખૂબ જ કઠોર સાધનાની જરૂર પડે છે. ખરી વાત તો એ છે કે પૂ. સદ્‌ગુરુ પરત્વે ઊંડી નિષ્ઠા જાગેલી હોવી જોઈએ અને પૂ. સદ્‌ગુરુ પરત્વે પૂર્ણ આજ્ઞાંકિતતાની લાગણી સદૈવ જાગતી રહેવી જોઈએ. અંતસ્થ ચેતનાને અનુરૂપ બાહ્ય પ્રકૃતિને બનાવવાનો કાળ ખૂબ જ કપરો અને કઠિન છે. ઘણાં સાધકોનું આ ગાળામાં પતન થાય છે અને તેઓ ભ્રાંતિમાં ભટકતા ફરે છે. એક સૂફી કવિએ ઘણું જ સુયોગ્ય રીતે કહ્યું છે,

*હોઠે અડાડ્યો જામ, ત્યાં બહેકી ગયા કંઈ બેખબર,*
*પીર થઈ પયગામ આપે, પ્યાલી તો હજી હજમ નથી.*

અંતસ્થ જાગેલાં ચેતન સાથે બાહ્ય પ્રકૃતિ સંપૂર્ણ રીતે સમન્વિત (ઇન્ટીગ્રેડેટ) ન થાય, ત્યાં સુધી સાધકે શ્રીસદ્‌ગુરુના સંપૂર્ણ અંકુશમાં રહેવું આવશ્યક છે. ઉત્તર ભારતના એક મહાન સંત તો સ્પષ્ટ શબ્દોમાં કહેતા કે નિરંકુશપણે જીવવું એ સાધકને માટે કોઈ પણ સંજોગોમાં ઈષ્ટ નથી.

## પૂ. મોટાની ગુરુશ્રદ્ધા

પૂ. મોટાએ 'શ્રીસદ્‌ગુરુ' ગ્રંથમાં એક જગાએ લખ્યું છે - **'સદ્‌ગુરુ આપણો પ્રાણ છે, તેના વિના અમારે જીવવું પણ હરામ છે.'**

આ શબ્દો માત્ર ગુરુભક્તિ બતાવવા માટેની અતિશયોક્તિ નથી. આધ્યાત્મિક જીવનની આ હકીકત છે. શ્રીસદ્‌ગુરુ જ્યારે આપણા શરીરમાં પ્રતિષ્ઠિત થાય છે, આપણી પ્રકૃતિનો કબજો લે છે ત્યારે તેઓ તાળવામાં આવેલા યૌગિક સહસ્રાધાર ચક્રમાં સ્થિર સ્પર્શ અને દબાણ સાથે રહે છે. આ ચક્રમાંથી જો સ્પર્શ ખસે અને નીચે ઊતરે, દબાણમાં ફેરફાર થાય તો સાધકને મરણતોલ પીડા થાય છે. તે અસ્વસ્થ બની જાય છે. તેને ત્રણ લોકનું રાજ્ય મળે તોપણ ચેન પડતું નથી. જો આ સ્પર્શ અને દબાણ એકધારી રીતે સ્થિર રહ્યા કરે તો તે આખા જગતની સામે અડગ ઊભો રહેવા શક્તિમાન બને છે. આ સ્પર્શ વિના જીવન રસહીન બની જાય છે, જીવન પ્રાણહીન બની જાય છે. જો આ સ્પર્શ હોય તો સંસારનાં કોઈ પણ દુઃખ તેને નડતાં નથી. દુઃખની તે પરવા પણ કરતો

નથી. સાચા સાધક યોગીને માટે શ્રીસદ્‌ગુરુની ભીતરમાં સૂક્ષ્મ હાજરી એ જ જીવન છે. તેમના વિના તે ક્ષણ પણ જીવી ન શકે. આ દૃષ્ટિએ જોતાં મોટાનું સાહિત્ય મહાયોગીના જીવનના સ્વાનુભવના શબ્દો છે. પર્વતની ટોચ પરથી જેને જેટલું દૂરનું સ્પષ્ટ દેખાતું હોય, તેટલું તળેટીમાં ઊભેલાને ન જ દેખાય. વસ્તુતઃ પૂ. મોટાની ઊંચાઈએ પહોંચ્યા વિના તેમના સાહિત્યનો સાચો સ્વાદ કદી આવી શકે નહિ. પૂ. મોટાના સાહિત્યને ખરેખર માણવા, જાણવા, સમજવા અને તેનું સાચું મૂલ્યાંકન કરવા પૂ. મોટાની ઊંચાઈએ પહોંચવું જોઈએ. તેમ કરવા પૂ. મોટાએ બતાવેલા માર્ગે ચાલવું જોઈએ, મથવું જોઈએ. ‘સદ્‌ગુરુ’ પોતાના સાચા શિષ્યને પોતાના સમાન બનાવ્યા વિના જંપતો નથી. આ તેમનો સ્વધર્મ છે.

## સંતગુરુ

પૂ. મોટાના શરીરમાં આવાં દૂર દૂરનાં સંવેદનો પ્રકટતાં પ્રત્યક્ષ જોયાં છે. દૂર દૂર વસતાં સ્વજનોનાં શરીરમાં થતા વિકારો - રોગો તેમના શરીર પર અસર પહોંચાડતા. સ્વજનોની અંદર પ્રકટતા સૂક્ષ્મ ભાવો અને વિચારોથી પણ તેમના શરીર પર અસર પહોંચતી જોઈ છે. આથી, સાચા સંતપુરુષનું વર્તન નિમિત્તની ભીતરમાં ચાલતા ભાવો અને વિચારો પર આધાર રાખે છે. સંતગુરુ, તો એક સ્વચ્છ અરીસા-દર્પણ જેવા હોય છે. તેમાં નિમિત્તની સમગ્ર છાપ એકાએક ઊપસી આવે છે. આથી જ સંતપુરુષ પાસે આવનાર અનેકની સાથે તેનું વર્તન એકરૂપ નથી હોતું. કોઈની સાથે તે અતિશય પ્રેમ બતાવે અને આંખમાં આંસુ આવી જાય, કોઈના મનમાં

કંઈ વિચિત્ર ઘોળાઈ રહ્યું હોય તો વિચિત્ર રીતે તેની સાથે વર્તાવ કરે. કોઈ પર ગુસ્સો કરે, કોઈની સખત શબ્દોમાં ખબર લઈ નાખે, કોઈને મજાકમાં ઉડાડે. આ બધી ચેષ્ટા માત્ર આવનારની અંદર ચાલતા જુદા જુદા ભાવ-વ્યાપારની હોય છે. તેઓ તો અરીસા જેવા હોય છે. તેઓ આવનારનું જ પ્રતિબિંબ દર્શાવે છે.

તુમ હો પ્યારે ! ઔર ક્યા, એક સાફ અચ્છા આયના ।
જીસ મેં જો કુછ દેખતા હૂઁ, ઔર નહીં ખુદ મૈં હી મૈં ॥

खौफ तेरा या खुशी हो, अश्के गम हो या हँसी ।
यह है खुद तसवीर मेरी, तेरा क्या खुद मैं हूँ मैं ॥

સંતપુરુષની પાસે જતાં આપણે આપણું જ પ્રતિબિંબ જોઈએ છીએ. તેઓ તો 'દર્પણ' જેવા હોય છે. તેઓ વ્યક્તિ રહ્યા હોતા જ નથી. તેઓ સ્વયં સીમિત દેખાતા હોવા છતાં અસીમ આકાશ જેટલા વ્યાપક હોય છે. આપણામાં રહેલા સૂક્ષ્મમાં સૂક્ષ્મ, અદીઠ સ્વરૂપની છાપ ઊઠે છે. શ્રીસદ્‌ગુરુ વસ્તુતઃ ચેતન જેટલા વ્યાપક બન્યા હોવાથી જ અનુભવીઓએ તેમને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, અરે સાક્ષાત્ બ્રહ્મરૂપ કહ્યા છે.

'गुरुर्ब्रह्मा, गुरुर्विष्णुर्' જે શ્લોક આપણે ગાઈએ છીએ તેમાં 'શ્રીસદ્‌ગુરુ'ના સ્વરૂપ વિશે ભાવથી વ્યક્ત થયેલી અતિશયોક્તિ છે એવું નથી, તે હકીકત છે.

આથી જ જેના જીવનમાં પ્રત્યક્ષ રીતે શ્રીસદ્‌ગુરુ પ્રાપ્ત થયેલા હોય અને તેમને જો આપણે આપણામાં ખરેખર પ્રતિષ્ઠિત કર્યા હોય તો આપણે માટે સર્વે દેવો તેમનામાં જ

સમાઈ જાય છે. આપણે માટે કૃષ્ણ, રામ આદિ સર્વે દેવો શ્રીસદ્‌ગુરુમાં જ સમાઈ જાય છે. જેમને શ્રીસદ્‌ગુરુની ખરેખર પ્રાપ્તિ થઈ હોય છે, તેમને શ્રીસદ્‌ગુરુ અને ભગવાન એવો ભેદ મનમાં રહી જતો નથી. શ્રીસદ્‌ગુરુ જ સાક્ષાત્ પરબ્રહ્મરૂપ તેમને અનુભવાય છે. શ્રીસદ્‌ગુરુ અને ભગવાન બે અલગ વસ્તુ છે, તેવું શિષ્યને લેશ પણ ભાન રહેતું નથી.

આથી જ શ્રીસદ્‌ગુરુની પ્રાપ્તિ એ એક અલૌકિક ઘટના-phenomenon છે. આપણે મનુષ્યો સામાન્ય રીતે મળીએ છીએ એવું મળવું આ નથી. આ તો જેમ મોટી નદીમાં બીજું ઝરણું મળે છે અને પછી સદા એકરૂપ બની જાય છે, તેમ શ્રીસદ્‌ગુરુ સાથે આપણું મિલન થાય છે. આપણામાં આમૂલ પરિવર્તન કરી નાખે છે. આપણને હોઈએ તેવા રહેવા દેતા નથી. આવું આમૂલ પરિવર્તન કરવાની શ્રીસદ્‌ગુરુમાં શક્તિ હોય છે.

'सद्यो मनः प्रविलीयते दङ्मार्गमापतितस्य ते' તારા દષ્ટિપથમાં આવી  જનારનું મન તત્કાળ વિલીન થઈ જાય છે. આ શ્રીસદ્‌ગુરુનું સાચું સ્વરૂપ છે. તેઓ રસાયણરૂપ હોય છે. જેવી રીતે રસાયણ - chemical - કોઈ અન્ય દ્રવ્યમાં પડે તો તેનું આમૂલ સ્વરૂપ બદલી નાખે છે, તેવું શ્રીસદ્‌ગુરુનું છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે 'હે અર્જુન ! તું યોગી થા !' પણ યોગી થવું સૌને માટે શક્ય નથી, સહેલું નથી. સૂર્યનો પ્રકાશ એક જ હોય છે પણ કાચ તેનું પ્રતિબિંબ પાડે છે, ચળકતી વસ્તુ તેનો પ્રભાવ અનુભવે છે, પણ માટીનું ઢેફું એવું ને એવું જ રહે છે. તે પ્રકાશનું પ્રતિબિંબ પાડી

શકતું નથી. આ જ રીતે એક જ ગુરુ પાસે અનેક વ્યક્તિઓ જતી હોય પણ તેમની આંતરિક તૈયારી પ્રમાણે જ તેઓ ગુરુના પ્રકાશને ગ્રહણ કરી શકે છે. આમ છતાં ગુરુનો પ્રભાવ એવો હોય છે કે ઓછેવત્તે અંશે તેની અસર નીચે આવ્યા વિના રહી શકાતું નથી. ખેડેલ જમીનમાં વરસાદનું પાણી તરત અંદર સમાઈ જાય છે અને પાકને ઊગવામાં સહાય કરે છે અને અણખેડ જમીન ઉપર વરસેલું પાણી વહી જાય છે. પાણીનો આમાં દોષ નથી હોતો. દોષ આપણી તૈયારીનો, આપણી જરૂરનો, આપણી ગરજનો હોય છે.

જ્યારે ખરેખર આપણામાં ગરજ પાકે છે ત્યારે શ્રીસદ્‌ગુરુ આપણને શોધતા આવે છે. પૂ. મોટાના જીવનને જોતાં આ હકીકત ખૂબ સ્પષ્ટ થાય છે. પૂ. મોટાની આંતરિક તૈયારી તેમ જ જરૂરિયાતે છેક મધ્યપ્રદેશમાંથી શ્રીસદ્‌ગુરુને ખેંચી આણ્યા. જ્યાં જ્યાં ગરજ પેદા થાય છે, ત્યાં ત્યાં શ્રીસદ્‌ગુરુ સ્વયં ખેંચાઈ આવે છે. એ એક આધ્યાત્મિક જીવનનું સત્ય છે, કોઈ અતિશયોક્તિ નથી. આ બાબતને વ્યક્ત કરતું *'સામેથી હાલીને હરિ આવીઆ'* ભજન જે વર્ષો પૂર્વે લખાયું. આ ભજન* સાંભળીને પૂ. મોટા હર્ષથી ઊછળેલા :

આ ભજન સાંભળી પૂ. મોટા બોલેલા તે શબ્દો આજે પણ એવા ને એવા યાદ છે. 'ભઈલા ! મારા માટે પણ હરિ સામેથી હાલીને જ આવ્યા હતા, પણ મેં જે છેલ્લી કડીમાં લખ્યું છે કે 'ભોંઠપ કેમે ન ભાંગતી' તે અનુભવ મને ત્યારે થયેલો ન હતો.' તેઓ એમ કહેવા માગતા હતા કે જ્યારે

* પૃ. ૪૨ ઉપર આ ભજન છે.

શ્રીસદ્‌ગુરુ સામેથી ચાલીને મારા માટે આવ્યા ત્યારે પણ મને તેનું ખરું મહત્ત્વ સમજાયું ન હતું. આ હતી પૂ. મોટાની નિખાલસતા, વિનમ્રતા. મને યાદ છે ત્યાં સુધી તેઓ આધ્યાત્મિક જીવનની બાબતમાં અતિશય પારદર્શક હતા. જેવું હોય તેવું કહેતા તેમને લેશ પણ ખચકાટ થતો નહિ.

## સદ્‌ગુરુની જવાબદારી

આપણને ધ્યેય સુધી પહોંચાડવા, પોતાના જેવા સમોવડિયા બનાવવા તે શ્રીસદ્‌ગુરુની જવાબદારી છે, પણ આપણે તેમની જવાબદારી તેઓ પૂરી કરે તેમાં સાચો સહકાર આપતાં નથી.

આ તો ખરેખર નિર્ણયનો સવાલ છે. આપણને શ્રીસદ્‌ગુરુ ખરેખર વહાલા છે કે બીજું કંઈ ? આપણી ધ્યેય પરત્વે સાચી તમન્ના છે કે નહિ ? શંકરાચાર્યે કહ્યું, **'किं करणीयम् ? गुरुवचनम्'** **એટલે કે 'શું કરવા યોગ્ય છે ? જવાબ છે ગુરુનું વચન.'** ગુરુએ આપણને કૃપા કરી માર્ગ બતાવ્યો કે નામસ્મરણ કરો. આપણે ખરેખર કરવું જોઈએ તે રીતે ખરા ખંતથી અને ભાવથી તે પ્રમાણે કરીએ છીએ ? જો ન થઈ શકે એમ હોય તો ગુરુનું નામ છોડી દેવું એ વધારે પ્રામાણિક છે.

કૃપા અને પુરુષાર્થની ચર્ચા નિરર્થક છે. કૃપાનો ખરો અર્થ તો છે – **'કુર્વન્તમ્ રક્ષતિ-પાતિ-સા કૃપા'** (કરેલાં કર્મના ફળથી શ્રીસદ્‌ગુરુકૃપા રક્ષણ કરે છે.) પુરુષાર્થ કરનારનું રક્ષણ કરે છે 'કૃપા'. કોઈ પણ આપણને રસ્તો બતાવે અને છતાં તે રસ્તા પર ચાલીએ નહિ તો તેમાં દોષ આપણો છે. રસ્તો

કોઈએ બતાવ્યો તે કૃપા છે. રસ્તે ચાલવું અને ધ્યેયે પહોંચવું તે પુરુષાર્થ છે.

## સદ્‌ગુરુમાં નિષ્ઠા

આપણામાંનાં ઘણાં આધ્યાત્મિક સાધના કરનારાંઓને નિષ્ઠા શું તત્ત્વ છે, તે પૂ. મોટાની જીવન સાધનામાંથી જાણવા મળે છે. શ્રીસદ્‌ગુરુના આદેશમાત્રથી સમુદ્રમાં ચાલ્યા જવું, ગુરુના આદેશથી તદ્દન નિર્વસ્ત્ર બની શહેરના મુખ્ય રસ્તા પર સડસડાટ ચાલ્યા જવું, પ્રચંડ ધોધની પાછળની ગુફામાં દિવસો સુધી બેસી સાધના કરવી, મળમૂત્રના આહાર પર દિવસો નિર્ગમન કરવા, આવી આવી કઠોર સાધના પાછળની શ્રીસદ્‌ગુરુનિષ્ઠા કેટલી પ્રબળ હશે તેનું માપ કોણ કાઢી શકશે ? પૂ. મોટા અનેકવાર કહેતા કે પ્રતીતિ conviction (સમજણ) એક વસ્તુ છે અને નિષ્ઠા સાવ જુદી જ વસ્તુ છે. પ્રતીતિ તો ઘણાંને હોય અને થાય પણ નિષ્ઠા તો કોઈક મરજીવાને જ પ્રાપ્ત થાય. શ્રીસદ્‌ગુરુની જીવનમાં પૂર્ણ પ્રતિષ્ઠા થયા વિના, આપણી પ્રકૃતિ સદ્‌ગુરુને સંપૂર્ણ વશ થયા વિના, નિષ્ઠા પ્રગટતી નથી. મારા ગુરુના શબ્દોમાં કહું તો નિષ્ઠા પ્રકટે ત્યારે કોઈ આપણી જીવતી ચામડી ઊતરડી લે તોપણ આપણો સદ્‌ગુરુના વચનમાંથી વિશ્વાસ ડગતો નથી. ગુરુ ગોવિંદસિંહના છોકરા દીવાલમાં જીવતા ચણાઈ જવા છતાં તેમનો સ્વધર્મમાંથી વિશ્વાસ ડગ્યો ન હતો. આવી નિષ્ઠા એ જ શ્રીસદ્‌ગુરુ આપણામાં પૂર્ણપણે પ્રતિષ્ઠિત થયેલા છે કે નહિ તેની ખાતરી પૂરી પાડે છે.

ચેતનપુરુષમાં શ્રીસદ્ગુરુ રોમરોમમાં વ્યાપીને પ્રતિષ્ઠિત થયેલા હોય છે. આથી જ સંત પુરુષ મોટા માંધાતાની પણ શેહમાં દબાતા નથી. પૂ. મોટાની ચેતનનિષ્ઠા આવી વિરલ હતી.

આપણને ઘણીવાર એવો ભ્રમ રહે છે કે આપણે આપણા શ્રીસદ્ગુરુ પરત્વે સંપૂર્ણ આજ્ઞાંકિત છીએ. તેઓ જે કહે તે કરવા આપણે તત્પર રહીએ છીએ, પણ આપણી પ્રકૃતિને અનુકૂળ બાબતો પરત્વે જ આપણે વાસ્તવિક રીતે આજ્ઞાંકિત રહી શકીએ છીએ. આપણી રાગાત્મક પ્રકૃતિને અનુકૂળ આદેશો આપણે સહર્ષપણે સ્વીકારી લઈ શકીએ છીએ, પરંતુ આપણા રાગ કે દ્વેષ પરત્વે ક્યારેક નિષેધાત્મક આજ્ઞા આપે ત્યારે જ સાચી આજ્ઞાંકિતતાની સાચી કસોટી થાય છે. દાખલા તરીકે આપણા કોઈ રાગાત્મક સંબંધને છોડવાની આજ્ઞા આપે કે દ્વેષાત્મક સંબંધમાં આપણને અહંકાર છોડી સંબંધ જોડવાની આજ્ઞા આપે ત્યારે જ આપણી સાચી આજ્ઞાંકિતતાની કસોટી થાય છે ત્યારે જ આપણો ભ્રમ ભાંગે છે કે આપણે શ્રીસદ્ગુરુના અંકુશને વાસ્તવિક રીતે સ્વીકાર્યો છે કે નહિ.

શ્રીસદ્ગુરુ સાચા સાધકની પ્રકૃતિને પલટાવવાની નેમ રાખતા હોવાથી તેઓ કદી આપણી પ્રકૃતિથી દોરાતા નથી. પ્રેમને વશ થઈ ક્યારેક આપણી પ્રકૃતિને તેઓ અનુસરે ખરા, પણ તેમનો મુખ્ય હેતુ તો આપણી પ્રકૃતિને ચિન્મય બનાવવાનો હોય છે. શ્રીસદ્ગુરુના પ્રેમના પ્રભાવે જ આપણે આપણી પ્રકૃતિની પકડમાંથી મુક્ત થઈ શકીએ. તેઓ જ પ્રકૃતિનું રૂપાંતર કરવા સમર્થ છે. આપણી અહંભાવયુક્ત પ્રચંડ સાધના પણ આપણને પ્રકૃતિના રૂપાંતરમાં મદદ કરતી નથી.

## નામસ્મરણ

પૂ. મોટાનો સાધનામાર્ગ ‘નામસ્મરણ’નો છે. સતત એકધારું ભાવપૂર્વકનું ‘નામસ્મરણ’ થયા જ કરવું જોઈએ. આ ‘નામસ્મરણ’ની બાબતમાં જેટલી આળસ, દિલ દગડાઈ તે અનિષ્ટ છે. યજ્ઞની જેમ, અથાક રીતે તમે ‘નામસ્મરણ’માં લાગી રહો, પછી ભલે ભૂલચૂક થાય, પડાય તોપણ પાછું રાહ પર આવી જવાશે. આપણે સવાર સાંજ કલાક, બે કલાક ‘નામસ્મરણ’ કરી લઈએ અને માનવા લાગીએ કે આપણે સાધના કરી રહ્યા છીએ, તે એક બહુ મોટી ભ્રમણા છે. આપણે ખરેખર તો લાગી રહેવું જોઈએ. લગાતાર ‘નામસ્મરણ’માં જ પ્રવૃત્ત રહેવું જોઈએ, કારણ કે તે જ એક માર્ગ છે. આમાં આળસ તે પુરુષાર્થનો અભાવ છે.

પ્રભુની કૃપાથી શ્રીસદ્‌ગુરુ મળ્યા અને શ્રીસદ્‌ગુરુએ કૃપા કરી ‘નામસ્મરણ’નો માર્ગ બતાવ્યો. હવે તો જે કંઈ કરવાનું છે, તે આપણે જ કરવાનું છે. હવે જેટલી આળસ તેટલું નુકસાન આપણને છે. શ્રીસદ્‌ગુરુનો એ એક પ્રકારનો દ્રોહ છે. આપણી આળસની ખરેખર પીડા તો શ્રીસદ્‌ગુરુ ભોગવે છે. આપણે શ્રીસદ્‌ગુરુને વહાલા ગણીએ છીએ પણ આપણે તો આપણા વહાલા સ્વજનને પીડા પહોંચાડવાના જ નિમિત્ત બનીએ છીએ.

આ બાબતમાં એકવાર પૂ. મોટાને મેં સ્પષ્ટ રીતે પૂછેલું. તેમણે કહેલું, ‘નામસ્મરણમાં અંત સુધી નામને પકડી રાખવું જ પડે. નામસ્મરણનો માર્ગ અને ધ્યાનનો માર્ગ અલગ અલગ છે. નામસ્મરણ કરતાં કરતાં ધ્યાનમાં ઊતરી પડવું અને ધ્યાન

કરતાં કરતાં નામસ્મરણમાં ઊતરી પડવું તે યોગ્ય નથી. જે માર્ગ પકડો તેને જ અંત સુધી વળગી રહેવું જોઈએ.'

એકવાર મેં પૂ. મોટાને પૂછ્યું, 'મોટા ! વેદાંતની સાધનામાં જેમ મહાવાક્યોનાં સત્યને લક્ષમાં રાખીને સુવિચારના સાધન વડે તેના અપરોક્ષાનુભવ સુધી પહોંચવાનું હોય છે, તેમ નામસ્મરણમાં hypothesis (પૂર્વધારણા, માન્યતા) તરીકે શું રાખવાનું ?' પૂ. મોટાએ તત્કાળ જવાબ આપ્યો, **'ગુરુનો શબ્દ.'** નામસ્મરણ કરતાં કરતાં જ આખરે જીવનના આધારરૂપ સત્યોનું ભાન પ્રકટે.

ખરેખર તો અનુભવી, પહોંચેલા શ્રીસદ્‌ગુરુ આ બન્ને માર્ગમાં સાચું સાધકબળ છે. જો અનુભવી શ્રીસદ્‌ગુરુનો સહારો ન હોય તો વેદાંતનો અભ્યાસ માત્ર વાચાળ વેદાંતી બનાવે. જો પુસ્તકોના અભ્યાસમાત્રથી ચાલતું હોત તો યુનિવર્સિટીમાંથી પસાર થનારા બધા વેદાંતના વિદ્યાર્થીઓ સાક્ષાત્કાર કરનારા બનત, પણ તેમ બનતું અનુભવાયેલું નથી. એ જ રીતે શાસ્ત્રોમાં ઠેરઠેર નામસ્મરણનો મહિમા ખૂબ ગવાયેલો છે. લોકો હાલતાં અને ચાલતાં 'ક્લૌ કેશવકીર્તનમ્' – કળિયુગમાં કેશવનું કીર્તન જ માત્ર સાધન છે, પણ જ્યાં સુધી અનુભવી શ્રીસદ્‌ગુરુનો સહારો પ્રાપ્ત ન થાય ત્યાં સુધી નામને વળગી તેમાં લગાતાર લાગી રહેવું સહેલું નથી. ગમે તે માર્ગ અપનાવો પણ અનુભવી સદ્‌ગુરુનો સહારો તો અનિવાર્ય આવશ્યકતા બની રહે છે.

પૂ. મોટાની વિશેષતા એ હતી કે તમે ગમે તે ગુરુના માર્ગદર્શન નીચે હો, ગમે તે માર્ગની સાધના કરતા હો પણ

તે હંમેશાં આપણને ટકોરી, ટપારી આપણા માર્ગમાં પ્રામાણિકતા અને ખંતપૂર્વક, આળસ કર્યા વિના ચાલતાં રાખવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરતા. તમે ગમે તે માર્ગે સાધના કરતા હો પણ તેની કસોટી લક્ષણોના પ્રાકટ્યમાં છે. પૂ. મોટા ઘણીવાર કહેતા, 'સાધકમાત્ર તેનામાં પ્રકટેલાં લક્ષણોથી ઓળખી શકાય.'

## નામસ્મરણનું મહત્ત્વ

પૂ. મોટા ગાંધી આશ્રમના અધ્યાપક મંદિરમાં પધાર્યા હતા ત્યારે મને એક જાણવા જેવી, સમજવા જેવી વાત તેમણે કરી હતી. તેઓએ કહ્યું, 'આ જમાનામાં કોઈ કેવળ 'શ્રદ્ધા'થી કોઈ વસ્તુ સ્વીકારે તેમ નથી. આધ્યાત્મિક જીવનવિકાસનું ચોક્કસ વિજ્ઞાન છે અને આ વિજ્ઞાન લોકોને સમજાવવું જરૂરનું છે. 'નામસ્મરણ' શું છે અને શા માટે તેનાથી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક લાભ થાય છે, તેને વૈજ્ઞાનિક રીતે સમજવા મેં આજીવન પ્રયત્ન કર્યો છે અને તેનું વિજ્ઞાન પ્રત્યક્ષ રીતે સમજાયું છે. હું પર્વતની ટોચ ઉપરથી છાતી ઠોકીને આ વિજ્ઞાન લોકોને ગળે ઊતરાવી શકું તેવો વિશ્વાસ મારામાં પ્રકટ્યો છે. હું ઘણા ઘણા સંતોને – સરયૂદાસ મહારાજ, જાનકીદાસ મહારાજ, વિદ્યાનંદજી મહારાજ (ગીતા મંદિર, અમદાવાદ), મહાત્મા ગાંધી વગેરેને પૂછતો કે 'નામસ્મરણ'નો આટલો મહિમા શા માટે છે ? તેઓએ તો મને કહેલું કે તે શ્રદ્ધાનો જ વિષય છે. મને આ જવાબથી સંતોષ થતો નહિ. આજે હું સમજ્યો છું કે માનવશરીર પૃથ્વી, જળ, તેજ, આકાશ અને વાયુ એમ પાંચ તત્ત્વોનું બનેલું છે. 'શબ્દ' આકાશનો ગુણ છે. કોઈપણ 'શબ્દ' અને 'નામ'ને જો એકધારી

રીતે દીર્ઘકાળ સુધી વળગી રહી શકાય તો આપણા શરીરનું આકાશતત્ત્વ ઉપર આવે છે. આકાશનો ગુણ સત્ત્વગુણ છે. આકાશતત્ત્વ ઉપર આવવાથી સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે. સત્ત્વગુણની વૃદ્ધિ થતાં ભાવભક્તિ વધે છે અને તેથી શરીર, મન અને ચેતનને વિકસાવે છે. શારીરિક રોગો દૂર થાય છે, માનસિક ચંચળતા ઘટે છે અને ચેતન આગળ આવે છે. નામસ્મરણનું આ વિજ્ઞાન છે. પ્રત્યક્ષ પ્રયોગથી તે સાબિત કરી શકાય તેમ છે. હું પોતે જ તેનો પ્રત્યક્ષ પુરાવો છું.' તેમણે વધુમાં કહ્યું, 'આ વાત હું અભિમાનપૂર્વક કહી શકું છું. અમારું ચેતન અહં કરતાં વધારે સૂક્ષ્મ અને પ્રબળ છે. એટલે આવું કહેતા મને લેશ પણ સંકોચ થતો નથી.'

પૂ. મોટાની આ વિશેષતા તેમને પારંપરિક - traditional - સંતો કરતાં પણ ઘણી ઊંચી કોટિમાં સ્થાન અપાવે તેમ છે. પૂ. મોટા પોતાના જમાના કરતાં ઘણા આગળ હતા.

## નામસ્મરણનું rationale

પૂ. મોટા 'નામસ્મરણ'નું rationale (તાર્કિક આધાર - યથાર્થ નિરૂપણ) સમજાવતા. તેમણે મને કહ્યું, 'હું જેટલા જેટલા સંતોને મળ્યો છું. તેઓએ મને કહ્યું છે કે નામસ્મરણથી લક્ષ્ય સિદ્ધ થાય તે વાત શ્રદ્ધાનો વિષય છે અને તેને શ્રદ્ધાપૂર્વક સ્વીકારી આગળ ચાલવું જોઈએ. આ વિષયમાં મેં સમકાલીન કેટલાયે સંતોને પૂછ્યું છે. જાનકીદાસજી, સરયૂદાસ, ગાંધીજી વગેરેને પણ મેં પૂછ્યું છે. તેઓએ મને ઉપર મુજબ એક જ જવાબ આપ્યો હતો.'

મને આ જવાબથી સંતોષ થયો ન હતો. હું સતત મથામણ કરતો રહ્યો છું અને આખરે મને 'નામસ્મરણ'નું rationale મળ્યું છે. હવે મને છાતી ઠોકીને જગતને કહેવામાં સંકોચ નથી.

નામસ્મરણ બાબતમાં પૂ. મોટાએ મને સમજાવેલ rationale આવું છે. આપણું શરીર પંચમહાભૂતોનું – પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશનું બનેલું છે. આકાશની તન્માત્રા શબ્દ છે. આકાશ સત્ત્વગુણયુક્ત મહાભૂત છે. તમે શબ્દને - નામને દૃઢપણે પકડી લગાતાર સ્મરણ કર્યા કરો તો આખરે આકાશતત્ત્વ મોખરે (predominant) થાય છે. આકાશનો ગુણ સાત્ત્વિક હોવાથી રજોગુણ અને તમોગુણ શાંત થાય છે. સત્ત્વગુણનો પ્રભાવ આપણા રોગ - શોકને નિર્મૂળ કરે છે. નામસ્મરણનું આવું સચોટ convincing rationale પ્રતીતિકરનું વિજ્ઞાન છે.

સાધનામાં પ્રાણ ઉપરનો અંકુશ મેળવવો ઘણો કઠિન છે. પ્રાણની ભૂખ છે કામ, ઊંઘ અને ભૂખ. જ્યાં સુધી પ્રાણ ઉપર પ્રકૃતિનો અંકુશ હોય ત્યાં સુધી કામ, ઊંઘ અને ભૂખ ઉપર વિજય મેળવી શકાતો નથી. પ્રાણ સંપૂર્ણપણે ચેતનના અંકુશ નીચે આવે ત્યારે કામ, ઊંઘ અને ભૂખ ઉપર સહજ રીતે વિજય મળે છે અને ત્રણેના પ્રકારો બદલાઈ જાય છે.

**ચેતના**

સાધક જીવનમાં આપણે અવારનવાર અહં વિશે સતર્ક રહેતાં હોઈએ છીએ. શ્રીમદ્ ભગવદ્‌ગીતાના દસમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ સતત એવી રીતે બોલી રહ્યા છે કે

સામાન્યજનને તો એવી છાપ પડે કે આમાં તો ભારે અહં છે. અર્જુનને શ્રીકૃષ્ણ એટલે સુધી કહે છે કે : 'पाण्डवानां धनंजयः' (શ્લોક ૩૭) 'પાંડવોમાં હું અર્જુન છું.' આવું સાંભળી વાચકને જરૂર આશ્ચર્ય થાય. પૂ. મોટાએ મને એકવાર સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું, 'અહં કરતાં પણ અમારું ચેતન વધારે સૂક્ષ્મ અને જાગ્રત છે. એટલે અમને બોલવામાં અહં દેખાય તો તેનો ડર હોતો નથી.'

હકીકતમાં મન, બુદ્ધિ, પ્રાણ, અહં વગેરેનું અધિષ્ઠાન ચેતન જ છે. જેઓ સદૈવ ચેતનમાં જ અતંદ્રિતપણે રહ્યા કરતાં હોય તેમને અહં બાધક નથી થઈ શકતું. સાધનાની આ એક અતિ સૂક્ષ્મ બાબત છે.

પૂ. મોટા સાચા જાગ્રત ચેતનસ્થ પુરુષનાં લક્ષણોમાં એક લક્ષણ નિર્ભયતા ગણાવતા. જાગેલો ચેતનાત્મા કોઈની શેહમાં કદીયે આવે નહિ, પછી ભલેને તે મોટા સમ્રાટ હોય !

મારા ગુરુએ મને કહેલું કે ચેતન જાગ્યા પછી શરીરના અણુ-પરમાણુ પણ ચેતનમય બની જાય છે અને શરીર જેમ નિઃસર્ગનાં સૂર્ય ચંદ્રાદિની જેમ સત્ત્વરૂપ બની જાય છે. નિઃસર્ગનાં સત્ત્વો પોતાનો ઉપયોગ કરવા જગતને કહે છે, પણ તેમાં ઉપકારની ભાવનાનો અંશ લેશ પણ નથી હોતો. સૂર્યને કદી એવું અભિમાન નથી થતું કે પોતે જગતને ઉષ્મા અને જીવનનું દાન કરી રહ્યો છે. તે તો જે છે તે જ રહે છે. જેને તેનો જેટલો ઉપયોગ કરવો હોય તે કરી લે છે. 'હકીકતમાં આ સૃષ્ટિનું જીવન જ પરસ્પરાવલંબી છે. ગરમી, પ્રકાશ,

પાણી, હવા, ધરતી બધાં આપણા જીવનને જિવાડવામાં અને ઘડવામાં ઉપયોગી હોય છે. છતાં તેમને તેનું ભાન કે અભિમાન નથી હોતું. આ જ રીતે આપણે પોતે કુદરતી સત્ત્વરૂપ બની જીવવું જોઈએ અને પરસ્પર અભિમાન વિના ઉપયોગી બની રહેવું જોઈએ.

**સૂક્ષ્મ ચેતના અને અહં**

પૂ. મોટાએ એક વખત મને કહ્યું, **'અહંથી પણ વધારે સમર્થ અને સૂક્ષ્મ ચેતના છે. આથી મારા કહેવામાં, બોલવામાં અહંનો ભાસ થાય તો તેની મને પરવા નથી. જાગેલી ચેતના અહંનો પણ યથેચ્છ ઉપયોગ કરી શકે છે.'**

આ બહુ મોટી વાત છે. સાધારણ સામાન્ય સમજમાં જલદીથી ન પકડાય તેવી આ વાત છે. સામાન્ય રીતે સાધકો એમ સમજતા હોય છે કે અહંને નિર્મૂળ કર્યા વિના પાર જ ન પમાય.

સવાલ એ છે કે અહંને સર્વથા નિર્મૂળ કરવો એટલે શું ? આનું ઉદ્‌ગમ સ્થાન તો ચેતના છે. ચેતનમાંથી જ તેનું પ્રાકટ્ય છે, તે અહંને નિર્મૂળ કેવી રીતે કરી શકાય ? અહં ચેતન જેટલું જ અનાદિ છે. અહંને નિર્મૂળ કરવાનો અર્થ એટલો જ છે કે અહંની મર્યાદા સમજવી. અહંને મિથ્યા બનતાં રોકવું. અહંને તેના યોગ્ય ફલકમાં - perspective -માં મૂકી લેવું તે જ અહંનું નિર્મૂળ થવું છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ દસમા અધ્યાયના ૩૭મા શ્લોકમાં અર્જુનને જ કહે છે, 'પાંડવોમાં ધનંજય હું છું' વગેરે વગેરે. લાંબી વાત કહે છે. આ 'હું છું' કહેવું તે અહંકાર છે ? મિથ્યાભિમાન છે ? આ તો પોતા

વિશેનું પ્રચંડ, જાજ્વલ્યમાન આત્મભાન છે. 'હું છું' કહેતી વખતે કહેનારની જાગેલી સૂક્ષ્મ ચેતના આ 'હું'ને બરાબર ઓળખે છે અને તે તેના અંકુશ તળે છે.

## પુરુષાર્થ

પૂ. મોટા, પુરુષાર્થ ઉપર સહેતુક અને યુક્તિપૂર્વક ઝોક દેતા હતા. તેઓને શુષ્ક રીતે વેદાંતની ચર્ચા કરનારાંઓ ઉપર બહુ વિશ્વાસ ન હતો. કેટલીકવાર તેઓ વેદાંતીઓ ઉપર ઊતરી પડતા.

મારો માર્ગ પણ વેદાંતનો હતો. એકવાર મેં પૂ. મોટાને હસતાં હસતાં કહ્યું, 'મોટા ! 'In Defence of Vedanta' નામનો એક લેખ લખવાનું મન થાય છે. લખું ?' તેમણે મને કહ્યું, 'ના, નથી લખવો.'

હકીકતમાં કૃપા અને પુરુષાર્થ પરસ્પર વિરોધી વસ્તુઓ નથી. જે અવ્યક્ત - અદીઠ છે તેના તરફથી થતી પ્રક્રિયાને કૃપા કહી શકાય. આપણે પોતે વ્યક્ત છીએ. આપણે છેડેથી થતી ક્રિયાને પુરુષાર્થ કહેવાય.

ક્યારેક આપણે બેઠાં હોઈએ અને દૂરથી આપણી મનગમતી વ્યક્તિને આવતી જોઈએ તો સફાળા ઊભા થઈ સામા જઈએ છીએ. આમ, સામે જવાથી અડધે રસ્તે મિલન થાય છે અને સમય કપાઈ જાય છે. પ્રિયજન આવી રહ્યું છે, તે તેની કૃપા છે. આપણે સામે મળવા દોડીએ છીએ, તે પુરુષાર્થ છે. પુરુષાર્થ અને કૃપાના વિષયમાં લંબાણપૂર્વકની ચર્ચા નિરર્થક છે. સમયનો ખોટો બગાડ છે. અપ્રસ્તુત રીતે ચર્ચા કરીએ તો બન્ને બાજુએ પાનાંનાં પાનાં ભરાય તેટલું લખી શકાય.

ખરેખર તો પુરુષ અર્થે એટલે આત્મા અર્થે કરેલો પ્રયાસ તે જ પુરુષાર્થ. બીજા બધા પુરુષાર્થો - પ્રયાસો પ્રકૃત્યર્થ સમજવા જોઈએ. ગુરુએ અમુક સૂચના આપી હોય છતાં તે પ્રમાણે કરવામાં આળસ, દિલ દગડાઈ કરનારાંઓ માટે પુરુષાર્થ ઉપર જ જોર આપવાનું હોય. ગુરુ મળ્યા એ જ પરમાત્માની પરમ કૃપા છે. ગુરુની આજ્ઞા-સૂચના પ્રમાણે કોઈપણ કાર્ય પ્રામાણિકપણે અને એકાગ્ર રીતે કરવું તે દેખીતી રીતે પુરુષાર્થ લાગે, પણ ખરેખર તો કૃપાના કાર્યની જ પરંપરા છે.

પણ આમાં સવાલ એ ઊભો થાય છે કે આપણને ખરેખર ગુરુ મળ્યા છે ખરા ? અગાઉ મેં કહ્યું છે તે પ્રમાણે ગુરુનું મિલન, ગુરુની પ્રાપ્તિ એક ઘટના - phenomenon છે. વિજ્ઞાનના પ્રયોગોમાં આપણે જોઈએ છીએ કે જ્યારે દ્રવ્યોનું પ્રમાણ, નૉર્મલ ટેમ્પરેચર પ્રેશર (N.T.P.) વગેરે શરતો જળવાય ત્યારે જ ધાર્યું પરિણામ આવે. આ જ પ્રમાણે ગુરુમિલન એક ઘટના છે. જ્યારે આવી ઘટના બની હોય ત્યારે બાકીનું બધું આપોઆપ થતું આવે છે.

કૃપા સામે પારની અદીઠ તરફથી આવતી વસ્તુ છે અને હકીકતમાં કૃપા તો પર્જન્યવત્ સદાય વરસતી જ હોય છે. આપણા છેડેથી આપણે તમોગુણવશ રહી સમય બગાડતાં હોઈએ છીએ. આપણા હાથમાં છે, તે આપણે કરતાં નથી હોતા. આ કારણે આપણા પુરુષાર્થમાં જ આપણે મુસ્તાક રહેતાં થવું જોઈએ. પુરુષાર્થની શક્તિ જ આપણે ભૂલા પડ્યા હોઈશું. તો ફરી ચલાવી રસ્તે ચડાવશે, પછડાયા હોઈશું તો બેઠા

કરાવી આગળ પગલું ભરાવશે. અંગ્રેજીમાં આને to be up and doing (સતત પ્રવૃત્તિશીલ) વૃત્તિ કહે છે. કંઈક ને કંઈક કર્યા કરવું, સદા ઉદ્યત રહેવું, એ જ આપણે માટે ઈષ્ટ છે. આ પુરુષાર્થની વૃત્તિ આપણામાં રહેલા ઘોર તમોગુણના પરિણામરૂપ આળસ - indolenceની વિરોધી વૃત્તિ છે. હકીકતમાં આપણે આળસથી આવરાયેલાં હોઈએ અને આપણે બોલીએ કે ભગવાનની કૃપા આપણા માટે બધું કરી આપશે તે બાબતનો પૂ. મોટા વિરોધ કરતા. તેઓ હંમેશાં કહેતા કે ચાલશો તો રસ્તો કપાશે. પ્રયત્ન કરશો તો પામશો. શોધશો તો કંઈક મળશે. આમ, આળસમાં પડ્યા રહી કંઈ આશા રાખવી તે મોટી ભ્રમણા છે.

ઘણીવાર આપણે દેખીતી રીતે દોડધામને જ પુરુષાર્થ ગણીએ છીએ. કેટલીકવાર કંઈ જ દેખીતો પુરુષાર્થ ન કરવો તે જ સાચો પુરુષાર્થ હોય છે. દાખલા તરીકે તમે બાગમાં એક સુંદર વૃક્ષનું બીજ વાવ્યું. જમીન તૈયાર કરી, ખાતર પાણીની વ્યવસ્થા કરી, ક્યારાને સંરક્ષણ આપ્યું. ત્યાર પછી તમારે ધીરજથી રાહ જોવી જોઈએ. યથાકાળે જ બીજ અંકુરિત થશે. યથાકાળે તે મોટું થશે અને ફૂલને ધારણ કરશે. આ બધું બનવામાં આપણી દોડધામ નકામી જાય છે. આ કાળે દેખીતા પુરુષાર્થનો અભાવ જ ખરેખરો પુરુષાર્થ છે.

યથાકાળે યથોચિત રીતે વર્તવું તે સૂક્ષ્મ વિવેક માગી લે છે. કેવળ કૃપા ઉપર આધાર રાખી બેસી રહેવું અથવા કેવળ દોડધામ કરી કરી થાકવું એ બન્ને વિવેકના અભાવનાં પરિણામો છે.

## આધ્યાત્મિકતા

પૂ. મોટા એક એવી વિભૂતિ હતા, જેઓ આધ્યાત્મિક અનુભૂતિની બાબતમાં લેશ પણ કાલ્પનિક બાબતને મહત્ત્વ આપતા ન હતા, પરંતુ આધ્યાત્મિક અનુભૂતિની બાબતમાં તેઓશ્રી કેવળ વાસ્તવિકતાને, સચ્ચાઈને જ મહત્ત્વ આપતા હતા. તેઓશ્રી આધ્યાત્મિક સાધના કરવાનો દાવો કરનારાંની વાતો કરનારને પણ સ્પષ્ટપણે નમ્રતાપૂર્વક કહેતા કે તમે જે કહો છો, તેવી તમારી સાધના હોય તો તેનાં લક્ષણો તમારામાં પ્રકટ થતાં અનુભવમાં આવવાં જોઈએ. કોઈ પણ પ્રકારની આધ્યાત્મિક સાધના હોય પણ તેનાં વાસ્તવિક લક્ષણો પ્રકટતાં હોવાં જોઈએ. વળી, એક બાબતમાં પૂ. મોટા ખૂબ ખૂબ ચોક્કસ હતા કે સાધનાની ઉત્તમતા તેની વાસ્તવિકતામાં રહેલી છે, કલ્પનામાં કે ભ્રાંતિમાં નહિ.

## આધ્યાત્મિકતાની દિશા

અવાસ્તવિક, પ્રાણહીન આધ્યાત્મિક સાધનાના, ધર્મના આચારને પૂ. મોટાએ સાચા વાસ્તવિક માર્ગે વાળવાનો ભગીરથ પ્રયત્ન કર્યો છે. આત્મસાક્ષાત્કાર એટલે કેવળ ભ્રામક દર્શનો, કાલ્પનિક દેવદર્શનો કે ઝાંખીઓ નથી, પણ આધ્યાત્મિક સાધનાથી માનવને પોતાની પ્રાકૃતિક નબળાઈઓમાંથી મુક્તિ મળે, માણસની પ્રકૃતિમાંથી સ્વાર્થ, રાગદ્વેષ, અહંકાર આદિમાંથી મુક્તિ મળે તે સાચો આત્મસાક્ષાત્કાર છે. જો આમ થાય તો માણસમાં રહેલું ચેતન સોળે કળાએ ખીલી ઊઠે, સાચું ખમીર પ્રકટે, અલૌકિક સાહસની શક્તિ મુક્ત થાય અને પોતાના અંગત સ્વાર્થને ત્યાગી સાચી પરમાર્થ વૃત્તિ જાગી

ઊઠે, સર્વવ્યાપક પરમેશ્વર વસ્તુમાત્ર અને વ્યક્તિમાત્રમાં દેખાય અને તેને માટે હૃદય પ્રેમથી ઊભરાય અને લોકોનાં સુખદુ:ખમાં સાચી સેવા કરવાની પ્રબળ વૃત્તિ જાગી ઊઠે અને જીવનની ક્ષણે ક્ષણ આવા ઊંચા પ્રકારના પરમાર્થમાં ખર્ચવાની અતંદ્રિત ભાવના અને વૃત્તિ જાગી ઊઠે તે જ સાચો આધ્યાત્મિક આત્મસાક્ષાત્કાર છે. જે વ્યક્તિને સમાજનાં સુખદુ:ખનો સ્પર્શ થતો નથી અને કેવળ એકાંતમાં બેઠોબેઠો કાલ્પનિક સ્વસ્થતા અને શાંતિમાં જીવી શકે છે તે આધ્યાત્મિકતા કેવળ ભ્રાંતિ છે. તે આધ્યાત્મિકતા પણ નથી અને તે ધર્મ પણ નથી. પૂ. મોટાએ પોતાના જીવનના પ્રત્યક્ષ ઉદાહરણથી આપણને આવી આધ્યાત્મિકતાની દિશા બતાવી છે.

દક્ષિણના સંત પૂ. રામદાસ સ્વામીને શ્રીરમણ મહર્ષિના આશ્રમમાં સાચું સમાધાન થયું અને ત્યાં તેમને બેઠાં બેઠાં દૂર એક વૃક્ષ નીચે શ્રીબાલમુકુંદને નાચતા કૂદતા જોયા ત્યારે સ્વામીએ પ્રાર્થના કરી, 'ભગવાન, મારે આવું દર્શન નથી જોઈતું. મારે તો પ્રત્યેક જીવનમાં રહેલા આપના વ્યાપક સ્વરૂપનાં દર્શન કરવાં છે.' આ છે સાચું દર્શન. પૂ. મોટાએ આપણને આવી સાચી આધ્યાત્મિકતાની દિશા બતાવી છે. આપણને જ્યાં જ્યાં ગુણ અને ભાવ હોય ત્યાં તેની સાચી કદર કરતાં અને ભગવાનનાં દર્શન કરવાનું શીખવ્યું છે. કેવળ સ્વાર્થ સાધવાને બદલે સાચો પરમાર્થ કરવાનું શીખવ્યું છે. અંદર અને બહારના જીવનને એકરૂપ બનાવવાનું શીખવ્યું છે. મન, વચન અને કર્મની એકતા કરીને જીવવાની પ્રેરણા આપી છે. આપણે વાસ્તવિક રીતે જેવા હોઈએ તેવા દેખાવાનું નિર્દંભ જીવન જીવવાનો પાઠ આપ્યો છે.

## જાગૃત જીવ

પૂ. મોટા ઘણીવાર કહેતા, **'જાગેલા જીવને અસંગત સ્વપ્નો ન આવે. સ્વપ્નો આવતાં હોય તો સમજવું કે આપણું મન હજુ ચેતનથી અલગ રીતે વર્તી રહ્યું છે.'** પૂ. મોટાને એમ કહેતા પણ મેં સાંભળ્યા છે કે **'જાગેલા આત્માને - ચેતનના અનુભવો થતા રહેતા ન હોય. અંતસ્થ ચેતન અને બાહ્ય પ્રકૃતિનો સંપૂર્ણપણે સમન્વય-Intigration થાય ત્યાર પછી અનુભવોને સ્થાન રહેતું નથી. પૂર્ણ રીતે જાગેલો ચેતન પુરુષ પૂરેપૂરો અનુભવી છે. તેને અનુભવો થવા બાકી હોતા નથી.'** આ ખૂબ સૂક્ષ્મ બાબત છે.

## કેવી રીતે જીવી શકાય ?

પૂ. મોટા આપણને મરીને કેવી રીતે જીવી શકાય તે શીખવવા આવ્યા હતા. દુનિયાના માણસોની પ્રેમ વિશેની સમજ ઘણી જ સંકુચિત અને અજ્ઞાનથી ભરેલી છે. હકીકતમાં તો પ્રેમ જ પરમાત્મા છે. જે ખરેખર એકને પ્રેમ કરી શકે છે, તે જ સમગ્ર સૃષ્ટિને પ્રેમ કરી જાણે છે. પ્રેમ સર્વગ્રાહી-Comprehensive તત્ત્વ છે. આપણે માનીએ છીએ કે પ્રેમ તો એકને જ થઈ શકે અને તે જ પ્રેમ વફાદાર પ્રેમ કહેવાય. સાચો પરમાત્મારૂપ પ્રેમ સર્વગ્રાહી છે. તે સર્વત્ર વ્યાપેલો છે. પ્રેમ કદી સ્થગિત થઈને પડી રહેતો નથી. આપણને જે પ્રિય છે, તેને તેવું પ્રિય લાગે તેવું બનાવવામાં ઘણાંનો હિસ્સો હોય છે. માબાપે તેને જન્મ આપ્યો, સૂર્ય, હવા, પાણી, ધરતી અને સ્વજનોએ તેને જે જેવો છે તેવો બનાવવામાં પોતાનો હિસ્સો આપ્યો છે. આથી, વાસ્તવમાં આપણને આ તમામ તરફ કૃતજ્ઞતાનો ભાવ, પ્રેમનો ભાવ પ્રકટવો જોઈએ.

## સાચો ધર્મ

સૃષ્ટિના સંવાદને તોડ્યા વિના જીવવું તે જ સાચો ધર્મ. સૃષ્ટિના સંવાદને તોડવાનું કામ કરવું તેનું જ નામ અધર્મ. જીવન એક વૃંદગાન - orchestral symphony છે. વૃંદગાનમાં તમે અંગત રીતે તમારી આગવી સ્વતંત્ર શક્તિ જરૂર બતાવી શકો, પણ વૃંદગાનના સૂર અને તાલને તોડ્યા વિના. આપણે અનેકને ભોગે જીવન માણવામાં માનીએ તો એ સ્પષ્ટ રીતે અધર્મ છે. કોઈના સુખને ખંડિત કર્યા વિના તમે જો સુખ ભોગવી શકો અને એની કળા હસ્તગત કરી શકો તો સાચો ધર્મ જાણ્યો કહેવાય.

પૂ. મોટાએ આપણને એક પંક્તિમાં સારાય જીવનનો સાર સમજાવી દીધો છે. જો આપણી નજર ખરેખર ખૂલી ગઈ હોય તો

**'સર્વ મળેલાં સાથે દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)**
**છો અપમાન થયાં હો, ત્યાંયે ભાવ બઢો ૐ શરણ.'**

જો ઊંડેથી તપાસીએ તો જગતને સુધારવાનો મિથ્યા પ્રયત્ન કરવા કરતાં જાતને જ સુધારવાનો માર્ગ સીધો અને સરળ છે. પ્રખર સૂર્ય તપતો હોય પણ આપણે આંખ મીંચીએ તો આપણા માટે અંધારું જ રહે. વરસાદ અનરાધાર વરસતો હોય પણ જો આપણું પાત્ર જ ઊંધું હોય તો તેમાં ટીપું પણ નહિ ભરાય.

## વિશેષ ગુણભાવ

પૂ. મોટાએ જોઈ લીધું કે 'હજારોમાંથી કોઈક જ આધ્યાત્મિક સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે અને પ્રયત્ન કરનારાંઓમાંથી કોઈક જ પરમ તત્ત્વને સાચી રીતે જાણી

શકે છે.' આથી, સામાન્ય જનસમાજ માટે તેમણે બીજો મંત્ર આપ્યો : 'यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव् वा । तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसंभवम् ॥' (ગીતા-૧૦/૪૧) 'જ્યાં જ્યાં ગુણ અને ભાવ દેખાય છે તે મારા તેજના અંશમાંથી જન્મેલા છે.' પૂ. મોટાએ ગીતાનો આ ઉપદેશ બહુજન સમાજ સામે મૂક્યો. જ્યાં જ્યાં વિશેષ ગુણ અને ભાવ દેખાય તેની સક્રિય રીતે કદર કરો.

**સહનશીલતા**

પૂ. ઉપાસનીબાબાનાં ઉત્તરાધિકારી પૂ. ગોદાવરીમૈયાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે, **'અમને બાબાએ સહયોગ શીખવ્યો છે.'** જે સહન કરી જાણે છે તે જ સાચા આધ્યાત્મિક જીવનની પ્રાપ્તિ કરી શકે છે. જે સહન કરી શકતો નથી, તે પરમાત્માની સાથે નથી રહી શકતો, પણ 'સ' એટલે તે પરમાત્માનું 'હન' એટલે ખૂન કરે છે.

જો પરમાત્મા સર્વત્ર અને સર્વવ્યાપક છે તો સૌની સાથે સુમેળ અને પ્રેમથી જીવતાં શીખવું એ જ સાચી આધ્યાત્મિકતા છે. 'જે પ્રેમ આપે તેને જ પ્રેમ આપવો' એવો આપણો વર્તાવ હોય તો તે એક વેપાર છે. 'તોળીને આપવું અને તોળીને લેવું' એમાં કોઈ મોટો પુરુષાર્થ કે મર્દાનગી નથી. જે દ્વેષ કરે છે, જે આપણો ક્ષણેક્ષણે તિરસ્કાર કરે છે, તેને પણ બોલાવી આપણા કોઈ બોલ કે વર્તનથી તેનામાં આપણા માટે તિરસ્કાર પ્રકટ્યો હોય તો તેને ઊભો રાખી, હાથ જોડી, તેની દિલથી ક્ષમા માગી તેના અંતરમાં રહેલા દેવને જગાડવો અને તેના મોં પર હાસ્યને પ્રકટ કરાવવું તે સાચી આધ્યાત્મિકતા છે,

સાચી સાધના છે. પૂ. મોટાએ પોતાના જીવન અને મૃત્યુ દ્વારા આપણને આ પાઠ શીખવ્યો છે.

## મૃત્યુનું મહત્ત્વ અને શોકની નિરર્થકતા

પૂ. મોટાના 'મૃત્યુસંદેશે' સમાજમાં નવા મૂલ્યનું સ્થાપન કર્યું છે. પૂ. મોટાએ 'મૃત્યુ' પરત્વે જે માર્ગદર્શન આપ્યું છે અને સાચી સમજ આપી છે, તેનું મૂલ્ય આંકી શકાય તેમ નથી. સમાજને આ બાબતમાં સાવ નવી દૃષ્ટિ આપી છે. પ્રજામાં નવા સંસ્કારનું સિંચન કર્યું છે. આનું મૂલ્ય મૌનમંદિર, નામસ્મરણ વગેરે પ્રવૃત્તિઓથી જરાયે ઓછું નથી. મૃત્યુ જેવા હૃદયવિદારક પ્રસંગે, જ્ઞાની માણસો પણ પામર જેવા બની જાય છે, એવે વખતે પૂ. મોટાએ નવી સમજ પ્રકટાવતી જે પ્રાર્થના આપી છે, તેથી માણસને મૃત્યુ પ્રસંગે બજાવવાનો સાચો ધર્મ શીખવ્યો છે. આપણા સમાજમાં મૃત્યુ પ્રસંગે ગીતા, ગરુડપુરાણ વગેરે ધર્મગ્રંથોના વાંચનનો રિવાજ હતો, પણ તેથી મૃત્યના સંજોગોમાં જે સાચી સમજ પ્રકટવી જોઈએ, જે સ્વસ્થતા, જે મર્દાનગી, જે ખમીર પ્રકટવાં જોઈએ તે તેનાથી બની શકતું ન હતું. રોકકળ અને કલ્પાંત તો એવાં ને એવાં રહેતાં. મૃત્યુ પ્રસંગે સ્વજનો સાંજ સવાર આવીને કલાક બેસે, વાતો કરે અને મરનારને ભૂલવાની પ્રવૃત્તિ કરે તેમાં ભાગ્યે જ ઔચિત્ય હતું.

જીવનું સાચું શ્રેય શું છે તે માત્ર પ્રભુ જ જાણે છે અને દરેકને યથાકાળે જીવન અને મૃત્યુનું દાન આપે છે. જીવનને-જન્મને આપણે મંગળ અને શુભ ગણીએ છીએ. આનંદ માણીએ અને મૃત્યુને અમંગળ અને અશુભ ગણી

કલ્પાંત કરીએ છીએ. આપણી આ સમજ અજ્ઞાનભરી છે. મૃત્યુ, જીવન જેટલું જ મંગળ છે. જીવાત્મા માત્ર અનંતનો યાત્રી છે - પ્રવાસી છે. તેની યાત્રા વણથંભી ચાલી જ રહી છે. મૃત્યુના પ્રસંગનો પણ જીવનની સાધનામાં આપણે સદુપયોગ કરીએ એવું પૂ. મોટા શીખવે છે. મૃત્યુ પ્રસંગને સ્વસ્થતાથી સમજી ગતાત્માનું શ્રેય થાય એવો ઉપાય આપણને શીખવવા માગે છે.

આપણે વ્યવહારમાં 'પ્રેમ, પ્રેમ' કરીએ છીએ અને તેમ સમજીએ છીએ તે કેવળ સ્વાર્થાંધ મોહ જ હોય છે. જો ખરેખર પ્રેમ હોય તો ગતાત્માનું શ્રેય કલ્યાણ થાય તેવી જ રીતે આપણે વર્તવું જોઈએ, પણ આપણે તો ગતાત્મા માટે પ્રાર્થના કરવાને બદલે ભાંગી પડીએ છીએ અને બેહોશ જેવું વર્તન કરીએ છીએ. આપણે ગતાત્માની સેવા કરવાની છે તેને બદલે કોઈએ આપણી સેવા કરવી પડે તેવા થઈ જઈએ છીએ. આમ, ગતાત્માની સેવા કરવાનો આપણો ધર્મ આપણે ચૂકી જઈએ છીએ. આપણી આવી પરિસ્થિતિથી જ એવું સિદ્ધ થાય છે કે આપણામાં ગતાત્મા માટે સાચા દિલનો પ્રકાશયુક્ત, ખમીરયુક્ત પ્રેમ નથી પણ માત્ર સ્વાર્થ અને મોહ છે.

**મૃત્યુચિંતન**

પૂ. મોટા માનવીની આ મર્દાનગીને પડકારે છે. મૃત્યુ વખતે માણસે કેમ વર્તવું તે પૂ.મોટાએ શીખવ્યું છે. ગતાત્મા તેર દિવસ સુધી પોતાનો જ્યાં રાગ હોય તે સ્થાનમાં જ રહે છે. તે સૌને દેખી અને સાંભળી શકે છે, પણ બોલી શકતો નથી. તે પોતાનાં વહાલાં સ્વજનોને કલ્પાંત કરતાં જોઈ પીડાય

છે. આપણી ફરજ અને આપણા પ્રેમનો ધર્મ, તેને શાંતિ મળે તે રીતે તેની સેવા કરવાનો છે. જો ખરેખર આપણામાં ગતાત્મા માટે પ્રેમ હોય તો તેને શાંતિ થાય તેમ વર્તવું જોઈએ. પૂ. મોટાએ આ પ્રાર્થના લખી છે –

**'ગયેલા આત્માને મન, હૃદયથી આપજે શાંતિ પૂરી,**
**બધી રીતે એનું પ્રભુ ! કરવજે સર્વ કલ્યાણ શ્રીજી,**
**બધા જીવો સાથે ગત જીવનમાં જે થયેલો સંબંધ,**
**કરાવી દ્યો એને સહુ તરફથી સાવ નિશ્ચિંત મુક્ત.'**

## સાચા યોગી

ઉદાહરણરૂપે શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન અર્જુનને કહે છે, 'तस्मात् योगी भव अर्जुन' (૬/૪૬; ૮/૨૭) એટલે કે 'તેથી તું યોગી થા.' હવે આ યોગી થવું એટલે શું ? કાંઈ સંસાર છોડી સંન્યાસ લેવાથી યોગી થઈ જવાતું નથી. યોગ એટલે તો સર્વત્ર વ્યાપક પરમાત્માના ચેતન સાથે જોડાઈ જવું. આ જોડાઈ જવું એ માત્ર કલ્પના નથી પણ અનુભવ છે. તેનાં પણ લક્ષણો હોય છે. વ્યક્તિમાત્ર આ વિરાટ વિશ્વનો એક અંશ છે. તેનું સ્વતંત્ર અસ્તિત્વ નથી. આપણે સૂક્ષ્મ રીતે પ્રાણ લઈ રહ્યાં છીએ, એ જ તો આપણા વિશ્વજીવન સાથેનો સૂક્ષ્મ સંબંધ બતાવે છે. પ્રાણ ન મળે તો જીવનનું અસ્તિત્વ જ ન રહે. એટલે વ્યક્તિના જીવનને ઘડવામાં, ટકાવવામાં પ્રકાશ, પાણી, હવા, અન્ન આદિનો ફાળો છે. તે વિશ્વ જીવનનો એક અંશમાત્ર છે. વિરાટની દૃષ્ટિએ તેનું અસ્તિત્વ માત્ર અણુ જેવું છે. તુચ્છ છે પણ એ જ અલૌકિક વિરાટ વિશ્વનો જ અંશ હોવાથી તે મહાન પણ છે. દિવ્ય તત્ત્વનો અંશ છે.

સોનાની એક રતિ જેટલી કટકી હોય તોપણ તે સુવર્ણ છે અને તેની કિંમત ખૂબ છે. આમ, વ્યક્તિને એકસાથે પોતાની અલ્પતાની અને મહત્તાની સભાનતા રહેવા લાગે તે યોગ જીવનનું એક લક્ષણ છે.

અનુભવી યોગી વ્યક્તિમાત્રમાં અને વસ્તુમાત્રમાં રહેલા સર્વવ્યાપક પરમાત્માને જુએ છે. તે વ્યક્તિમાત્રનો આદર કરે છે, કારણ કે વ્યક્તિમાત્ર અવિકસિત રૂપમાં પરમાત્માનું જ સ્વરૂપ છે.

અનુભવી યોગી સમષ્ટિ સાથે એટલી બધી તદ્રૂપતા અનુભવતો હોય છે કે તેની સાથે સંકળાયેલા જીવોના રોગો પણ સૂક્ષ્મ સંવેદનશીલતા - hypersensitivityને કારણે સ્વજનોના રોગો પણ તેના શરીરમાં અનુભવાય છે. પૂ. મોટા તો સ્વજનોના રોગોનો એક કોઠાર - storehouse જેવા બની ગયા હતા. સૂક્ષ્માતિસૂક્ષ્મ સંવેદનશીલતા એ અનુભવી યોગીનું એક લક્ષણ છે.

અનુભવી યોગીની સામે આવતા પ્રશ્નોના જવાબો અને - કૉયડાઓના ઉકેલો આ જ રીતે તેમની સામે ખુલ્લા થતા હોય છે. આથી જ ઉપનિષદકારે કહ્યું છે, 'यस्मिन् ज्ञाते सर्वं विज्ञातम् भवति' 'જે જાણવાથી બધું જ જણાઈ જાય છે.' કોઈ કૂટ પ્રશ્નનો જવાબ સહજ અને સરળ રીતે યોગીની પ્રજ્ઞામાં પ્રકટ થાય છે. યોગીની બુદ્ધિ પ્રજ્ઞારૂપ બની જાય છે.

અનુભવી યોગી સત્યસંકલ્પ બને છે એટલે કે તેનો સંકલ્પ સિદ્ધ થયા વિના રહેતો નથી.

## સાંસારિક કાર્યનું સ્વરૂપ

અનુભવી યોગી સંપૂર્ણપણે ચેતનાત્મક બનેલો હોવાથી તેનું શરીર પણ ચિન્મય બની જાય છે. શરીરની જે બીમારીવશ સ્થિતિમાં આપણે પથારીવશ થઈએ તે સ્થિતિમાં યોગી પ્રસન્નતાથી કાર્યરત રહી શકતો હોય છે.

અનુભવી યોગીની આસપાસ વિના પ્રચારે અને વિના પ્રયાસે તેનાં સ્વજનો નવા નિર્માયેલાં વ્યક્તિઓ આપોઆપ આવી મળે છે. અનુભવી યોગી એક નવી સૃષ્ટિનું જ સર્જન કરે છે. ચેતનરૂપ બ્રહ્મનો સંકલ્પ છે : 'હું એક છું, અનેક થાઉં' એટલે ચેતનાત્મક બનેલા અનુભવી યોગીની આસપાસ એક નવી સૃષ્ટિનું જ સર્જન થાય છે.

અનુભવી યોગી સંપૂર્ણપણે ઈચ્છારહિત બન્યો હોવાથી તેને પોતાને માટે કોઈ કાર્ય રહેતું નથી, પણ તે અંદરના આદેશથી જે કાર્ય હાથમાં લે તે કાર્યના આદિ, મધ્ય અને અંતમાં ચેતનની એકરાગીતા-harmony તેના થાય છે. કાર્યમાં સહયોગ આપનારાંઓનાં જીવન ઘડાય છે અને કાર્યનો અંત આવે ત્યારે હંમેશાં સંવાદમય અંત હોય છે. એમ લાગે કે આ કાર્યનો અંત ન આવ્યો હોત તો સારું. ફરી આવું કાર્ય જલદી કરવાનું આવે એવી ઝંખના ઊભી થાય છે. સહકાર્યકરો વચ્ચે સંવાદિતા, સુમેળ, સદ્‌ભાવ વધે છે. છૂટા પડતાં દિલ દ્રવી ઊઠે છે. સાચા યોગીનાં કાર્યનાં આ બધાં લક્ષણો છે. આથી, તદ્દન વિરુદ્ધ આપણાં સાંસારિક કાર્યોમાં સૌનો સાથ લેવા માટે અનેકનાં પૂંછડાં ઉલાળવાં પડે છે, સાથે સંવાદથી રાખવા માટે ભગીરથ પ્રયત્ન કરવો પડે છે, અરસપરસ

મનદુઃખ થાય છે અને આપણી ઊંઘ ઉડાડી દે છે. માંડ માંડ જ્યારે પ્રસંગ પૂરો થાય ત્યારે ઘણાંનાં મોં અવળાં થઈ જાય છે અને આપણને થાય છે કે 'હાશ, માંડ છૂટ્યા. ફરીથી આવો પ્રસંગ ઊભો કરવાની ભૂલ ન જ કરવી.' સંસારના વ્યવહારમાં સૌને આ જાતનો અનુભવ હોય છે. છૂટ્યા પછી ફરી કદી સામે ન મળવા માટે મન નિર્ધાર કરે છે. આ છે સાંસારિક કાર્યનું સ્વરૂપ. સૌને સંતોષ આપી ન શકાય. સૌને પ્રેમથી સાથે રાખી ન શકાય, અનેકને મનદુઃખ થાય અને ભવિષ્ય માટે સંબંધ બગડે. આ છે સાંસારિક કાર્યનું સ્વરૂપ.

સદ્‌ગુરુના સાથ વિના ઉપાસના અને સાધનાના સિદ્ધાંતને સમજી જ ન શકાય. સિદ્ધાંત સમજવા માટે સાધના સિદ્ધ થવી આવશ્યક છે. સિદ્ધાંતનો મર્મ તે વિના ક્યારેય સમજાય નહિ.

## પૂ. મોટાનું ચિંતન વર્ણવતો મર્મ

પૂ. મોટા એક અનુભવી મહાયોગી હતા. તેમની વાણીનો મર્મ સમજવા આપણે પ્રથમ લાયકાત ઊભી કરવી પડે.

પૂ. મોટા ઘણીવાર કહેતા, **'જો આ શરીર માટે પ્રેમ જાગી જાય તો પછી તમારે કશુંયે કરવું પડતું નથી.'** સાધના માત્ર સાચો પ્રેમ પ્રકટાવવા માટે છે. હજારો વર્ષના તપથી જે સિદ્ધ ન થાય, તે પ્રેમ પ્રકટતાં એક ક્ષણમાં જ પ્રકટી જાય છે. પ્રેમ જાગતાં 'હું' મટી 'તું' બને છે. નરસિંહ મહેતાએ સુંદર રીતે વ્યક્ત કર્યું છે –

'હું' જતે 'તું' ગયો, અનિર્વાચી રહ્યો,
'હું' વિના 'તું' તને કોણ કહેશે ?'

આ બે પંક્તિઓમાં ભક્તે ખૂબ સરળ રીતે સ્વાનુભવે પ્રેમના પ્રભાવથી પ્રાપ્ત કરેલું સંપૂર્ણ જ્ઞાન પ્રકટ કરી દીધું છે. 'હું' જતાં 'તું' પણ રહેતો નથી, રહે છે માત્ર 'તે'. 'તે' રૂપ વહાલા ભગવાનને 'તું' કહીને બોલાવવા માટે જ પછી 'તું' રહે છે. આ 'હું' અહં નથી, બાધક નથી.

શ્રીમદ્ શંકરાચાર્યે દક્ષિણામૂર્તિ સ્તોત્રમાં લખ્યું છે :

'व्योमवत्व्याप्त देहाय दक्षिणामूर्तये नमः ।'

વ્યોમ એટલે આકાશની જેમ જેનો દેહ વ્યાપેલો છે, તે દક્ષિણામૂર્તિને નમસ્કાર ! ચેતનમાં પ્રકટેલો અને પ્રતિષ્ઠિત થયેલો દેહ બહારથી ભલે નાનો, સામાન્ય, નાજુક લાગે, છતાં તે અંદરથી ચેતનરૂપ હોવાથી વ્યોમ જેટલો વ્યાપેલો છે. તેને દૂર દૂરના બનાવોના, દૂર દૂર થતાં સંવેદનોની અસર પહોંચતી હોય છે.

**આત્મનિબંધ**

આપણે પહેરેલું વસ્ત્ર કાઢીને અવળું કરી નાખીએ, તેમ અંદરનું તમામ તેમનાં ચરણમાં નિવેદિત કર્યું હતું. આવું આત્મનિવેદન કરવું જીવને માટે ખરેખર કઠિન છે. શ્રીસદ્ગુરુની કૃપા અનરાધાર વરસતી હોય અને તેમને માટે આપણા હૃદયમાં ભાવની પ્રબળ ભરતી આવે ત્યારે જ થઈ શકે. સાધારણ સંજોગોમાં આવું બનવું શક્ય નથી. આપણે સૌ આપણી સંસારમાં એક છાપ - image ઊભી કરીને જીવતાં રહેતાં હોઈએ છીએ. આ છાપને ટકાવી રાખવા આપણે સદાય સાબદા રહેતાં હોઈએ છીએ. જો આપણે ઊભી કરેલી છાપ કોઈ સંજોગોમાં તૂટી તો આપણે સમાજમાં ટકી શકતાં નથી. આ છાપ સિવાયની અંદરની આપણી વાસ્તવિક

જીવનની છાપ જગત જાણે તો જગત ગમે તેવું ઉદાર માનસ બતાવવા પ્રયત્ન કરે તોપણ આપણી સાથે પૂર્વવત્ સંબંધ ટકાવી શકતું નથી. માત્ર શ્રીસદ્ગુરુ સંત જ એક એવી વ્યક્તિ છે કે જે આપણી ઊભી કરેલી છાપને કારણે જ આપણી સાથે સંબંધ જોડતી નથી. તેનો સંબંધ આપણે જાળવી રાખેલી સારી ખોટી છાપ ઉપર આધાર રાખતો નથી. તે તો ત્યારે રાજી થાય છે જ્યારે આપણે સાવ નગ્ન થઈ તેમની સામે ખુલ્લાં થઈએ છીએ. તે વખતે તેમના ભાવમાં પ્રચંડ ભરતી આવે છે અને ભાવપૂર્વક તેમનામાં આપણા માટે જાગતી હમદર્દી, શુભેચ્છા, પ્રાર્થના અતિશય પ્રચંડ શક્તિવાળી હોવાથી આપણને ન્યાલ કરી દે છે. આપણામાં સંત શ્રીસદ્ગુરુ માટે જ્યારે વિશ્વાસ જાગે અને જામે ત્યારે જ આપણે આત્મનિવેદન કરવાની હામ ભીડી શકીએ છીએ. તે વેળા સંત શ્રીસદ્ગુરુ સાથે આપણું એટલું તાદાત્મ્ય થાય છે કે આપણે આપણી પોતાની સામે જ આત્મનિવેદન કરતાં હોઈએ તેમ કરી શકીએ છીએ, ખરેખર તો આપણે એકલાં પડીએ ત્યારે પણ આપણા વાસ્તવિક સ્વરૂપને પણ સહન કરી શકતાં નથી. આ તો શ્રીસદ્ગુરુના પ્રચંડ ભાવના પ્રભાવે જ આપણાથી આત્મનિવેદન થઈ શકે છે. આવા આત્મનિવેદનના કામે આપણો અહં લગભગ શૂન્યવત્ થઈ જાય છે.

## સંતો અને સંસાર

પાણીના કૂવાનું થાળું આરસપહાણનું બનાવો અને સોનારૂપાની ગરેડી મુકાવો પણ કૂવાનું મહત્ત્વ તો તેમાં ઊંડેથી આવતી સરવાણીનું છે. આ સરવાણી જ કૂવાને

જીવતો રાખે છે. સરવાણી વિનાનો કૂવો મરેલો કૂવો છે. તેનું પાણી ગંધાઈ જાય છે. આ રીતે સંતો સંસારરૂપી કૂવાની સાચી સરવાણીઓ છે. તેઓ જ સંસારને જીવતો રાખે છે. પંડિત જવાહરલાલ નહેરુએ તેમના પ્રસિદ્ધ પુસ્તક 'Discovery of India' માં સંતોને creative minority સર્જનક્ષમ લઘુમતી કહી છે.

એક પ્રસિદ્ધ ગુજરાતી કવિએ સંતોની બાબતમાં સાચું કહ્યું છે –

*સંતોની સંગત રે મરણે ના મૂકીએ રે,*
*ચૂકીએ ના ચાર દિવસનો લહાવ,*
*માટે મન રાખો રે સંતોમાં મળ્યું રે.*
*વિલંબ ના કરશો, આવ્યો છે દાવ – સંતોની૦*
*મન ઠરી ઠોર રે, રહેશે તવ તાહરું રે,*
*ટળશે દુર્મતિના ડાઘ,*
*ખરાં ને ખોટાંનું રે થાશે તને પારખું રે,*
*માંહી ભળશે સંતોનો ભાગ – સંતોની૦*
*જનમો જનમના રે જાશે તારા મોરચા,*
*ઉજ્જ્વલ થાશે તારું રૂપ,*
*કાટ તે કાંઈ ફરીને લાગે નહિ રે,*
*એવા સીકલી સંત સ્વરૂપ – સંતોની૦*
*સંત સ્વરૂપી રે ભવમાં જાય છે રે,*
*વિરલા કોઈ બેસીને જાય,*
*જે જન બેઠા રે તે જન ભવ તર્યા રે,*
*બીજા 'નિરાંત' ગોથાં ખાય – સંતોની૦*

## ભજન વિશે

સંતપુરુષો ભજનનો વિશેષ રીતે ઉપયોગ કરતા હોય છે. ભજન સાંભળતાં તેમના હૃદયમાં ભાવનો ઉદ્રેક થતો હોય છે અને તેમના આ ભાવનો ઉદ્રેક સૌના કલ્યાણનો સાધક હોય છે, ભક્તની કસોટી છે ભાવનો ઉદય. ભાવનો ઉદય થાય તો ભજન સફળ થયું સમજવું. ભાવ પ્રવાહી અને સંચારી બળ છે. સૌને એક તાંતણે બાંધનારું બળ છે. ભજન આ રીતે સાધનાનું એક સબળ સાધન બની રહે છે. ભજન ગાનારને એમ થવું જોઈએ કે પોતે પોતાના ભગવાનને રીઝવી રહ્યો છે નહિ કે શ્રોતાઓને. ભજનમાંથી ઘણીવાર સંતપુરુષ પોતાનો વ્યક્ત થવાનો મુદ્દો અંદરની સૂઝથી પકડી લે છે.

આમાં હું મારું ગાવાનું વધારે સારું છે એવું કહેવાનો જરાયે આશય નથી, પણ મારો મુદ્દો એ છે કે ભજન અને સંગીત બન્ને જુદી જુદી વસ્તુ છે.

એક પ્રસંગ યાદ આવે છે. એકવાર કોઈક ભાઈનું મૌન પૂરું થતું હતું અને સૌ તે પ્રસંગે મૌનખંડમાં એકત્ર થયાં હતાં. પૂ. મોટાએ મને ભજન ગાવાનું સૂચન કર્યું. તે ક્ષણે જે ખ્યાલ આવ્યો તે ભજન મેં ઉપાડ્યું. આ ભજન હતું,

'મૈં ગિરિધર કે ઘર જાઉં, રાણાજી.'

ભજન પૂરું થતાં પૂ. મોટાએ ટૂંકું પ્રવચન કર્યું. આ પ્રવચનનો વિષય હતો મેં ગાયેલું ભજન. પૂ. મોટા સવારે બોલેલા તે મને બરાબર યાદ છે. તેઓ બોલ્યા, 'મીરાંને પાંચસોથીયે વધારે વર્ષ થઈ ગયાં. તે કાળનો ખ્યાલ કરો. પછાત પ્રદેશ (રૂઢિચુસ્ત) રાજસ્થાનનો મેવાડ વિભાગ અને

આ પછાત પ્રદેશમાં વધુ પછાત ઠાકોર કોમ અને તેમાંયે પછાત સ્ત્રીજન. પડદાનો કેવો ભયંકર રિવાજ ! સૂર્યનાં દર્શન કરવાં પણ દુર્લભ. આવા સમાજમાં એ કાળે મીરાંના જીવનમાં કેવું પ્રચંડ ખમીર પ્રકટ્યું હશે કે તે જાહેરમાં નાચી ઊઠી ? ભગવાનનો ભાવ, ભગવાનનો સ્પર્શ જીવમાં પ્રચંડ ખમીર પ્રકટાવે છે. આવા ખમીરનું પ્રકટવું તે ભગવાનના ભાવનું લક્ષણ છે. આ ખમીર ભક્તને સારાએ જગતનો સામનો કરવાની, ટટ્ટાર ખડા રહેવાની શક્તિ આપે છે.'

સંતપુરુષ આ રીતે ભાવથી ગવાતાં ભજનમાંથી પોતાને વ્યક્ત થવા માટેનું નિમિત્ત પકડી લે છે. જ્યારે ભજનમાં પ્રામાણિકતા હોય છે ત્યારે હકીકતમાં ગાનાર પોતાની ગાવા વખતની આંતરિક સ્થિતિ પ્રકટ કરતો હોય છે. આ પ્રામાણિકતા અને હૃદયની સફળતા સંતપુરુષમાં ભાવ પ્રકટાવે છે અને ભાવથી સંતપુરુષની સહાનુભૂતિ પ્રકટે છે અને આપણું કામ કરવામાં તે સમર્થ બને છે.

❑

# વિભાગ-૩ : પૂ. મોટાની મહત્તા

## : એક વિશિષ્ટ સંત તરીકે પૂ. મોટાનાં કાર્યોનો ગુણાનુવાદ :

### ગોકુલવાસ

છેક ૧૯૪૪ થી ૧૯૭૬ સુધીના લગભગ ૩૨ વર્ષના નિકટના સંબંધને પુસ્તકમાં કેવી રીતે રજૂ કરી શકાય ? પૂ. મોટા, આશ્રમમાં આવીને રહેતા ત્યારે સૌ સવાર સાંજ સાથે બેસતાં અને અનેક જીવનોપયોગી વાતો પૂ. મોટા કરતા. હું પણ પૂ. મોટાની હાજરીમાં ખૂલી જતો અને મનમાં જે વાત આવે તે વાતના નિમિત્તે પૂ. મોટાને વાતમાં ઉતારતો.

આ દિવસો ખરેખર ગોકુલવાસના દિવસો હતા. પૂ. મોટાને મળવું અને કલાકો સુધી વાતો કરવી ઘણી જ સુલભ હતી. ભક્તિમાર્ગમાં ઈષ્ટની સુલભતાને ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે. ભગવાન રામચંદ્ર વનમાં ગયા ન હોત તો ગૂહ, શબરી, જટાયૂ, હનુમાન વગેરેને અયોધ્યાના રાજદરબારમાં પેસવા જ કોણ દેત ? રામ વનમાં જઈ ભક્તોને માટે સુલભ બન્યા હતા. શ્રીકૃષ્ણ ગોકુલમાં રહ્યા ન હોત તો ગોકુલનાં ભાવઘેલાં ગોપીજનને મથુરાના રાજદરબારમાં કોણ પેસવા દેત ? બિચારી રાધાનું શું થાત ?

પૂ. મોટા, સાબરમતી આશ્રમ છોડીને નડિયાદ-સુરતના આશ્રમોમાં રહેવા લાગ્યા ત્યાર પછી ગોકુલવાસ પૂરો થયો. પૂ. મોટાનું વિભૂતિમત્ (પરમ ગૌરવશાળી) ઐશ્વર્ય પ્રકટ થવા લાગ્યું. પૂ. મોટાએ સમાજનાં કામો હાથમાં લીધાં. સતત ભ્રમણશીલ બન્યા. શરીર ભંગાર હાલતમાં આવી ગયું. ચાર

જણ ઊંચકે ત્યારે જ સ્થળાંતર કરી શકે, પણ તેઓ પોતાની જ્વલંત ચેતનાના સહારે સદાય સમાજ અર્થે નાણાં એકઠાં કરતા ભમતા રહ્યા. આરામ અને થાકની કદીયે ખેવના ન કરી.

## પૂ. મોટાનું જીવનકાર્ય

પૂ. મોટાનું જીવનકાર્ય જીવનની આધ્યાત્મિકતાને સાચી દિશામાં વાળવાનું હતું.

પૂ. મોટાનું જીવનકાર્ય મરેલા માણસને બેઠો કરવાનું હતું. હતાશ, નિરાશ થઈ જીવનને હારી બેઠેલાની પીઠ થાબડી તેમનામાં રહેલાં જીવનના ચેતનતત્ત્વને બહાર લાવવાનું, ખમીર પ્રકટાવવાનું હતું.

પૂ. મોટા શાળાએ જતા વિદ્યાર્થીને પડકારીને કહેતા, 'ભઈલા ! પહેલા નંબરે આવવાનું છે હોં !' આ પડકારમાં અજબની પ્રેરણા કામ કરતી હતી અને તેને કારણે જ ઘણાય વિદ્યાર્થીઓના જીવન પુરુષાર્થી અને તેજસ્વી બન્યાં છે.

પૂ. મોટામાં 'જગદ્‌ગુરુ' જાગી ગયેલો હતો. તેઓશ્રી સૌને પછી તેના ગુરુ ગમે તે હો પણ બેધડક રીતે સાચું માર્ગદર્શન આપી તેમના ગુરુ તરફની સાચી ભાવના, સાચી સમજ પ્રકટાવવાનું કાર્ય અવિરતપણે કર્યા કરતા હતા.

પૂ. મોટા સાચા અર્થમાં જગદ્‌ગુરુ હતા. તેઓશ્રી સમર્થ મહાયોગી હતા, કારણ કે તેઓને ક્ષણે ક્ષણની સભાનતા હતી કે પોતે આ સમગ્ર સૃષ્ટિના એક અવિભાજ્ય - integral - અંગ હોઈ એકસાથે નમ્રાતિનમ્ર અને આ અલૌકિક સૃષ્ટિના જ અંગ હોવાથી પરમ પ્રચંડ આત્મવિશ્વાસથી અને દિવ્યતાથી સભર હતા.

શ્રીકૃષ્ણે રાજસૂય યજ્ઞમાં યુગપુરુષ તરીકે પૂજા પણ બેધડક રીતે સ્વીકારી હતી અને તે યજ્ઞમાં એક અદના આદમી તરીકે એઠાં પતરાળાં પણ ઉપાડ્યાં હતાં. જે એકીસાથે અતિનમ્ર અને પ્રચંડ આત્મવિશ્વાસથી સભાનતાપૂર્વક જીવી શકે છે તે જ સાચો યોગેશ્વર છે. પૂ. મોટા આવા એક મહાયોગેશ્વર હતા. પૂ. મોટાના સ્થૂળ શરીરનું અણુએ અણુ દિવ્યતાથી સભર બન્યું હતું.

પૂ. મોટાની મોટાઈનું મૂલ્યાંકન સાચી રીતે કરવાનું મારું તો ગજું નથી. હજી આપણે તેમને સાચા પરિપ્રેક્ષ્યમાં ઓળખી શક્યાં નથી.

પૂ. મોટા પાછળથી ઘણા પ્રસિદ્ધ થયા. સમાજનું ઘણું કામ કર્યું. શરીરમાં હતા ત્યાં સુધીમાં કરોડ ઉપરનાં દાન લોકહિત માટે આપ્યાં. શરીર છૂટ્યા પછી સવા દોઢ કરોડ પ્રાથમિક શાળાઓનાં મકાનો માટે આપવા એકઠા થયા અને હજી દરરોજ હજાર-બે હજાર રૂપિયા ક્યાંય ને ક્યાંયથી, અજ્ઞાત ખૂણેથી મળ્યે જ જાય છે.

પૂ. મોટાના સંકલ્પના સામર્થ્યની આ નિઃશંક સાબિતી છે. મહાન નેતાઓના દેહાવસાન પછી સ્મારક માટે પૈસો એકઠો કરવા જનારાના અનુભવો જાણવા જેવા છે. પૂ. મહાત્મા ગાંધીજી, જેનું આખું રાષ્ટ્ર ઋણી હતું, તેમના સ્મારક માટે આખા ઉપખંડમાંથી અગિયાર કરોડ એકઠા થયા. લોકલાડીલા ઉમદા ખમીર ધરાવનારા પંડિત જવાહરલાલના સ્મારક ફંડને ઠીક દેખાય તેવું કરવા કેટલા વીસે સો થઈ હતી તે જાણવા જેવું છે અને આ ફંડો માટે તો રાજનું પીઠબળ હતું

તોય. આ દૃષ્ટિએ પૂ. મોટાના દેહોત્સર્ગ પછી દોઢ કરોડનાં દાન અને તે પણ કોઈ ખાસ પ્રયત્ન વિના તે નાનીસૂની વાત નથી. આમાં જો કોઈ ધ્યાન ખેંચે તેવી અમૂલ્ય વસ્તુ હોય તો તે છે આપણને સંતપુરુષના સંકલ્પના સામર્થ્યનું બળ.

પૂ. મોટાએ દાનના પ્રકારને સંપૂર્ણપણે આધુનિક બનાવ્યો. અગાઉ અને હજી પણ સાધુ પુરુષો આશ્રમો, ધર્મશાળાઓ, મંદિરો માટે દાનની ટહેલ નાખે છે. પૂ. મોટાએ જોયું કે પ્રજામાં ધર્મ અને જીવન વચ્ચે કોઈ મેળ રહ્યો નથી. ધર્મનો આશ્રય પણ લોક પોતાની સામાજિક પ્રતિષ્ઠા વધારવા કરે છે. સમાજમાં એવો ધર્મ નથી રહ્યો કે જેનું રક્ષણ કરવાથી સમાજનું પોતાનું રક્ષણ થાય. धर्मो रक्षति रक्षितः પૂ. મોટાએ જોયું કે પ્રજામાંથી ખાસ કરીને પ્રજાના યુવાન વર્ગમાં જીવનના સુયોગ્ય વિકાસ માટે જે ઉમદા ગુણો - સાહસ, નિર્ભયતા, જોઈએ તે વાસ્તવમાં નથી. આ ગુણો વિના માણસ અધ્યાત્મમાં આગળ વધી જ ન શકે. અધ્યાત્મના માર્ગે જનારમાં તો વ્યવહારમાં જોઈએ તે કરતાં અનેકગણું વધારે પ્રાણવાન મરજીવાપણું જોઈએ. તે તો માથા સાટે મળતી મોંઘી વસ્તુ છે.

પૂ. મોટાએ આ બધું જોઈ યુવાન પ્રજામાં ઉમદા ગુણો ખીલે તે માટે તરણસ્પર્ધા, સાહસ કરી અન્યના જીવ બચાવવાનાં કામ, ઉમદા સાહિત્ય સર્જન માટે દાનનો પ્રવાહ વહાવ્યો.

જગતમાં જે જે કંઈ વિભૂતિમત્ તત્ત્વ છે એટલે કે તેજસ્વિતા છે, લોકોત્તર શક્તિ છે તે ભગવાનનાં જ લક્ષણો

છે. જ્યાં આવા ગુણો દેખાય ત્યાં તેની દિલથી કદર કરવી તે ભગવાનની પૂજા જ છે. આથી, પૂ. મોટાએ આવાં વિભૂતિમત્ તત્ત્વની કદર કરવા દાનનો પ્રવાહ વહાવ્યો. ડૉ. વિક્રમ સારાભાઈ સિનિયર સાયન્ટિસ્ટ અવૉર્ડ, ઈનામ, પંડિત રવિશંકર રાવળ સુવર્ણચંદ્રક, શ્રીમતી મૃણાલિની સારાભાઈ સુવર્ણચંદ્રક વગેરેની યોજના કરી. જ્ઞાનગંગોત્રી જેવા જ્ઞાનકોશની યોજના કરી.

આ બધું જોતાં, જોવાની અને સમજવાની સૂક્ષ્મ શક્તિ હોય તો મને લાગે છે કે પૂ. મોટાએ તો સમાજમાં રહેલા ઉમદા ગુણ અને ભાવની કદર કરવા પોતાનાથી બનતું બધું જ કર્યું છે, પણ પૂ. મોટાની પોતાની સુયોગ્ય કદર થવાની બાકી છે.

## પૂ. મોટાની નિઃસ્પૃહતા

પૂ. મોટાના દેહવિલયના કાવ્યને તો કોઈ કદીયે ભૂલી શકશે નહિ : 'આ શરીર હવે ઉપયોગી રહ્યું નથી. તેથી, હવે આ દેહ છોડવો છે.' એવો સંકલ્પ અગાઉથી જાહેર કરી મહી નદીના કિનારે માત્ર છ જણની હાજરીમાં દેહને સ્વેચ્છાએ છોડ્યો એ એક વિરલ ઘટના છે. પૂ. મોટાએ ઈચ્છ્યું હોત તો તેમના શરીરની પીડા ઓછી કરાવવા ભક્તોએ દેશ-પરદેશથી નામી દાક્તરો બોલાવ્યા હોત અથવા પૂ. મોટાને પરદેશ લઈ જઈ ઊંચામાં ઊંચી જાતની સારવાર કરાવી હોત, પૂ. મોટાએ ઈચ્છ્યું હોત તો તેમના શરીરની સ્મશાનયાત્રામાં આખા ગુજરાતનાં ભક્તો એકઠાં થયાં હોત અને એક વિરાટ પ્રકારની તેમના દેહની અંત્યેષ્ટિ થઈ હોત.

પૂ. મોટા આ બાબતમાં પણ આપણને મૌલિક પાઠ શીખવી ગયા. પૂ. મોટા બહુ ચોક્કસ રીતે જાણતા હતા કે

દેશનો સમાજ પોતાના મહાપુરુષોનાં જીવન મૃત્યુના મહોત્સવો ઊજવવા, તેમનાં ઈંટ-ચૂના-આરસનાં સ્મારકો-મંદિરો-મૂર્તિઓ રચવામાં અતિ કુશળ અને તત્પર છે. આ કામ સહેલું છે. આ કામ કરવામાં થોડાઘણા પૈસા આપી સામાજિક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકાય છે. પૂ. મોટાને આવી પ્રવૃત્તિમાં રસ ન હતો, કારણ કે પૂ. મોટા ખરેખર જાણતા હતા કે ધનિક લોકો ધર્મ અને અધ્યાત્મનો ઉપયોગ પણ પોતાના પૈસા વડે પોતાની પ્રતિષ્ઠા વધારવામાં જ કરે છે. પૂ. મોટા જાણતા હતા કે ધર્મ અને અધ્યાત્મ સમાજનાં પ્રાણ-ખમીર જગાડવા માટે છે. પૂ. મોટા મૃતપ્રાય સમાજને બેઠો કરવાના ધર્મને વરેલા હતા. પૂ. મહાત્મા ગાંધીજીએ પ્રજાજનોને જેમ માટીમાંથી મર્દ બનાવ્યા અને દેશને મુક્ત કરવા તરફ દોરી ગયા, તેવી જ રીતે પૂ. મોટાએ તેમની વિચક્ષણ દૃષ્ટિથી જોઈ લીધું કે જો સમાજ બેઠો નહિ થાય અને ગુણ અને ભાવની કદર નહિ થાય તો દેશનો ધર્મ નિષ્પ્રાણ અને નિરુપયોગી બની જશે, અધ્યાત્મ નર્યો ઢોંગ બની જશે.

તેઓએ પોતાની પાછળ કોઈ સ્મારક ઊભું કરવાની તેમના સેવકોને સખત મનાઈ કરી. સેવકોએ તેમના દેહાંત પછી જે પૈસો મળ્યો, તેનો ઉપયોગ દૂર દૂરનાં ગામડાંઓમાં જ્યાં શાળાનું મકાન નથી અને ત્રણે ઋતુઓમાં બાળકોને માઈલો દૂર શાળા હોય તે ગામે જવું-આવવું પડે છે, તે બાળકો માટે 'ઓરડો' બંધાવી આપવા માટે વાપર્યા. એક પણ ગામ શાળાના મકાન વિનાનું ન રહે તે માટે હરિઃૐ આશ્રમ વ્યવસ્થા કરે છે.

તેઓએ પોતાના દેહાંતને અત્યંત ગુપ્ત રાખ્યો અને જ્યારે સંપૂર્ણપણે દેહની ભસ્મ સુધ્ધાં કોઈને હાથ ન આવે એ રીતે ક્રિયાવિધિ પૂરી થઈ જાય ત્યાર પછી જ સૌને ખબર આપવી તેવું તેમના સેવકોને ફરમાવ્યું હતું. પૂ. મોટાની નિઃસ્પૃહતા, નિર્મમત્વ અને નિર્દંભતાનો આથી મોટો પુરાવો કયો હોઈ શકે ? પૂ. મોટા ખૂબ વિચક્ષણ હતા. તેઓ જાણતા હતા કે આ દેશનો સમાજ ભવ્ય સ્મશાનયાત્રામાં અને ભવ્ય સ્મારકો રચવામાં જ સ્વધર્મ સમજે છે. લોકો પોતાના જીવનમાં ફેરફાર કરવા માગતા નથી હોતા. માત્ર સંતોની પાછળ ફરી, પોતાની પાસે ધનનું સાધન હોય તો તે ખર્ચી, પોતાને ધાર્મિક રીતે પ્રતિષ્ઠા મેળવવી હોય છે. સંતના શબ્દને અનુસરવાની ગરજ કે ધગશ જાગી જ નથી હોતી. આથી જ પૂ. મોટાએ પોતાના દેહને સાવ મૌલિક રીતે જ છોડ્યો અને પોતાની ભવ્ય સ્મશાનયાત્રાને ટાળી. માત્ર છ જ વ્યક્તિની હાજરીમાં દેહ ભસ્મ થયો. પૂ. મોટાની મોટાઈ તો આ નિઃસ્પૃહતામાં રહેલી છે. પોતાનું તો કલ્યાણ થઈ ચૂક્યું હતું, તેમને તો સમાજનું સાચું કલ્યાણ કરવામાં રસ હતો. 'મારે સમાજને બેઠો કરવો છે' તેવો ગુરુનો આદેશ હતો અને તે માટે પ્રાણાંત સુધી સતત કામ કર્યું.

પૂ. મોટાએ ઈંટ-ચૂનાના સ્મારકની તીવ્ર અનિચ્છા બતાવી. કેટલી બધી નિઃસ્પૃહતા ! કેટલું સાચું સાધુત્વ ! દેશમાં ઘણી ઊંચી આધ્યાત્મિક કોટિના સંતો થયા છે, તેની ના નહિ, પણ પૂ. મોટા જેવી મૌલિક અને દેશકાલોચિત યોગ્યતાના ભાવવાળા સંત કોઈ જોવામાં નથી આવ્યા. પૂ. મોટા આ

રીતે આ દેશના, આ સદીના એક અતિ ઉચ્ચ કોટિના સંત હતા. હજી તેમની સાચી મોટાઈનું સાચું મૂલ્યાંકન થવું બાકી છે. તે એક કાળે થશે એમાં શંકા નથી, કારણ કે પૂ. મોટા સાચા, વાસ્તવિક, આધ્યાત્મિક જીવનના મશાલચી બન્યા છે. તેઓએ આપણને ધર્મ અને અધ્યાત્મને વૈજ્ઞાનિક પાયા પર ઊભા કરવા પ્રેરણા આપી છે, પડકાર આપ્યો છે. તે પડકારને ઝીલવો, તે આપણો સાચો ધર્મ છે. કાળે કરીને સૌ કોઈને ઉત્ક્રાંત થવું જ પડવાનું. ઉત્ક્રાંતિના બળને જે સહકાર આપે છે તે વહેલું ઉત્ક્રાંત થાય છે.

આપણા ઉપનિષદકાર ઋષિઓ સ્પષ્ટપણે કહે છે, 'બ્રહ્મ એક જ છે, બીજું કોઈ નથી.' જે કંઈ છે, પ્રતીત થાય છે, તે unevolved બ્રહ્મ છે. આથી જ સંતો, સૂફીઓ કોઈ વ્યક્તિનો અનાદર કરતા નથી.

જે ઉત્ક્રાંતિ evolution એકકોશી જીવથી શરૂ થઈ માનવ સુધી પહોંચી છે, તે માનવથી અટકી જઈ શકે નહિ. માનવ દેવ થઈને જ રહેવાનો છે. જરૂર છે માણસના સાચા દિલના સહકારની. પૂ. મોટા તો ઘણીવાર કહેતા, **'તમે સૌ મારો દાખલો લોને ! હું કેવી રંક, પામર જેવી હાલતમાંથી મોટો બન્યો છું ? સાધુઓને સમાજ પરનું ખોટું આર્થિક ભારણ economic burden માનનારો માણસ સાધુઓથી જીવન પરિવર્તન પામ્યો.'**

## પૂ. મોટાના આશ્રમો

પરંપરાગતની દૃષ્ટિએ જોઈએ તો તેઓએ આશ્રમો બાંધ્યા, પણ આ આશ્રમો પણ સાવ મૌલિક જ છે. ત્યાં અખંડ

નામસ્મરણની સાધના થઈ શકે તેવી વ્યવસ્થા માટે જ આશ્રમ છે. ત્યાં કોઈ મંદિર નથી, મૂર્તિ નથી અને અમસ્તા બે દિવસ નિવાસ માટે રહેવા માટે કોઈ ધર્મશાળા નથી. આશ્રમો છે પણ પરંપરાગત રીતે જેને આપણે આશ્રમને નામે ઓળખીએ છીએ તેવા આ આશ્રમો નથી.

પૂ. મોટાના આશ્રમો કેવી રીતે ચાલે છે તે પણ કોઈ પ્રત્યક્ષ જઈને જુએ ત્યારે જ ખ્યાલ આવે. ત્યાં પણ વૈભવનો અભાવ છે. સમાજ પાસેથી મળેલાં કરોડોનાં દાનમાંથી એક પણ પૈસો આશ્રમ ચલાવવામાં વપરાતો નથી. આશ્રમ તો ભક્તો જ ચલાવે છે. આશ્રમો ચલાવવા માટે કોઈ સ્થાયી ફંડ નથી. કોઈ અનાજ આપે, કોઈ શાક-પાંદડું આપે. આમ, કેવળ સદ્‌ભાવી ભક્તો જ આશ્રમનો બોજો ઉઠાવે છે. આશ્રમ એ કોઈ આરામ કરવા, રહેવા જમવાની સગવડ નથી પણ માત્ર 'નામસ્મરણ' યજ્ઞ માટે જેને જવું હોય, તેની સગવડ સાચવવા પૂરતો જ આશ્રમનો સાચો વ્યવસાય છે.

પૂ. મોટાએ સમાજને બેઠો કરવાનું કામ ઉપાડ્યું ત્યારે સૌથી પ્રથમ પોતાનાં પુસ્તક પ્રકાશનનાં નાણાં જે હતાં, તે પોતે તેમાં આપી દીધાં પછી જ પ્રવૃત્તિ શરૂ કરી.

ગુજરાત, ભારત અને વિશ્વની ધાર્મિક, આધ્યાત્મિક સંસ્કૃતિમાં પૂ. મોટાએ કેવું ભવ્ય, મૌલિક પ્રદાન કર્યું છે, તેનો ખ્યાલ આપણને નજીક રહેનારાં ભક્તોને પણ નથી આવ્યો. ભવિષ્યમાં ધર્મ અને અધ્યાત્મ જે સ્વરૂપ પકડવાનાં છે, તેનું પ્રથમ ભાન આપણામાં પ્રકટાવનાર પૂ. મોટા હતા. પૂ. મોટામાં એકમાં જ શ્રી દયાનંદ સરસ્વતીની ક્રાંતિકારી દૃષ્ટિ,

શ્રીપરમહંસ રામકૃષ્ણની ભક્તિ અને શ્રી વિવેકાનંદની જનતા જનાર્દન માટેની કરુણા બધાં જ એકસાથે હતાં, અપ્રતિમ ગુરુભક્તિ હતી.

## એક મહાન સદ્‌ગુરુ

મારે મન પૂ. મોટા એક વ્યક્તિ ન હતા, પણ તેઓશ્રી પરમાત્માનું એક પરમ વ્યક્તિત્વ (આવિર્ભાવ) હતા. મારી અલ્પ સમજ પ્રમાણે તેઓશ્રી એક સતત જાગૃત ચેતનાત્મક વિભૂતિ હતા. જે કોઈ તેઓશ્રીનાં લખેલાં પુસ્તકો ઊંડી સમજભરી દૃષ્ટિથી વાંચશે તેઓને આ વાતની ઊંડી પ્રતીતિ થયા વિના રહેશે નહિ. અહર્નિશ સતત જાગ્રત દૃષ્ટિવાળી આવી પરમ વિભૂતિની જોડ જગતમાં મળવી દુર્લભ છે. તેઓશ્રીનાં લખાણોનો એકેએક શબ્દ ઊંડી જાગ્રત ચેતનામાંથી પ્રકટતો અનુભવાય છે. તેઓશ્રીએ એક પણ શબ્દ કેવળ લખવા ખાતર જ કે પોતાની વિદ્વત્તા બતાવવાના જ આશયથી લખ્યો નથી.

જ્યારે જ્યારે તેઓશ્રી વિશે કંઈક પણ લખવાનું થયું છે ત્યારે ત્યારે સૌથી પ્રથમ ગીતાનો એક અતિ પરિચિત શ્લોક મારી નજર સામે આવે છે.

मनुष्याणां सहस्रेषु कश्चित् यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चित् मां वेत्ति तत्त्वतः ॥ (७/३)

'હજારો મનુષ્યો સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે, અને પ્રયત્ન કરનારાંઓમાંથી 'કોઈક જ' મને તત્ત્વતઃ જાણે છે' મને હંમેશાં લાગ્યું છે કે પૂ. મોટા જ એક એવા 'કશ્ચિત્' કોઈક હતા કે જેઓ ખરેખર પરમાત્માને તત્ત્વતઃ જાણનારા હતા.

## પૂ. મોટાનું અનન્યત્વ

સૂફીઓ તો સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે અસીમને સીમિત કરવા જેવું મોટું પાપ બીજું એક પણ નથી. પ્રત્યેક માનવ વ્યક્તિ એક અવિકસિત બુદ્ધ, ક્રાઈસ્ટ, મહાવીર કે ગાંધી છે. વ્યક્તિને તક અને સંજોગો મળે છે તો તે મહાન બને છે. આજે આપણે ત્યાં અસંખ્ય potential ગાંધી, બુદ્ધ, ક્રાઈસ્ટ ભૂખ્યા મરે છે અને આપણે મંદિરો બાંધ્યે જ જઈએ છીએ. પોતાના બાંધેલા આશ્રમોની સુખ સગવડ વધારવા માટે ધન મેળવવા કેટલાયે વીતરાગ ગણાતા સાધુઓને ધનિકોના ઊમરા ટોચતા જોયા છે. હજી પણ સાધુઓને પણ સ્વધર્મ સમજાયો નથી. પૂ. મોટાએ પોકારી પોકારી સમાજને ચેતવ્યો છે અને સાચો રાહ પણ બતાવ્યો છે. ભગ્ન શરીરે ઘેરઘેર ફરીફરી પૈસા મેળવી ગુણ અને ભાવની કદર અર્થે સુયોગ્ય સંસ્થાઓને આપ્યા છે. પૂ. મોટાની સંકલ્પ શક્તિની પ્રબળતાની કદર કોણ કરી શકે તેમ છે ? પૂ. મોટાનું એક પણ કામ ક્યારેય ધનને અભાવે અટક્યું નથી. આ મહાન સંતના સત્‌સંકલ્પત્વની પ્રચંડ તાકાત તરફ લોકોનું જોઈએ તેવું ધ્યાન ખેંચાયું નથી, કારણ કે પૂ. મોટાની વૃત્તિ અને પ્રવૃત્તિ કેવળ ચીલેચલુ નથી.

ઘણીવાર એમ લાગે છે કે જેવી રીતે પરમહંસ રામકૃષ્ણને જગતમાં ઓળખાવનારા સ્વામી વિવેકાનંદ હતા, તેવા વિવેકાનંદની પૂ. મોટા રાહ જોઈ રહ્યા છે. પૂ. મોટાની આધ્યાત્મિક અને સામાજિક રીતે સાચી મોટાઈ હતી તેનું વાસ્તવિક દર્શન કે મૂલ્યાંકન કરવાની દૃષ્ટિનો વિકાસ જ થયો નથી.

પૂ. મોટાને સાચી રીતે સમજતાં થોડો કાળ જશે. પૂ. ગાંધીજીને ભારત દેશ બહુ થોડા જ વખતમાં ભૂલી ગયો, પણ પરદેશમાં ગાંધીની પ્રતિભાની સાચી કદર થવાની શરૂઆત થઈ ચૂકી છે. આ જ રીતે કદાચ પૂ. મોટાની સાચી મોટાઈની કદર કોઈ અજાણ્યે ખૂણેથી થશે.

પૂ. મોટાની મહાનતાનાં અનેક પાસાં હતાં. અહર્નિશ અસંગ છતાં તેઓ સમાજની સાથે જ રહ્યા. સમાજની વચ્ચે ઘૂમ્યા અને સમાજની પાસેથી જોઈતું બધું જ મેળવ્યું. સાચો અસંગી જ આપણા સમાજનો સાચો સંગી હતો. સમાજનાં સુખદુઃખને તેમણે પોતે પોતાનાં જ ગણ્યાં અને સમાજને બેઠો કરવા અવિરત સાધના કરી. આ સાધના તેમની અંગત આધ્યાત્મિક ઉન્નતિની સાધનાથી જરાયે ઓછી કઠોર ન હતી. અંગત આધ્યાત્મિક ઉન્નતિની સાધના જીવનનો પૂર્વાર્ધ હતો અને સમાજને બેઠો કરવાની સાધના તે ઉત્તરાર્ધ હતો.

## પૂ. મોટાનું ક્રાંતદર્શન

પૂ. મોટા ક્રાંતદર્શી હતા. ગામડિયા જેવા લાગતા છતાં તેઓ દેશના સૌ સાધુઓ કરતાં વધારે આધુનિક, વૈજ્ઞાનિક દૃષ્ટિવાળા અને કાળને પિછાણનારા હતા. તેમણે મૌન સાધના માટે સગવડ થાય તે માટે આશ્રમો ઊભા કર્યા, પણ ક્યાંયે મંદિરો બાંધ્યાં નથી. તેઓએ ભંગાર બનતાં જતાં માનવમંદિરની મરામત કરવામાં જ વિશેષ રસ લીધો. પૂ. મોટામાં શ્રી દયાનંદ સરસ્વતીની ક્રાંતિકારી દૃષ્ટિ હતી અને ભગવાન રામકૃષ્ણ પરમહંસ જેવી અગાધ ભક્તિ હતી અને ભક્તિમાંથી જન્મતી જ્ઞાનગંગાની ગંગોત્રી હતી. પૂ. ગાંધીજીએ

દેશને જો કોઈ સર્વોત્તમ દાન આપ્યું હોય તો તે નિર્ભયતાનું દાન છે. એક પ્રચંડ પાશવી શક્તિ ધરાવતી સરકાર સામે આબાલવૃદ્ધ સ્ત્રી પુરુષોને નિઃશસ્ત્ર રીતે કેવળ આત્મબળથી સામનો કરતાં શીખવ્યું. પૂ. મોટાએ પણ કેવળ દેશ માટે જ નહિ, પણ પરમાત્માની પ્રાપ્તિ માટે નિર્ભયતા, મરણિયાવૃત્તિ શીખવી. 'મારે સમાજને બેઠો કરવો છે.' એ પડકાર પૂ. ગાંધીજીના 'કરેંગે યા મરેંગે' જેવો જ પ્રાણવાન પડકાર છે.

**પૂ. મોટાનું આર્ષદર્શન**

પૂ. મોટાએ તેમની આર્ષ દૃષ્ટિથી જોઈ લીધું કે ભારતનો જનસમાજ આજે કેવળ મૃતપ્રાય દશામાં જીવી રહ્યો છે. લાખો રૂપિયાનાં કાળાં નાણાં કમાઈ હજારોનાં દાન કરી ધર્મ આચર્યાનું મિથ્યાભિમાન સમાજ સેવી રહ્યો છે. વળી, લોકોનો સ્વાર્થ જેટલો આંધળો છે તેટલો જ પરમાર્થ વશ વિચિત્ર દિશામાં આંધળી રીતે તેનું આચરણ થાય છે. અઢી હજાર વર્ષ પહેલાં મેગાસ્થિનિસે* પોતાની ડાયરીમાં લખ્યું છે – **ભારતના લોકોને જૂઠું બોલવું શું છે તે આવડતું નથી.** આજે ભારતનો સમાજ બેશરમ ભ્રષ્ટાચારમાં સબડી રહ્યો છે. જરૂરી ચીજ-વસ્તુઓના અભાવ કરતાં પણ વધારે તો સાચા ભાવ અને ગુણોની અછતથી દેશ પીડાઈ રહ્યો છે. પૂ. મોટાએ આ સંજોગોને લક્ષમાં લઈ ભાવ અને ગુણના વિકાસ અર્થે લાખોનાં દાન આ દિશામાં વાળ્યાં છે. ગુણ અને ભાવની સાચા દિલથી કદર કરવાની નવી દિશા ખોલી છે. લોકોમાં સાહસ વધે, પરમાર્થ

---

* ગ્રીક ઇતિહાસકાર, ઈસવીસન પૂર્વે ૩૫૦ વર્ષ. ભારતની પ્રાચીન સંસ્કૃતિનું વર્ણન કરતાં 'ઈન્ડીકા' નામના પુસ્તકના લેખક

તરફ નજર વળે, લોકોમાં જીવનવિકાસ અર્થે ખમીર પ્રકટે, ઉત્સાહ વધે તે માટે ઊંચા પ્રકારનું પ્રોત્સાહન અને પ્રેરણા આપે એવી યોજનાઓ એકદમ આગવી અને અનોખી રીતે કરી બતાવી છે. પૂ. મોટાના આ સેવાકાર્યને સમાજ હજી પૂરી રીતે સમજી શક્યો નથી અને તેનું મહત્ત્વ સુયોગ્ય રીતે સમાજને સમજાયું નથી. હજી એવા સદ્ભાવી સજ્જનો પણ જોવા અને સાંભળવા મળે છે કે પૂ. મોટાને કેવળ આધ્યાત્મિક સાધનામાર્ગને બદલે 'સમાજને બેઠો કરવાનું આ શું ઘેલું લાગ્યું છે ?' સમાજને હજી તે ભાન પ્રકટ્યું નથી કે કેવળ આશ્રમો સ્થાપી, ધર્મગ્રંથોનાં પારાયણો અને જ્ઞાનસત્રો યોજી, મંદિરો અને ધર્મશાળાઓ બાંધી સમાજને સાચી રીતે જીવતો કરી શકાય તેમ નથી. આપણો સમાજ પડ્યો છે, કારણ કે આપણા સમાજના બ્રાહ્મણો અને સાધુસમાજ જૂના પ્રાણહીન બની ગયેલા માર્ગે જ જઈ રહ્યા છે.

## પૂ. મોટાના ગ્રંથોમાં આર્ષવાણી

જીવનના અંતકાળે તેઓએ જે કેટલાક ગ્રંથો 'શ્રીસદ્ગુરુ' 'કૃપા', 'જિજ્ઞાસા', 'નિમિત્ત', 'રાગદ્વેષ', 'સ્વાર્થ', 'મોહ', 'શ્રદ્ધા' વગેરે - લખ્યા છે, તે તેમની આર્ષવાણી છે. તે કોઈ વિચાર કે અભ્યાસનું પરિણામ નથી, પણ તેઓએ જે અનુભવ્યું છે, તે તાદૃશ વર્ણવ્યું છે. આ ચેતનમાંથી સ્ફુરેલી વાણી છે. જીવનના સાચા સાધકને જે કાળે જરૂર પડે ત્યારે જ તેની કિંમત અને તેના ઉપયોગનું સાચું ભાન થાય. જેમ આપણે જરૂર વિના જોડણીકોશ Dictionery વાંચવા બેસતાં નથી પણ માત્ર જ્યારે ખરેખર જરૂર ઊભી થાય ત્યારે જ તેને હાથમાં લઈએ છીએ, તેમ આધ્યાત્મિક સાધકના જીવનમાં જ્યારે જ્યારે અને જેમ જેમ જરૂર ઊભી થાય

ત્યારે જ તેની કિંમત અને તેનો સાચો ઉપયોગ સમજાય તેવા આ ગ્રંથો છે. તેમાં આધ્યાત્મિક જીવનવિજ્ઞાન ભર્યું પડ્યું છે. એક એક શ્લોકમાં અલૌકિક પ્રકાશ ભર્યો છે. ગ્રંથો આખરે તો આપણે જ્યારે વાસ્તવિક રીતે આધ્યાત્મિક સાધનાનો પ્રયોગ કરતાં હોઈએ ત્યારે આપણા અનુભવોના સમર્થન માટે જ ઉપયોગી નીવડે છે. નવલકથાની જેમ આવા ગ્રંથોનું વાંચન બહુ ઉપયોગી થતું નથી. અનુભવીઓએ તો એટલે સુધી કહ્યું છે કે 'पलालमिव धान्यार्थी त्यजेत् ग्रंथमशेषतः' એટલે ધાન્યનો અર્થી જેમ કુશકીને તજી દે છે, તેમ સાચા જ્ઞાનાર્થીએ ગ્રંથને સંપૂર્ણપણે તિલાંજલિ આપવી જોઈએ.

## પૂ. મોટાની દિવ્ય દૃષ્ટિ

પૂ. મોટાએ આપણા સમાજની તમામ ધાર્મિક વિધિઓના મર્મને પકડી સાદી ગુજરાતી ભાષામાં નવેસરથી આ વિધિઓની રીત શબ્દબદ્ધ કરી છે. લગ્ન, મકાનનું વાસ્તુ વગેરે વિધિઓ સાવ નવીન અને સરળ રીતે, તેના સાચા મર્મને સમજી શકાય તે રીતે તૈયાર કરી આપી છે. આ વિધિ પ્રમાણે આ ક્રિયાઓ કરવાનું સમાજને એક નવપ્રસ્થાન મળ્યું છે. પૂ. મોટાની આ પણ એક મહાન સમાજસેવા છે. પૂ. મોટા સિવાય અન્ય કોઈ આધ્યાત્મિક પુરુષે સમાજના આમૂલાગ્ર પરિવર્તનનો સક્રિય રીતે વિચાર કર્યો કે સાંભળ્યો નથી. ધર્મના સાચા વિશુદ્ધિકરણનું કામ જે શ્રી દયાનંદ સરસ્વતીએ કર્યું તેવું જ આધ્યાત્મિક સાધનાની નિર્ભ્રાંત બુદ્ધિગમ્યતાની બાબતમાં પૂ. મોટાએ અગ્રેસરનું કાર્ય કર્યું છે. એકાંતિક આધ્યાત્મિક સાધના માટે જેમ મૌનમંદિરોની વ્યવસ્થા કરી તેવી જ રીતે જનતામાં રહેલા

ગુણ અને ભાવરૂપ જનાર્દનની સેવા કરવાનું પણ કામ કર્યું. જીવનના ધર્મયુદ્ધમાં શ્રીકૃષ્ણની જેમ અસંગ અને અશસ્ત્ર રહી જનતાની સાથે જ સાદું જીવન જીવી સમાજને બેઠો કરવાની સાધનાનો ધર્મ બજાવ્યો છે.

પૂ. મોટાનાં જીવનદૃષ્ટિ, અહોનિશ જાગ્રત ચેતનાત્મક દશા, તેમનાં સંકલ્પની પ્રચંડતા અને અમોઘતા, તેમના સાહિત્યમાં પ્રકટેલું આલોકિત મૌલિક જ્ઞાન - વગેરે જોતાં પૂ. મોટા, ભારતમાં અને વિશ્વમાં પ્રકટેલા સંતોમાં શિરમોર સમા હતા. સમાજ સાથેની ચેતનાત્મક એકાત્મતા, કરુણા, સક્રિય સેવા પૂ. મોટાની વિરલ એવી વિભૂતિનું દર્શન કરાવે છે. નિઃશંક અને અતિશયોક્તિ વિના બિનઅંગત દૃષ્ટિએ જોતાં પૂ. મોટા, જગતના મહાન ગણાતા સંતો - રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, દયાનંદ આદિની પરંપરામાં સુયોગ્ય રીતે સ્થાન પામી શકે તેવા એક પરમ સંત હતા. આપણે સૌ કાળની દૃષ્ટિએ એટલાં બધાં એમની નજીક છીએ કે આપણને તેમના માહાત્મ્યનું સાચું ભાન થવું શક્ય નથી. આપણે માટે તો તેઓ એક અતિ નિકટના સાચા સ્વજન હતા. બાળક માતાનું માહાત્મ્ય કઈ રીતે બતાવી શકે ? મૂગા શેરડીની મીઠાશ કયા શબ્દોમાં વર્ણવી શકે ? શ્રીમદ્ શંકરાચાર્યે 'મા'ના સૌંદર્યનું વર્ણન કરતાં કહ્યું છે :

घृतक्षीरद्राक्षमधुमधुरिमा कैरपि वदै –
र्विशिष्यानाख्येय भवति रसनामात्र विषयः ।
तथा ते सौन्दर्यं परम शिवहड्मात्र विषयः
कथंकारं ब्रूमः सकलनिगमागोचर गुणे ॥

'ઘી, દૂધ, દ્રાક્ષ, મધની મીઠાશ કયા શબ્દોમાં વર્ણવી શકાય ?

જીભના અનુભવનો વિષય છે. તેવી રીતે હે મા ! તારું સૌંદર્ય માત્ર શિવની દૃષ્ટિનો વિષય છે. વેદોને પણ અગોચર એવું તારું સૌંદર્ય છે તે અમે તને કેવી રીતે કહી શકીએ ?'

## પૂ. મોટાનું લેખનકાર્ય

પૂ. મોટાના ગ્રંથો જીવનસાધનાના સાચા પથદર્શકો છે. જે પ્રત્યક્ષ સાધના કરે અને અનુભવે તેને જ તેના વાંચનથી ખરો લાભ પ્રાપ્ત થાય. પૂ. મોટાના આ ગ્રંથોનું સાચું મૂલ્યાંકન કાળે કરીને કોઈ કરશે અને થશે. આ ગ્રંથોનું મૂલ્યાંકન કરવાનું કહેવાતા સામાન્ય સાહિત્યકારોનું ગજું જ નથી. પૂ. મોટાએ સાહિત્યકાર બનવા માટે કશું લખ્યું નથી. કહેવાતા સાહિત્યકારોને તો કદાચ પૂ. મોટાના સાહિત્યમાં સાહિત્ય ન પણ દેખાય. પૂ. મોટાએ તો જીવનના વાસ્તવિક અનુભવોને જ વ્યક્ત કરતું સાહિત્ય લખ્યું છે અને તેઓ પોતે પણ તેને ઘણીવાર 'જોડકણાં' શબ્દથી ઓળખાવતા.

## પૂ. મોટાની વિશેષતા

પૂ. મોટાની મોટી વિશેષતા તો મને એ લાગી છે કે આ વિજ્ઞાનયુગમાં તેમણે શ્રદ્ધાના વિષયનું rationale શોધવા પ્રામાણિક પ્રયત્ન કર્યો છે. વિજ્ઞાનમાં જેમ કાર્ય-કારણ સંબંધથી બધું સંકળાયેલું સિદ્ધ કરી શકાય છે, તે જ રીતે અધ્યાત્મ જીવનનું પણ વિજ્ઞાન છે. તેમાં પણ બધું કાર્ય-કારણ સંબંધોથી સમજી શકાવું જોઈએ.

## પૂ. મોટા - એક અનોખા યોગી

આજે આપણા દેશનો સમાજ હતાશ, નિરાશ, નિરુત્સાહી અને સાહસહીન બની ગયો છે. આનું કારણ દેશમાં

ગુણ અને ભાવની સાચી કદરવૃત્તિ જ રહી નથી. શેક્સપિયરે સાચી રીતે કહ્યું છે, 'what a piece of work is man !' માણસ પ્રભુનું અદ્‌ભુત સર્જન છે ! જો આપણે ઊંડી રીતે જોઈએ તો માણસમાં કેવાં ઊંડાં પ્રબળ તાકાત અને ખમીર રહેલાં છે. હજારો ટન વજનને ઊંચકીને, સેંકડો માઈલો સુધી દોડતી ટ્રકો, મોટરો, રેલવેટ્રેનો, વિમાનો, સ્ટીમરો વગેરે શું નાનીસૂની સિદ્ધિ છે ? દૂરદર્શન, દૂરશ્રવણ, ચંદ્ર પર અને એવરેસ્ટનું આરોહણ, મહાસાગરોનાં ઊંડાણનું ખેડાણ, ઔષધોની શોધખોળ, અણુની પ્રચંડ શક્તિને મુક્ત કરવાની સિદ્ધિ વગેરે આખરે માનવ બુદ્ધિની જ સિદ્ધિ છેને ? આવા માનવ માટે આશા છોડી દેવી કેમ પાલવે ? પૂ. મોટાએ દેશના યુવાનોમાં સાહસવૃત્તિ વધે, પડકારો ઝીલવાનું ખમીર વધે તે માટે કદરદાનીની વૃત્તિને સજીવન કરી. તે માટે સમાજ પાસેથી દાનો મેળવ્યાં અને ગુણ અને ભાવની કદર લૂખા 'વાહ વાહ' શબ્દોમાં જ નહિ પણ કંઈક આજીવન સ્મૃતિ રહે તેવી મૂલ્યવાન કદર કરવાની યોજના કરી. તેઓશ્રીએ શરીરની હયાતી દરમિયાન લગભગ એક કરોડ રૂપિયાનું દાન મેળવ્યું અને સમાજહિતનાં કામોમાં તે પ્રયોજ્યું. આ ક્રાંતિકારી કામ છે. લોકો હજીયે મંદિરોમાં પૈસા ખરચે છે, સ્મારકો ઊભાં કરે છે અને ધનનો તેમાં ઉપયોગ કરે છે. પૂ. મોટાએ દાનના પ્રવાહને નવી જ દિશા આપી. સાધુસમાજને પણ પડકાર્યો કે હવેના સમયમાં જૂની ચીલેચલુ બાબતો ચાલી શકશે નહિ. હજારો અને લાખો માનવો અર્ધે પેટે ફૂટપાથ પર પડી રહે છે, તે એક દિવસ તમારાં વિશાળ મંદિરો અને મહાલયોનો કબજો લેશે

અને તમને જ બહાર રસ્તા પર રઝળતા કરી મૂકશે. સમયને સમજો અને સમાજને બેઠો કરવામાં સહાયભૂત થાઓ.

આજે આપણે જોઈએ છીએ કે અવારનવાર મંદિરોની મૂર્તિઓ અને તેનાં મૂલ્યવાન ઘરેણાં સાથે પૂજારી જ રફુચક્કર થઈ જાય છે. મોટાં મોટાં મંદિરોની વાર્ષિક આવક કરોડો રૂપિયાની હોય છે. આ કરોડો રૂપિયા માનવસમાજને  સુશિક્ષિત, સુદૃઢ બનાવવામાં કેમ વાળી ન શકાય ? માનવની સહનશક્તિની મર્યાદા આવી રહેશે ત્યારે મોટા મોટા મહાલયોમાં રહેતી એકલદોકલ વ્યક્તિને રસ્તા પર રહેનારાં સહન નહિ કરે અને મહાલયોનો કબજો લેશે. તે સમય દૂર નથી. આ માટે જ પૂ. મોટાએ આપણને સૌને ચેતવ્યા છે કે સ્વાર્થ સાથે પરમાર્થને ન ભૂલો, લોકોનાં સુખ દુઃખના ભાગીદાર બનો.

આપણને કલ્પના નથી આવી શકતી કે પૂ. મોટાને ખરેખર 'મોટા'રૂપે પ્રકટાવનાર પૂ. શ્રીઅવિનાશ બાલયોગીજી, પૂ. શ્રીકેશવાનંદ ધૂણીવાળાદાદા, પૂ. શ્રીઉપાસનીબાબા, કરાંચીમાં મળેલા સાધુ (શીરડીના સાંઈબાબા) વગેરે કઈ કોટિએ પહોંચેલા હશે ? કાશીમાં રાતે પૂ. મોટાને પડકારનાર સાધુ કોણ હશે ? કેવા હશે ? પૂ. મોટાએ તે સાધુની મના છતાં તે જ રાત્રે absolute નિરપેક્ષ બ્રહ્મનો અનુભવ કર્યો. આ બધાં બળોએ એકરૂપ બનીને પૂ. મોટાને મોટારૂપે પ્રકટાવ્યા. આ સાધુઓની મહાનતાની આપણને કલ્પના પણ આવવી મુશ્કેલ છે.

સૌથી વિશેષ મહત્ત્વ છે પૂ. મોટાને પ્રકટેલી આધ્યાત્મિક જીવનની સાચી ગરજનું. સૌ કોઈ કહે છે કે જ્યારે તમને સાચી ગરજ પ્રકટે ત્યારે ગુરુ સામેથી જ શોધતા આવે છે. પૂ.

મોટાને પણ દીક્ષા આપવા ગુરુ શોધતા આવ્યા. તેમને તમામ રીતે તૈયાર કરવા એક પછી એક મહાન ગુરુ મળતા જ રહ્યા.

પૂ. મોટાએ જે જે કઠોર તપશ્ચર્યાઓ કરી છે તે જોતાં પ્રીતમના ભજનમાં જે ભાવ છે તેનો ખ્યાલ આવે છે :

**‘હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને,**
**પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.’**

આ જ ગીતામાં સ્પષ્ટ રીતે કહ્યું છે, ‘હજારો સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે, પણ યત્ન કરનારાંઓમાં કોઈક જ મને તત્ત્વતઃ જાણે છે.’

આપણે સૌ સદ્‌ભાગી છીએ, કારણ કે આપણને અવસર મળ્યો છે. પ્રથમ તો અવસર આપ્યો આપણાં માતાપિતાએ કે જેમણે આપણને દેહ આપ્યો. આ દેહ વડે આપણે ધારીએ તે કરી શકીએ તેમ છીએ. દેવ પણ બની શકીએ અને દૈત્ય પણ બની શકીએ. બીજો ‘અવસર’ આપણને મળ્યો છે પૂ. મોટા જેવા એક મહાન સંતની સંનિધિ સેવવાનો. આ અવસર આપણને સૌને ઊંચે લઈ જવામાં ખરેખર ઉપયોગી થાય તેવી જ પૂ. મોટાને પ્રાર્થના !

પૂ. મોટા વિશે લખતાં અંત આવે જ નહિ. તે ખરેખર મોટા હતા. બળદ કેટલો મોટો છે એ પોતાનું પેટ ફુલાવીને બતાવવા જતાં દેડકીનું પેટ ફાટી પડેલું. પૂ. મોટાની મોટાઈને માપવાની ન હોય, તેનું મૂલ્યાંકન કરવાનું ન હોય. તેના ગુણગાન અને કીર્તન-સ્મરણ જ હોય !

ક્યાંક ભૂલચૂક કે અતિશયોક્તિ હશે તો પૂ. મોટા જરૂર માફ કરશે તેવી ખાતરી એમની પાસેથી મેળવી લીધા પછી જ

આ લખવાનું શરૂ કર્યું છે. ઘણો સંયમ રાખ્યો છે. દોષ હોય તો અલ્પોક્તિનો હશે, અતિશયોક્તિનો નહિ.

### પૂ. મોટા મા શા માટે ?

પૂ. મોટાનું સંતત્વ સમાજનાં સુખદુઃખથી અલિપ્ત ન હતું. પૂ. મોટા જેના જેના સંપર્કમાં આવ્યા તે પ્રત્યેકના સાચાં માબાપ, સખા, સ્વજન બનીને જીવ્યા છે. દરેક સ્વજનને જોઈ તેમનું હૃદય પ્રેમથી છલકાઈ જઈ ગંગોત્રી-જમનોત્રીરૂપે વહેવા લાગતું હતું. પૂ. મોટાના સ્વજનત્વને જેણે જીવનમાં પ્રત્યક્ષ અનુભવ્યું છે, તે જ જાણે છે કે આપણે આપણા લોહીના સગાંઓ સાથે પણ તેવો વાસ્તવિક, સક્રિય પ્રેમનો વ્યવહાર કરી શકતાં નથી. આવા સાચા સ્વજન મોટાને ખરેખર ‘મા’ કહેવાનું જ મન થાય. મા પણ આવો પાવક પ્રેમ આપી શકતી નથી. આથી જ લખાણનું શીર્ષક મેં **‘મોટા - મારી મા’** એવું આપ્યું છે. પૂ. મોટામાં આવા પ્રેમનો મને પ્રત્યક્ષ અનુભવ છે- એટલે તેવું કહેવામાં મને અતિશયોક્તિ નથી લાગતી.

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાની દૃષ્ટિ-સમાજને બેઠો કરવાની

પરમાર્થ એવો કરો કે જેથી સમાજ બેઠો થાય. સમાજ બેઠો થાય તેવી પ્રવૃત્તિની આજે જરૂર છે.

આપણા દેશમાં, આપણા સમાજમાં, મર્દાનગી, સાહસ, હિંમત એ નહિ હોય તો આપણો દેશ બેઠો કેવી રીતે થવાનો ? તમે ધર્માદો એવો કરો કે જેનાથી સમાજ બેઠો થાય. પરમાર્થ એવો હોવો જોઈએ કે સમાજની સમગ્રતાને સ્પર્શે.

સમાજમાં ગુણ અને ભાવનો દુકાળ પડ્યો છે. તે નિવારવા માટે પ્રયત્ન કરવો એ સમાજની સાચી સેવા છે.

લક્ષ્મીવાળા પાસે ગુણ અને ભાવ નહિ હોય તો એ સ્વચ્છંદી થઈ જશે. તો એ લક્ષ્મીનો દુરુપયોગ થવાનો છે. ગુણ અને ભાવ વિના ધર્મ ના સંભવી શકે.

પંચમહાભૂતોથી રચાયેલા સ્થૂળ શરીરનો નાશ થાય છે ત્યારે સૂક્ષ્મશરીર નીકળી જાય છે, તેની સાથે ગુણ અને ભાવ બીજા જન્મમાં પણ જાય છે. તેથી, ગુણભાવ વિકાસની પ્રવૃત્તિઓનું દાન જ સાચું શ્રેષ્ઠ દાન છે.

મૌન, એકાંત, અભય અને નમ્રતાથી ભગવાન પરત્વેની અભિમુખતા પ્રગટે છે, અંતર્મુખતા પ્રગટે છે, અને આ ચાર સાધનોથી ગુણભાવના પ્રગટે છે.

આજે દેશમાં ધર્મ જીવંત નથી. જો તે જીવંત હોય તો લોકોમાં દેશદાઝ, શૌર્ય, સહિષ્ણુતા, પ્રામાણિકતા, ત્યાગ, સંપ, સાહસ, એકતા, લાગણી-ભાવ વગેરે દેખાત. સમાજમાં ગુણ અને ભાવના પ્રગટ્યા વિના ધર્મ ટકશે નહિ.

મૌલિક કામો જ કરવાં. અનુભવી હંમેશાં મૌલિક કામો જ કરે. ચીલેચલુ નથી રહેતો પણ અત્યારે બધું એમ જ ચીલેચલુ જ છે - તો પછી સમાજ કેવી રીતે ઊઠે ? - શ્રીમોટા

**(પૂ. મોટાના સાહિત્યમાંથી સંકલન)**

# જગજ્જનનીને

**(શિખરિણી-મંદાક્રાંતા)**

*અમારે ક્ષેત્રો જો મન હૃદ વિશે ના ખૂંપ્યાં હોય પૂરાં,*
*અમોને ગોદાટી હૃદય કરતી તું રહેજે સદા, મા.*
*અમે જો હારેલા કંઈક વિષયે લાગતા હોઈએ મા !*
*અમારે પક્ષે તું ઝડપ દઈને આવી ઊભી થજે, મા !*

*ભરી દેજે મા ! તું અમ હૃદયમાં ખંત, ઉત્સાહ, જોમ,*
*વહેવા દેજે મા ! તુજ હૃદયની શક્તિ સૌ રોમરોમ.*
*દઢાવી દે પાકું અમ જીવનનું ધ્યેય તારામહીં મા !*
*બધું રાગે પાડી ઠીક-અઠીકની તું કરી દે વ્યવસ્થા.*

*પથે નિર્ધારેલા તુજ મદદથી પહોંચવું ત્યાં રહ્યું મા !*
*અમોને તો તારો ખપ ઘડી ઘડી લાગવાનો ઊંડો, મા !*
*વિના તારી સ્હાયે સ્થળ પર જઈ પ્હોંચવું હેમક્ષેમ,*
*ચઢે પંગુ ટોચે કદી, પણ થવું કાર્ય તે શક્ય ના, મા !*

*મને બોલાવી લો તમ નયનના પ્રેમભીના ઈશારે,*
*મને મોહાવી દો ચરણ કમળે ભાવના મુગ્ધ ભાવે.*
*હવે તો મારું સૌ કંઈ પણ થવું યોગ્ય જે હો બધું મા !*
*તમોને સોંપ્યું છે, રહમ કરતાં નિત્ય રે'જો હૃદે, મા !*

'જીવન પાથેય', પ્ર. આ., પૃ. ૧-૨ **-શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. ‘મનને’ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું ‘ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ’ અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

-**શ્રીમોટા**

# આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | | |
|---|---|---|
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. | નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. | ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. | જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. | જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. | જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. | જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. | જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. | પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. | મોહ | ૧૯૭૩ |
| ૩૬. | કૃપા | ૧૯૭૩ |
| ૩૭. | સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. | શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. | કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. | જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. | જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. | જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. | જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. | ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. | ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. | ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. | ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. | ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. | જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. | જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. | મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહ્ દય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

●

## જીવનકવન

| **નં.** | **પુસ્તક** | **પ્ર.આ.** |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| **નં.** | **પુસ્તક** | **પ્ર.આ.** |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના **મોટા** | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवान के अनुभव का स्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## English books available at Hariom Ashram Surat.
## January - 2020


| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |

●

॥ હરિ:ૐ ॥



પૂજ્ય શ્રીમોટા સાથે
શ્રી ઇંદ્રવદન શૅરદલાલ તથા તેમનાં ધર્મ પત્ની શ્રીમતી જયશ્રીબહેન



પૂજ્ય શ્રીમોટા સાથે
શ્રી ઇંદ્રવદન શૅરદલાલનાં બન્ને બાળકો ચિ. હરિ અને ચિ. ભગીરથ

મારે ઊંડા વિશ્વાસપૂર્વક કહેવું છે કે પૂજ્ય મોટાએ શરીર છોડ્યું છે, સ્વજનોને છોડ્યાં નથી. તેઓ હજી આપણી સાથે જ છે, આપણાં પ્રત્યેક ચેષ્ટાને, વૃત્તિને, ભાવને અનુભવે છે અને આપણને ખરેખર શ્રેયને માર્ગે દોરી રહ્યા છે. પૂજ્ય મોટા શરીરથી ગયા છે પણ તેઓ હજી પણ ચેતનરૂપે ખરેખર આપણી સાથે જ છે. આ શબ્દો કેવળ ભક્તિભાવ દર્શાવવા હું લખતો નથી, પણ જે એક નરી વાસ્તવિકતા છે, તેને જ નમ્રપણે પ્રકટ કરું છું. આપણા જીવનમાં, મનમાં, હૃદયમાં શું ચાલે છે, તે તેઓ પ્રત્યક્ષ જુએ છે અને જાણે છે. તેઓ હજી પણ છે જ. આ બાબતમાં ગફલતમાં રહેવું આપણે માટે યોગ્ય નથી.

- પ્રતાપભાઈ ઉપાધ્યાય

'મોટા - મારી મા', ચોથી આવૃત્તિ, પૃ. ૫૧

કિંમત : રૂ. ૨૦/-